

# શ્રી નરનારાયણાષ્ટકમ્

અવતીર્ય નિજાક્ષરાત્પરાદિહ મૂર્ત્યા બદરીવને સ્થિતઃ ।
ભુવિભારતજીવશર્મણે નરનારાયણદેવ પાહિમામ્ ॥૧॥
યદુપર્યભવત્કૃપા તવ સ નરો દ્રષ્ટુમિહાર્હતિક્ષણમ્ ।
ન પરઃ સુરસત્તમોઽન્યથા નરનારાયણદેવ પાહિમામ્ ॥૨॥
પ્રથિતં ચ બ્રહદ્વ્રતં ત્વયા જનતાયા નિજધામલબ્ધયે ।
અવબોધનમુત્તમં ભુવિ નરનારાયણદેવ પાહિમામ્ ॥૩॥
જગતો જનનં હિ પાલનં પ્રલયં ચાપિકરોષિ નિત્યદા ।
રજસા તમસા ચ સત્વતો નરનારાયણદેવ પાહિમામ્ ॥૪॥
ઋષિ રૂપધરં તપશ્ચરં હ્યવમન્યેત કદાપિ કશ્ચન ।
સ ભવેત્સતતં ચ નારકી નરનારાયણદેવ પાહિમામ્ ॥૫॥
તવ મૂર્તિરિયં સુખાપ્તયે જનતાયાઃ કિલ તાપશાન્તયે ।
મરણસ્ય જયાય નિત્યદા નરનારાયણદેવ પાહિમામ્ ॥૬॥
જગદન્યતનૂસ્તથાવિતું ધરસિ ત્વં ચ યુગેયુગેઽધ્યવૈ ।
હરિકૃષ્ણ તનુસ્ત્વયાધૃતા નરનારાયણદેવ પાહિમામ્ ॥૭॥
વિધિશંભુમુખામરવ્રજશ્ચરણૌતે સતતં સમર્ચતિ ।
પરમાદરતશ્ચ ચિંતતિ નરનારાયણદેવ પાહિમામ્ ॥૮॥

## 1 આરતી

# જય સદ્ગુરુ સ્વામી

### સ. ગુ. મુક્તાનંદ સ્વામી રચીત.

જય સદ્ગુરુ સ્વામી જય સદ્ગુરુ સ્વામી,
સહજાનંદ દયાળુ,(૨) બળવંત બહુ નામી. જય. ૧
ચરણ સરોજ તમારાં વંદુ કરજોડી,
ચરણે ચિત્ત ધર્યાથી (૨) દુઃખ નાખ્યાં તોડી. જય. ૨
નારાયણ નર ભ્રાતા દ્વિજ કુળ તનુ ધારી,
પામર પતીત ઉદ્ધાર્યા (૨) અગણીત નર નારી.જય. ૩
નિત્ય નિત્ય નૌત્તમલીલા, કરતાં અવિનાશી,
અડસઠ તીરથ ચરણે (૨) કોટી ગયા કાશી.જય. ૪
પુરુષોત્તમ પ્રગટનું જે દર્શન કરશે,
કાળ કર્મથી છૂટી (૨) કુટુંબ સહિત તરશે. જય. ૫
આ અવસર કરુણાનિધિ,કરુણા બહુ કીધી,
મુક્તાનંદ કહે મુક્તિ(૨) સુગમ કરી સીધી. જય. ૬

આ આરતી છે, આર્તનાદ થી પરમાત્માને પુકારવામાં આવે ત્યારે તે ભક્તના ભાવને જોઈને પ્રભુ તત્કાળ ભક્તની વહારે દોડીને આવે છે. હૃદયમાંથી આર્તનાદ તો ત્યારે જ છુટે જ્યારે પૂર્ણ રુપે પરમાત્માના સ્વરુપમાં દૃઢ નિષ્ઠા સાથે સમર્પિત થઈ જવાનો નિશ્ચય નિષ્કપટ ભાવથી જાગૃત થાય છે. તેને જ આર્તનાદ કહેવાય છે. તેમાં પણ જ્યારે અતિશયતાની સાથે અનન્યાશ્રયતા ભળે છે, ત્યારે આપણે તેને આરતી ના નામથી ઓળખીએ છીએ. તેમાં કંઈક એવો જ ભાવાભિવ્યક્ત થાય છે. સ.ગુ. મુક્તાનંદ સ્વામીને જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે સમાધી પ્રકરણ ચલાવ્યાના સમાચાર મળ્યા ત્યારે મનમાં મુંજવણ થઈ કે આવું રામાનંદ સ્વામીએ પણ ક્યારેય કર્યું નથી અને આ તેમના સ્થાને વિરાજમાન થઈને સહજાનંદ સ્વામી આ શુ ? કરવા માંડ્યા છે. પણ ગુરૂજેમને મુક્તાનંદ મુનિ સાક્ષાત શ્રીકૃષ્ણનો અવતાર જ માનતા હતા અને તેઓ શ્રીની આજ્ઞા

# 1 AARTI

## JAY SADGURU SWAMI

### Sad Guru Muktanand Swami

**Jay Sadguru Swami Jay Sadguru Swami**

**Sahjanand Dayalu, (2) Balvant Bahunami, Jay. Dev (2)…1**

**Charansaroj Tamara Vandu Kar Jodi;**

**Charane Sish Dharyathi, (2) Dukh Nakhya Todi.. Jay. Dev (2…2**

**Narayan Narbhrata Dwijkul Tanudhari;**

**Pamar Patit Udharya, (2) Aganit Narnari.. Jay. Dev (2) …4**

**Purushottam Paragatnu Je Darshan Karse**

**Kal Karamthi Chhuti, (2) Kutum Sahit Tarase.. Jay. Dev(2)…5**

**Aa Avsar Karunanidhi, Karuna Bahu Kidhi;**

**Muktanand Kahe Mukti (2) Sugam Kari Sidhi.. Jay. Dev (2…6**

This is the Aarti. When a devotee sings this Aarti with true emotion, heart and just to praise the Almighty, Bhagwan truly listens and comes running to aid the devotee. However, this Aarti must be sung with the conviction that you are praying to the Almighty who is always in His unequivocally great and glorious form, and it must be sung with the most selfless of intentions without any treachery or malice in the heart of the devotee and only then will Lord Swaminarayan listen to the devotee's prayers.

When Muktanand Swami received the news about the Samadhi Prakran and how Swaminarayan Bhagwan was putting people into Samadhi so easily, Muktanand Swami started thinking that when Ramanand Swami was the Guru and the Acharya of the Sampradaya, He never sent people into Samadhi in the way that Swaminarayan Bhagwan was doing so and so

છે, કે આ સહજાનંદ સ્વામી મારા સ્થાને છે. તેથી તેઓ ગુરૂસ્થાને વિરાજમાન છે. પણ આ સંપ્રદાયની રીત નથી તેમ જાણ તો કરવી જ પડશે, તેવું સમજીને કચ્છભૂજ થી આવ્યા અને શ્રીહરિને મળીને નારાજગી બતાવી શ્રીહરિએ પણ તેમનું માન રાખ્યું. પરન્તુ મુક્તાનંદ સ્વામી જેવા સમર્થ સંતને પોતાના સર્વોપરિ જ્ઞાનથી ક્યાં સુધી અજાણ રાખવા આમ વિચારિને એક દિવસ તેમનો ભ્રમ નિવારણ કરવાનો નિર્ણય કર્યો વિક્રમ સંવત ૧૮૫૯ ના કાર્તક સુદ ૧૦ ને તા. ૫ સપ્ટેમ્બર ૧૮૦૨ ને શુક્રવારના રોજ નિત્ય ક્રમ પ્રમાણેસૌ સંતો અને શ્રી હરિ પણ કાલવાણી ગામમાં સ્નાન ના નિમિત્તે નદિ કીનારે પધાર્યા જંગલમાં સ.ગુ. મુક્તાનંદ મુનિને ઉદ્ધાવાવતાર રામાનંદ સ્વાામીએ દિવ્ય દર્શન આપીને આ સહજાનંદ સ્વામી એતો સાક્ષાત પૂર્ણ પુરૂષોત્તમનારાયણ છે.અને હું જે તમને સૌ ને કહેતે હતા કે હું તો ડુગ ડુગી વગાડનાર છું ખરો ખેલ ભજવનાર તો આવવાના છે,તે આ જ સાક્ષાત શ્રીહરિ સહજાનંદ સ્વામી શ્રીસ્વામિનારાયણ ભગવાન સર્વ અવતારના અવતારી છે. ગુરૂના વચનથી મનમાં જે સંશય હતો તે નાશ પામી ગયો અને હવે તો સાક્ષાત પ્રગટ ભગવાનનો આશ્રય પ્રાપ્ત થયો છે, હવે કોઈ વાતની ખામી નથી રહી એવા પૂર્ણ વિશ્વાસ સાથે તે ભગવાન શ્રીહરિના શરણોમાં આત્મ સમર્પણ કરી દેવાને સંપૂર્ણ નિષ્ઠા પૂર્વક તૈયાર થયા ત્યારે મુક્તાનંદ મુનિ ના કવિ હૃદયમાં થી જે આજ સુધી સંશય રૂપ અપરાધ કર્યો તેના નિવારણ માટે ના જે શબ્દો નિશ્રી પડ્યા તેનાથી જગતના કેટલાય જીવો આજ પણ સંપ્રદાયમાં પરબ્રહ્મ પરમાત્મા સર્વાવતારી પૂર્ણપુરૂષોત્તમ સર્વોપરિ ભગવાન શ્રીસ્વામિનારાયણની આર્તનાદથી પ્રાર્થના કરે છે. અને અક્ષર ધામને પ્રાપ્ત કરે છે, તેવા અદ્‌ભૂત શબ્દોના ભાવને જાણવાનો પ્રયત્ન કરીએ.

જય સદ્‌ગુરૂસ્વામી, જય સદ્‌ગુરૂસ્વામી. :- અર્થ ત્રીકાળાબાધીત સદા સત્ય ( ત્રણેય કાળમાં) એક સરખું જેનું સ્વરૂપ રહે છે. સદા ભૂત ભવિષ્ય ને વર્તામાનમાં મન બુદ્ધિ અને વાણી એક સરખા રહે, તેને કહેવાય સત્ય અર્થાત સત્ તેમાં ગુરૂઅજ્ઞાન રૂપ તિમારંધકારમાં થી જ્ઞાન રૂપી

Muktanand Swami became concerned as to why Swaminarayan Bhagwan began this new practice. Muktanand Swami considered his Guru, Ramanand Swami, to be an incarnation of Lord Shree Krishna, and Ramanand Swami ordered all the devotees of the Uddhav Sampradaya to follow Swaminarayan Bhagwan as their Guru and the Acharya of the Uddhav Sampradaya as Swaminarayan Bhagwan is the successor of Ramanand Swami. Nevertheless, Muktanand Swami wanted to let Swaminarayan Bhagwan know that he was uncomfortable with the way that Bhagwan was sending everyone into a trance so easily. Swaminarayan Bhagwan had the utmost respect for Muktanand Swami and the guidance Swamiji gave, but Bhagwan realized Muktanand Swami would only understand what Sahajanand Swami was doing when Swamiji understands who Swaminarayan Bhagwan really is.

On Kartik Sud 10 of V.S. 1859 (Friday, September 5, 1802) Maharaj and the Santo had gone to the river in Kalvani to take their daily bath. During all of this, Ramanand Swami appeared in his divine form in front of and gave darshan to Muktanand Swami, and Ramanand Swami reminded Muktanand Swami of something that Ramanand Swami used to say. Ramanand Swami said, “Your new guru, who you all know as Sahajanand Swami, is actually the Supreme Almighty. Remember that I used to tell you all that I am just the drummer of the band, but the lead singer has yet to come. Well! I was talking about Sahajanand Swami; He truly is the incarnation of all incarnations. After receiving this last sermon from Guru Ramanand Swami, Muktanand Swami forgot all his doubts about whomSwaminarayan Bhagwan was and he resolutely made up his mind that Swaminarayan Bhagwan was truly the Supreme Almighty and on that very day with true conviction that Swaminarayan Bhagwan is God he sang the Aarti for the very first time.

પ્રકાશમાં લઈ જાય તે ગુરૂજગતની માયામાંથી છોડાવીને પરમાત્માની સાથે ભેટો કરાવે ત્યારે જીવના હૃદયમાં થી અજ્ઞાન નાશ પામે છે. જ્ઞાન રૂપી પ્રકાશ માત્રને માત્ર પરમાત્મા સિવાય બીજે ક્યાંય નથી, પોતાનામાં જોડાવાથી જીવનું અજ્ઞાન ટળતું નથી. કારણ કે પોતામાં જ જ્ઞાન રૂપી પ્રકાશ નથી તે બીજાને શું ? પ્રકાશ આપશે.માટે ભગવાન સિવાય જીવના ગુરૂ થવાની કોઈનેય યોગ્યતા નથી. એટલા માટે મુક્તાનંદ સ્વામી શ્રીહરિને ઉપમાં આપે છે, સદ્‌ગુરૂતમારી સર્વત્ર જય થાય છે કેમકે તમે તો જીવ પ્રાણી માત્રના અને મારા આત્માના સ્વામી છો, માલીક છો, કર્તા હર્તા છો, અન્તર્યામી છો. અનંત કોટી બ્રહ્માંડોના અધિપતિ છો. છતાં દયળુ તો કેવા છો, સહજ માત્રમાં કોઈ પણ જીવ આપનું સ્મરણ કરે કે નામ બોલવા માત્રમાં આપ તેને મોટા મોટા યોગીઓ ને પણ જે સ્વપ્રમાં પણ સમાધી ની સિદ્ધિ ન મળે તે સાધારણ જીવને તમો તત્કાળ બ્રહ્માનંદ ના આનંદનો આસ્વાદ દયા કરીને આપો છો. સહજ સ્વાભાવિક પણે આપના સ્વરૂપમાં દયાનો ભંડાર ભરેલો છે. મહાબળવાન તમારી માયા જેના પારને પામવા માટે મોટા મોટા જ્ઞાની યોગી અને તપસ્વીઓ પણ તરી નથી શકતા તે માયાને તો જે તમારા શરણે આવી ને તમારા અનંત નામોમાં થી એક પણ નામનું ઉચ્ચારણ કરવા માત્રથી તેનાથી તમો તત્કાળ રક્ષા કરો છો એવા તમારા નામ બળશાળી છે અને તેવા નામો બહુજ પ્રકારના છે. ૧

એટલા માટે હે સ્વામી હું મુક્તાનંદ તમારા કમળ જેવા કોમળ ચરણો માં બે હાથ જોડીને વંદન કરૂઁછું.નમસ્કાર કરૂઁછું. કારણ કે તમારા ચરણોમાં ચિત્ત ધરવા માત્ર થી શિષ નમાવવા માત્રથી દુઃખ માત્ર નો નાશ થાય છે. ૨

હે પ્રભુ તમો તો સાક્ષાત નારાયણ છો, શાસ્ત્રોમાં નારાયણ તો વૈકુંઠપતિ લક્ષ્મીનારાયણ, શ્વેતદ્વિપપતિ વાસુદેવનારાયણ અને વિરાટનારાયણ એવા અનેક નામોથી પ્રસિદ્ધ છો પરંતુ મુક્તાનંદ સ્વામી આ પ્રકારે સર્વત્ર પ્રસિદ્ધ પરમાત્મા નારાયણમાંથી તમો તો સાક્ષાત જગતના હિત માટે બદ્રીકાશ્રમ ધામમાં સદા તપઃ પરાયણ એવા ભગવાન નર ઋષિના મોટા

The meaning of the Aarti is as follows:

*Jay Sadaguru Swami, Prabhu Jay Sadaguru Swami*

Swaminarayan Bhagwan's divine form is unremitting through the past, present, and future. He uncovers our ignorance and sheds the light of knowledge upon us, and so He is also our Guru. True knowledge can only be obtained by the grace of Bhagwan, and therefore, only Bhagwan can guide the soul to salvation as that soul's Guru. This is why Muktanand Swami hails undisputed victory to Lord ShreeSwaminarayan, the Lord of all of creation.

*Sahajanand Dayalu, Balawant Bahunami*

Even with His infinite power, Swaminarayan Bhagwan is so merciful that He so easily graces those who chant His holy name with the divine happiness of his divine form. The Maya, or illusion, that in which He created this universe is so strong that yogis, who have performed the most austere of penance, have not been able to overcome this illusion. But, He is so much stronger than this illusion that he so easily helps His devotees overcome the illusions when they just simply chant His name, and He has many such names.

*Charan saroj tamaara vandu kar jodi,*
*Charane sheesh dharyaathi, dukh naakhya todi*

Oh Lord! I bow down to Your lotus-feet because by simply placing my head at Your lotus-feet, all of my sorrows disappear.

*Narayan Nar Bhraata Dvij kul tanu dhaari,*
*Paamar patit uddhaarya, aganit nar naari*

Dear Lord! You are Narayan, Himself. The scriptures declare that You reside in Vaikunth in the form of LakshmiNarayan, in Shwetdeep in the form of Vasudev Narayan, in the form of Virat Narayan, and others, but, You are also forever performing austere penance in Badrikashram for the welfare of the universe as Bhagwan Narayan, the older brother

ભાઈ નારાયણ ઋષિ છો. તે તમો એ પવિત્ર સર્યુપારિ બ્રહ્મણ કુળ ધર્મદેવના પુત્રરૂપે મનુષ્ય શરીર ધારણ કર્યું છે. જગતના અતિ પામર અને સ્વધર્મથી પતિત એવા મનુષ્ય માત્રનો ઉદ્ધાર કર્યો છે. જેમાં અસંખ્ય સ્ત્રી અને પુરૂષો આપના દર્શન માત્રથી તરી ગયા છે. ૩

પ્રતિદિન રોજે રોજ ભક્તોના સુખ માટે નવિન નવિન લીલાઓને કરીને પોતાના ભક્તોના ચિત્તને અવિનાશી એવા તમારા સ્વરૂપમાં જોડો છો. જેનાથી જીવ માત્રને બ્રહ્માનંદના આનંદનો અનુભવ થાય છે. તેથી વિષય સુખમાં થી વૈરાગ્ય પામીને મોક્ષને અર્થાત અવિનાશી સુખને પ્રાપ્ત કરે છે.એવા તમારા ચરણે જે આવે છે તેને કોઈ કરોડ ગયાજીની કે કરોડ વખત કાશીની યાત્રા કરે કે અગ્નિપુરાણમાં કહેલ ૬૮ અડસઠ તીર્થોની યાત્રા કરે અને જે પુણ્ય પ્રાપ્ત થાય છે તે તમારા ચરણ સ્પર્શ માત્રથી પ્રાપ્ત થાય છે.૪

પ્રગટ પુરૂષોત્તનારાયણ એવા તમારૂજે કોઈ જીવને દર્શન થશે કે સ્મરણ કરશે તે જીવ કાળ કર્મ અને માયા ના બંધનથી છુટી કુટુંબ પરિવાર સહિત સંસાર સાગરને તરીને મોક્ષને પ્રાપ્ત કરશે તમારા દિવ્ય ધામનો અધિકારી બનશે.૫

આ ભયાનક કળીકાળમાં આ વખતે અતિ કરૂણાના સાગર એવા તમોએ અતિ કરૂણા કરીને અપાર દયા કરી છે જીવ ઉપર એવું આ મુક્તાનંદ જગતને જણાવતાં કહે છે કે જો મુક્તિને (મોક્ષ) ને સરળતા થી પ્રાપ્ત કરવો હોય તો આવો અવસર ફરી વખત મળશે નહી. ૬

## 2 સંધ્યા આરતી

## આરતી પ્રગટ પ્રભુજીકી

### સ. ગુ. બ્રહ્માનંદ સ્વામી

**આરતી પ્રગટ પ્રભુજીકી કીજે,**
**ચરણ કમળ લખી અંતર લીજે. આરતી. ૧**
**સનકાદિક નારદ ત્રિપુરારિ,**
**વિમળ નામ રટે વારંવારી. આરતી. ૨**

of Nar Bhagwan. You graced this earth by taking birth into the pious Saryupaareen Brahmin family ofShree Dharmadev, and by doing so; you have led countless souls to salvation just by giving them darshan.

*Nitya NityanautamleelakartaAvinashi,*
*Adsathteerathcharane, koti GayaaKashi*

You always do things to make your devotees happy, and by doing so, You captivate Your devotees with Your divine and indestructible form, from which Your devotees achieve divine happiness. Furthermore, simply bowing down to and touching Your lotus feet is equivalent to making countless pilgrimages to Gayaa, Kashi, and the 68 holy places listed in the Agni Puran.

*Purushottam Pragat nu je darshan karshe*
*Kaalkaramthichooti, kutumbsahittarshe*

Whosoever does darshan of Your divine and ever-present form will be free from the cycle of life and death and the illusion of the world, and along with their families, will attain salvation and a place in Your divine abode, Akshardham.

*Aaavasarkarunaneedhi, karunabahukeedhi,*
*Muktanand kahemukti, sugamkariseedhi*

Muktanand Swami rejoices in the fact that during this era of Kaliyug, You, the treasure of mercy, are so merciful that You have made it so very easy to attain salvation and that this chance might never come again.

## 2 SANDHYA AARTI

## AARTI PRAGAT PRABUKI

**Sad Guru Brahmanand Swami**

**Aarti Pragat Prabhujiki Kije,**
**Charan Kamal lakhi antar lije. Aarti. 1**
**Sanakadik narad tripurari,**
**Vimal nam rate varamvari. Aarti. 2**

**અનંત કોટી ભુવનેશ ભવાની,**

**સબ વિધિ મહિમા શકત નહિ જાની. આરતી. ૩**

**ધરત ધ્યાન દ્દઢ યોગી મુનિશ્વર,**

**શેષ સહસ્ત્રમુખ રટત નિરંતર. આરતી. ૪**

**નર નાટક ક્ષર અક્ષર ન્યારા,**

**પુરુષોત્તમ પૂરણ જન પ્યારા. આરતી. ૫**

**નૌત્તમ રુપ અકળ છબી ન્યારી,**

**બ્રહ્માનંદ જાવત બલીહારી. આરતી. ૬**

સંધ્યા સમયે જે પ્રાર્થના કરવામાં આવે તેનું મહત્ત્વ કંઈક જુદા જ પ્રકારનું છે. એટલા માટે જ શ્રીહરિએ શિક્ષાપત્રી જેવા પોતાના હાર્દ અભિપ્રાયને વ્યક્ત કરતાં મહા ગ્રન્થમાં પણ સ્પષ્ટ આજ્ઞા કરી છે કે આશ્રિત માત્રએ સંધ્યા સમયે ભગવાનના મંદિરમાં અવશ્ય જવું. ભગવન્મંદિરં સર્વૈઃ સાયં ગન્તવ્યમન્વહમ્ । ૬૩. આ આજ્ઞા પ્રમાણેબાઈઓ અને ભાઈઓ એ અવશ્ય પણે સંધ્ય સમયે ભગવાનના મંદિરમાં જઈને પ્રભુની સ્તુતિ પ્રાર્થના કરવાની આજ્ઞા છે. સાથે સાથે નામ સંકીર્તન કરવાનું છે. સંધ્યા સમયે જે આર્તનાદથી આત્મસમર્પણ સાથે જે સ્તુતિ કરવાની છે તેનો પ્રકાર જુદા પ્રકારનો છે. કારણ કે શાસ્ત્રોમાં વર્ણન આવે છે કે સંધ્યા સમયે આસુરી તત્ત્વોનું બળ વધતું હોય છે. જેથી માનવના માનસમાં રજોગુણ અને તમોગુણનું પ્રધાન પણું થઈ જાય છે. રજોગુણ અને તમોગુણના પ્રભાવને ઓછો કરીને શુદ્ધ સત્ત્વગુણની વૃદ્ધિ કરે એવી પ્રાર્થના પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીસ્વામિનારાયણને કરવાની છે.તેથી કરીને રજોગુણના કારણભૂત એવા કામને જીતવાનો છે. અને કામને જીતવા માટે શાસ્ત્રના વચન પ્રમાણેકોઈ અનુભવી પાસેથી આ વિદ્યા શિખવી પડે. આ વિદ્યાના જાણકાર જેમને સ્વયં ભગવાન શ્રીસ્વામિનારાયણે યતી ની ઉપમા આપી છે એવા બ્રહ્માનંદ સ્વામી સિવાય બીજા કોણ મળી શકે તેમ છે. એટલા માટે જ શ્રીહરિએ સંપ્રદાયના આશ્રિત માત્રને સંધ્યા સમયે ગાવા માટે ની આરતીના પદ ની રચના કરવાની આજ્ઞા કરી અને બ્રહ્માનંદ સ્વામીએ આજ્ઞા

**Annat koti bhuvanesh bhvani,**

**Sab vidh mahima shakat nahi jani. Aarti. 3**

**Dharat dhyan dradh yog munishvar,**

**Shesh sahstra mukh ratat niranatr. Aarti. 4**

**Nar natak khsar Akshar nyara,**

**Purushottam puran jan pyara. Aarti. 5**

**Nautam roop akal chhabi nyari,**

**Brahmanand javat balihari. Aarti. 6**

Understanding the greatness of why evening prayers have to be performed is unique and difficult to contemplate. That is why Lord Swaminarayan has commanded in the Shikshapatri verse 63. My devotees should go to the Temple every day during the evening to do darshan and perform Aarti and prayers. Devotees must also sing hymns and chant the Swaminarayan Mahamantra. Performing prayers during the evening is different from performing prayers in the morning because the morning is considered to be pure and auspicious, whereas, during the evening, as described by the Scriptures, the atmosphere is filled with inauspicious elements, and so people must perform a prayer that helps them overcome these inauspicious elements and praise God. For this reason, Bhagwan Swaminarayan ordered Brahmanand Swami to create an Aarti that would help Bhagwan's devotees to pray properly to God, and this is when Brahmanand Swami wrote the Sandhya Aarti. Maharaj has ordered His devotees that when they go in front of a Bhagwan's Idol to pray, they shall not perceive the Idol as just an idol made of metal, but rather, that the Idol is Swaminarayan Bhagwan, Himself, and this is what Brahmanand Swami teaches us through the **Sandhya Aarti.**

*Aarti Pragat Prabhuji ki keeje,*

*Charan kamal lakhi antar leeje*

પ્રમાણેજ સંધ્યા સમયે આરતી ઉતારવાના સમયે ગાવા યોગ્ય પદની રચના કરી જે સંભળીને શ્રીહરિએ સંતો ભક્તોને સદા આ પદ ગાઈને જ સંધ્યા આરતી કરવાની આજ્ઞા કરી છે.

પરમાત્માની મૂર્તિ સન્મુખ જઈને ઉભારહીએ ત્યારે આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણની આજ્ઞા છે કે તે મૂર્તિ ને ધાતુ કે પાષાણની મૂર્તિ ન માનવી પરંતુ તેમાં સાક્ષાત મારા ઈષ્ટ દેવ મૂર્તિમાન વિરાજમાન છે, તેમ જાણીને દર્શન વંદન કરવા,મૂર્તિમાં સાક્ષાત પ્રગટ ભાવ રાખીને આરતી સદા કરવાની છે, તેથી બ્રહ્માનંદ સ્વામી લખે છે. - -

આરતી પ્રગટ પ્રભુજીકી કીજે. હે જીવ સામે પ્રત્યક્ષ વિરાજમાન પરબ્રહ્મપરમાત્મા ભગવાન શ્રીસ્વામિનારાયણના ચરણ કમલને તારા અંતરમાં ધારણ કરીલે અને એવા ધારણ કર કે જેમ લખાયેલ લખાણ સદા રહે છે તેમ તારા અંતઃકરમમાં પ્રભુના કમલ જેવ કોમળ ચરણને ધારણ કરી રાખ. ૧

જે ચરણાર્વિંદને મોટા મોટા સનકાદિક અને નારદજી જેવા મહાન ઋષિમુનિઓ તેમજ ત્રિપુરારિ ભગવાન શિવ સદા ધારણ કરીને તે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણના મયાના દોષથી રહીત એવા વિમલ નામોનું સદા વારંમવાર રટણ અને સ્મરણ કરે છે. ૨

જે પરમાત્માના મહાન મહિમાને કરોડો બ્રહ્માંડોના ઈશ્વરો અને સાક્ષાત ભવાની શારદા દેવી પણ પૂરે પુરા મહિમાને જાણી શકવા સમર્થ નથી એવા પ્રભુ પ્રગટ વિરાજનામ છે.અને તે આ જીવને મળ્યા છે. ૩

અષ્ટાંગ યોગ ની શાધના જેમણે દઢ પણે કરી રાખી છે એવા દઢ યોગી શિવજી અને મોટા મુનિશ્વરો પણ જેમની સુંદર મૂર્તિનું પોતાના હૃદયમાં સદા ધ્યાન કરે છે. અને શેષજી જેવા એક હજાર મુખેથી સદા જેમના મંગલ કરી નામોનું રટણ કર્યા કરે છે. ૪

પૃથ્વી ઉપર મનુષ્ય શરીર ધારણ કરીને વિચરણ કરો છો, તે તો ફક્ત નર નાટક જ છે, પરંતુ આપ તો ક્ષર અર્થાત જડ પદાર્થ માત્ર જે નાશવંત છે તે જગત, અક્ષર એટલે જેનો ક્ષય (નાશ) નથી થતો એવો જીવ તે બેય

Dear soul! The Supreme Almighty of infinite Universes, Lord Swaminarayan, is right in front of you. Imprint His lotus feet into your soul as if you were stamping them with permanent ink.

*Sanakaadik Naarad Tripuraari,*

*Vimal naam rate vaaram vaari*

Great sages like Naarad, Sanak and his brothers, along with Lord Shiv constantly chant Swaminarayan Bhagwan's most pure name, which is free from the illusions of the world.

*Anant koti Bhuvaneshwar Bhavaani,*

*Sab vidhi mahima sakat nahi jaani*

You are in front of and praying to the Supreme Almighty, whose greatness cannot be fully comprehended even by the infinite Shiva's, Parvati's, and Saraswati's of the infinite universes.

*Dharat dhyaan dhrad yogi munishwar,*

*Shesh sahastra mukh ratat nirantar*

Ascetics like Shivji and yogis who have mastered the practice of Ashtang Yog constantly meditate upon Swaminarayan Bhagwan's great divine form, and Shesh Narayan uses his one thousand mouths to constantly praise Lord Swaminarayan.

*Nar natak kshar Akshar nyaara,*

*Purushottam puran jan pyaara*

Dear Lord! Even though You have come down to Earth, this is just one of Your infinite playtimes that You perform for the welfare of the universe because You are above all that is both destructible and indestructible. You are completely unique. You are the greatest and You are so loved by all.

થી અત્યન્ત વિલક્ષણ સાવ જુદા એવા તમે છો.અને સર્વ પ્રકારે પરિપૂર્ણ પુરુષોત્તમ તમે છો, જે જનતાના પ્યારા લોકપ્રીય તમારા દર્શન છે. ૫

સાંસારિક જીવોને જાણી નશકાય એવી અકળ તમારી આ મૂર્તિ છે, આજ સુધી ક્યારેય ધારણ ન કર્યું હોય એવું નવીન તમારુંસ્વરૂપ છે, માટે હે શ્રીહરિ હું બ્રહ્માનંદ તમારી આ છબી ઉપર મારા સર્વસ્વ બળ શક્તિ અને બુદ્ધિને સમર્પિત કરુંછું.

**3 ધુન**

## રામકૃષ્ણ ગોવિન્દ જય

**ઉદ્ધવ સંપ્રદાયની નિત્ય ગવાતી ધૂન રચના અપૌરુષેય છે**

**રામકૃષ્ણ ગોવિન્દ જય જય ગોવિન્દ,**
**હરે રામ ગોવિન્દ જય જય ગોવિન્દ. ૧**
**નારાયણ હરે શ્રીમન્નારાયણ હરે,**
**શ્રીમન્નારાયણ હરે શ્રીમન્નારાયણ હરે. ૨**
**કૃષ્ણદેવ હરે જય જય કૃષ્ણદેવ હરે,**
**જય જય કૃષ્ણદેવ હરે જય જય કૃષ્ણદેવ હરે. ૩**
**વાસુદેવ હરે જય જય વાસુદેવ હરે,**
**જય જય વાસુદેવ હરે જય જય વાસુદેવ હરે. ૪**
**વાસુદેવ ગોવિન્દ જય જય વાસુદેવ ગોવિન્દ,**
**જય જય વાસુદેવ ગોવિન્દ. ૫**
**રાધે ગોવિન્દ જય રાધેગોવિન્દ, વૃન્દાવનચંદ જય રાધે ગોવિન્દ. ૬**
**માધવ મુકુન્દ જય માધવ મુકુન્દ, આનંદકન્દ જય માધવમુકુન્દ. ૭**
**નરનારાયણ સ્વામિનારાયણ, નરનારાયણ સ્વામિનારાયણ. ૮**
**નરનારાયણ સ્વામિનારાયણ, નરનારાયણ સ્વામિનારાયણ.**
**સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ**

પોતાના પ્રભુ ઈષ્ટદેવની આગળ જીવ જ્યારે શરણાગત થઈને જાય છે, ત્યારે સમર્પણ ભાવથી કંઈક પરમાત્માને વિનવે છે, પ્રાર્થના કરે છે. જેને આપણે સ્તુતિ પ્રાર્થના આર્તનાદ (આરતી) કે કીર્તન, પદ અને અષ્ટક એવા

*Nautam roop akal chhabi nyaari,*

*Brahmanand jaavat balihaari*

Your form is so divine and beautiful that it cannot be understood by those who are engrossed in and distracted by the material world. Your beautiful form is so very unique, and I, Brahmanand, completely surrender my mind, body, and soul to You.

## 3 DHOON

## RAMKRISHNA GOVIND JAY

**Ramkrishna Govind Jay Jay Govind !**

**Hare Ram Govind Jay Jay Govind. 1**

**Narayan! Hare! Shreemannarayan Hare!**

**Shreemannarayan Hare! Shreemannarayan Hare. 2**

**Krushnadev Hare Jay Jay Krushnadev Hare !**

**Jay Jay Krushnadev Hare ! Jay Jay Krushnadev Hare. 3**

**Vasudev Hare Jay Jay Vasudev Hare !**

**Jay Jay Vasudev Hare ! Jay Jay Vasudev Hare. 4**

**Vasuev Govind, Jay Jay Vasudev Govind !**

**Vasuev Govind, Jay Jay Vasudev Govind. 5**

**Radhe Govind, Jay Radhegovind.**

**Vrundavanchand, Jay Radhegovind. 6**

**Madhav Mukund, Jay Madhav Mukund.**

**Anandkund, Jay Madhav Mukund. 7**

**Narnarayan! Swaminarayan! Narayan! Swaminarayan. 8**

**Narnarayan! Swaminarayan! Narayan! Swaminarayan.**

**Swaminarayan Swaminarayan Swaminarayan Swaminarayan**

When a soul takes refuge under the grace of the Supreme Almighty, the soul praises the Lord with a kirtan, dhun, prarthana, stooti, stotra, etc. The compositions of hymns in

નામથી વિભાગ પાડીએ છીએ,તેમા ખાસ કરીને ગુજરાતી ભાષામાં જ્યારે આવી રચના આપણા સંપ્રદાયના કવિ એવા નંદ સંતોની કરેલી રચના હોય ત્યારે તે કીર્તન પાંચ કે છ કડીનું અથવા તેથી વધુનું એક પદ એવા ચાર પદનું અથવા વધારે પદનું એક કીર્તન કહેવાય છે. એવી જ રીતે હિન્દી કે વૃજ ભાષામાં પણ તેવીરીતના પદો તુલસીદાસજી સૂરદાસજી કે આપણા બ્રહ્માનંદ સ્વામીના પદો છે. પરંતુ સંસ્કૃત ભાષાની વાત હોય ત્યારે તેમાં શ્લોક કહેવાય છે. જે અનુષ્ટુપ, ત્રિષ્ટુપ અને વસંતતિલકા,શિખરણી અને અષ્ટપદી એવા નામથી ઓળખાય છે, જેને છંદ કહેવામાં આવે છે, તેનું ખાસ સ્ટક્ચર માત્રા, સ્વર કે અક્ષરના નિયમ પ્રમાણેબંધાયેલ હોય છે. તેને સંસ્કૃતમાં અષ્ટક, સ્તોત્ર, સ્તુતિ કે પ્રાર્થના વિગેરેના નામથી ઓળખાય છે. અષ્ટક તેના નામથી સ્પષ્ટ થાય છે કે તેમાં કંઈક આઠ છે. અર્થાત આઠ કડી કે શ્લોક મળીને એક અષ્ટક થાય છે,એવા અષ્ટકો નંદ સંતોની રચના કરેલા નિત્ય ગાવાની શ્રીહરિએ શિક્ષાપત્રીમાં જે સંસ્કૃત ભણ્યા હોય તેમને માટે ખાસ આજ્ઞા કરી છે, **સ્તોત્રાદેરથ કૃષ્ણસ્ય પાઠઃ કાર્યઃ સ્વશક્તિતઃ । તથાડનધીતગીર્વાણૈઃ કાર્યં તન્નામકીર્તનમ્ ॥** શ્લોક ૫૭. આ આજ્ઞા પ્રમાણેઆપણા શિખરબંધ મંદિરોમાં નિત્ય પ્રતિ સંતો અને ભક્તો મળી ને અષ્ટકો ગાય છે. આ રામાનંદ સ્વામી વખતથી ચાલી આવતી પરંપરા છે. તે પ્રમાણેદરરોજ સવાર સાંજ આરતી પછી આ અષ્ટકો ગાવાથી શ્રીહરિની અતિ પ્રસન્નતા થાય છે. નંદ સંતોએ સંસ્કૃત ભાષામાં આવા કર્ણપ્રિય અને શ્રીહરિને પ્રિય એવા અસંખ્ય અષ્ટકોની રચના કરી છે. જેમાં શ્રીહરિના ચરિત્રો અને મૂર્તિનું નખશિખ સુંદર વર્ણન અર્થગાંભિર્ય પૂર્વક કરેલ છે. જેને ગાવાથી કે સાંભળવાથી શ્રીહરિની મૂર્તિ નો સાક્ષાત કાર થાય એવો માહોલ ખડો થાય છે. તેથી આ અષ્ટક જેને આપણે રામકૃષ્ણ ધૂન નામથી ઓળખીએ છીએ તે પણ એક સુંદર અને એકદમ સરળ સંસ્કૃત ભાષાની રચના છે. જે ને અષ્ટક કહેવાય છે. આ અષ્ટકમાં ખાસ કરીને આર્ષદૃષ્ટા અને વેદ વાક્યના દૃષ્ટાની જેમ મંત્રદૃષ્ટા એવા અક્ષરમુક્તોએ સ્વાયં શ્રીમુખમાંથી શ્રવણ કરીને ગાવાનો પ્રારંભ કરેલ છે, આ કોઈ વ્યક્તિની

our Sampradaya are known as kirtans. These kirtans have been written by our Nand Santos in Gujarati, Hindi, or the dialect spoken in Vrindavan. Many compositions of hymns in our Sampradaya are also written in Sanskrit are known as shloks. They are categorized into the following types: Anushtap, Trishtup and Vasant-tilakaa, Shikharni, and Ashtapadi. The compositions that we categorize as "chand" are composed and sung following a construction of rhythmic cycles, singing pitch, and precise pronunciation. This may also be called an Ashtak. As the name suggests, Ashtaks were composed by Nand Santos in which each composition comprises eight lines, eight couplets, or eight stanzas. In the Shikshapatri, Shreeji Maharaj has ordered His devotees to sing these Sanskrit Ashtaks everyday just as they are sung in our Mandirs. This is a tradition that began when Ramanand Swami began the Uddhav Sampradaya. These Ashtaks describe and praise Shree Hari's great divine form and His playtime, and singing these ashtaks creates a very pure and holy atmosphere that helps devotees concentrate and meditate upon Bhagwan. One such Sanskrit Ashtak is the "RamKrishna Govind" dhun that we sing every day during Aarti. This dhun comprises the divine names of Shreeji Maharaj that Shreeji Maharaj, Himself, told to the Aksharmuktas (souls who reside with Swaminarayan Bhagwan in Akshardham), and so, this dhun is not a man-made composition, but rather, it was composed by Shree Hari, Himself. Therefore, suffice it to say that there is scientific logic that explains the composition of the dhun. There are eight lines in the Ashtak-dhun, and in each such

રચના નથી અપૌરુષેયય રચના છે. તેમાં દિવ્ય વિજ્ઞાન ભરેલ છે, આઠ શ્લેકમાં આઠ વખત ભગવાનના નામો આવે છે, મળીને ચોસઠ થાય છે. જે શ્રીહરિની મૂર્તિ પણ ચોસઠ તસુની છે, આઠ આઠ અંગોથી આઠ આઠ વખત પ્રણામ કરવાની ભાવના છે.ધ્વનીના તરંગો પણ તાલ લય બદ્ધ રીતે એવા ગોઠવવામાં આવેલ છે કે જે થી જ્યાં આ ધૂનનો અવાજ પહોચે ત્યાં સુધી ના વાતાવરાણમાં (એનવયરમેન્ટ)માં તરંગોના વાયબ્રેશન દ્વારા શ્રીહરિની ચોસઠ તસુની અદ્‌ભૂત મૂર્તિ સાકાર રુપે વિરાજમાન થઇ જાય તેવી સંરચના આ છે. તે ખાસ હંમેશને માટે ગાવાની આજ્ઞા છે અને સંપ્રદાયની અવિચ્છિન્ન પરંપરા છે. આવી અદ્‌ભુત પરંપરા તેના તેજ સ્વરુપમાં જાળવી રાખવી તે આપણી સૌની જવાબદારી અને ફરજ છે. તેમાં આપણા ગમતા ન ગમતાનો ઉપયોગ કરી શકાય જ નહી. આ પુરે પુરો એક સંસ્કૃત અષ્ટક છે, એટલે તેમાં પુરી આઠ કડી (શ્લોક) છે, ઘણા લોકો આ નંદ સંતો દ્વારા ગવાતી ચાલી આવતી દિવ્ય અદ્‌ભુત પરંપરામાં પણ શબ્દોના કે પદોના ફેરફાર કરી નાખે છે, તે સર્વથા અયેગ્ય છે.પરંપરા ઉપર અને શ્રીહરિના વચન રુપ આજ્ઞા ઉપર કુઠારા ઘાત છે. આવા દુષ્ટ વિઘટન કારી તત્ત્વોને સંપ્રદાયના સાચા આશ્રિતોએ ઓળખી રાખવા જોઇએ. અહીં પણ એવું જ બનેલ છે તેથી સુજ્ઞ જનોની જાણ માટે જ અત્રે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.આ અષ્ટકની છેલ્લી કડી (શ્લોક) કેટલાક બોલતાં નથી.તેમને એ વાતનું અજ્ઞાન છે કે શાસ્ત્રમાં એક એવો પણ નિયમ છે કે પરમાત્માની મૂર્તિ ક્યારેય પણ ખંડીત પૂજવાથી ફળની પ્રાપ્તિ થતી નથી. આ ભગવાનનું વાંગમય સ્વરૂપ છે તેને આધુર કરવાથી કે ખંડીત થયું કહેવાય. તેનું વિપરીત જ ફળ મળે છે. તેવી જ રીતે કોઇ પણ સત્કર્મ કે પુણ્ય કર્મ અધુરુંકરવામાં આવે તેનું કોઇ પણ પ્રકારનું ફળ જ મળતું નથી. અધુરુંકર્મ નિષ્ફળ જાય છે. ક્યારેક અધુરુંકરેલું કર્મ વિપરિત ફળ પણ આપે છે,જેનાથી અનેક પ્રકારના ક્લેશો ઉત્પન્ન થાય છે. જે જોવા મળે છે. જ્યાં આ પ્રકારનો દ્રોહ કરવામાં આવે છે ત્યાં.

line, there are eight of Bhagwan's names. So, in total, the dhun sings Bhagwan's name 64 times. Shree Hari's divine form is also 64 inches tall. The rhythms and beats of the dhun are set up in such a manner that while singing the dhun, the vibrations of the sound waves of the dhun invoke the divine form of Shreeji Maharaj to wherever the sound waves reach, and this completely purifies the environment. It is for this reason that Shreeji Maharaj has ordered His devotees to sing this dhun every day, and doing so continues to be an unbroken tradition of our Sampradaya. Therefore, while singing this dhun, it is our responsibility that we stay completely engrossed on the Idol of Shree Hari. Many people today change or replace the words of the dhun with other words, and this is absolutely not allowed as this dhun has come down to us from Supreme Almighty Swaminarayan Bhagwan, Himself. Furthermore, changing or replacing the words of the dhun violates and infringes Lord Swaminarayan's direct orders. Also, many times, people will not sing the final line of the Ashtak-Dhun, but this is also incorrect, and the final line of the Dhun must be sung. This is because, as explained in our holy scriptures, if a ritual is not fully completed, or if an Ashtak is not sung fully, the devotee does not reap the rewards of such pious activities. In fact, not finishing a religious ceremony or an Ashtak in the proper manner can back-fire and the devotee may have to suffer the consequences of not completing the activities.

4 થાળ

## જમો થાળ જીવન જાઉં વારી

રચના : સ. ગુ. ભૂમાાનંદ સ્વામી

જમો થાળ જીવન જાઉં વારી, ધુઓ કરચરણ કરો ત્યારી. જમો. ટેક.
બેસો મેલ્યા બાજોઠીયા ઢાળી, કટોરા કંચનની થાળી.
જળે ભર્યા ચંબુ ચોખાળી. જમો. ૧
કરી કાઠા ઘઉંની પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી,
કાઢ્યો રસ કેરીનો ઘોળી. જમો. ૨
ગળ્યા સાટા ઘેબર ફુલવડી, દુધપાક માલપુવા કઢી,
પૂરી પોચી થઇ છે ઘીમાં ચડી. જમો. ૩
અથાણાં શાક સુંદર ભાજી, લાવી છું તરત કરી તાજી,
દહી ભાત સાકર છે ઝાઝી. જમો. ૪
ચળુ કરો લાવું જળઝારી, એલચી લવિંગ સોપારી,
પાનબીડી બનાવી સારી. જમો. ૫
મુખવાસ મનગમતા લઇને, પ્રસાદિ થાળ તણી દઇને.
ભૂમાનંદ કહે રાજી થઇને. જમો. ૬

જીવ માત્રને હેત પોતાના પોશણ કરનાર ઉપર થાય છે, તેટલું બીજા કોઈ પણ સાથે નથી થતું, પશુ,પક્ષી,માણસ કે કીટ પતંગ સૌને જ્યાંથી પોતાને પોશણ એટલે કે ખોરાક અને રક્ષણ મળે છે, ત્યાં જ આત્મીયતાં પોતાપણું બંધાય છે. માતા પિતાની સાથેનું બંધન પણ તે જ કારણ થી થાય છે. અને શ્રીજી મહારાજે પણ આ વાત ને સમર્થન આપતાં જણાવ્યું છે. કે પરસ્પર કેટલું હેત છે તે જમાડવા ઉપરથી જણાય આવે છે. પોતાના પ્રિય પાત્રને જમાડતી વખતે કેવો ભાવ અને પ્રેમ છે. તે સ્વાભાવિક પણે વ્યક્ત થઈ જાય છે. પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણને કેવા ભાવ પ્રેમ અને શ્રધ્ધાથી સંતો અને ભક્તો જાતે રસોઈ વનાવીને જમાડતા તે વાત સંત્સંગમાં પ્રસિધ્ધ છે. તે જ ભાવ શ્રધ્ધા અને ભક્તિ ને વ્યક્ત કરવા આ ભૂમાનંદ સ્વામીનું જમાડતી વખતે બોલવા માટેનું પદ માણસ માત્રને

# 4 THAAL

## JAMO THAAL JIVAN JAU VARI

### Sad Guru Bhumanand Swami

**Jamo Thaal Jivan Jau Vari, Dhou Kar Charan Karo Tyari. Jamo.**

**Beso Melya Bajothiya Dhali, Katora Kanchanni Thali,**
**Jale Bharya Chambu Chokhali… Jamo Thaal…1**

**Kari Katha Ghau Tani Poli, Meli Ghrut Sakarma Boli,**
**Kadhyo Ras Kerino Gholi… Jamo Thaal…2**

**Galya Sata Dhebar Fulvadi, Dudhpak Malpua Kadhi,**
**Puri Pochi Thai Chhe Gheema Chadhi… Jamo Thaal…3**

**Athana Shak Sundar Bhaji, Lavi Chhu Tarat Kari Taji,**
**Dahin Bhat Sakar Chhe, Zazi… Jamo Thaal…4**

**Chalu Karo Lavu Jal Zari, Elachi Laving Sopari,**
**Pan Bidi Banavi Sari… Jamo Thaal…5**

**Mukhvas Mangamta Laine, Prasadi Thal Tani Daine,**
**Bhumanand Kare Raji Thaine… Jamo Thaal…6**

The natural instinct of any Soul is to be concerned about themselves, they would fulfill their personal desires first and then the ones they care about. Be that a Soul of an animal, bird, human, worm or even a butterfly they will only amass enough food to feed their own stomach and protect the ones that serve and look after them. The love from our mother and father is also based on this theory as long as they provide food and shelter for us we listen to them, but when renounce them, do we ever ask do you need my help? For this reason, Shreeji Maharaj has said that the way a person feeds others truly indicates how that person feels about those around him. When you feed someone with true emotions and admiration thatlove can be felt by the loved instantaneously.

It is well known fact, how the great Saints & devotees during Shreeji Maharaj's era use to feed the Supreme Lord Swaminarayan with highest devotion, love and credulous. They would show this affection by preparing various menus and serving these elegant dishes to the Almighty Shree Hari. Hence Sadguru BhumanandSwami created this devotional song to generate and demonstrate the ultimate love, devotion and credulous a common person should have towards Omnipresent Shree Hari. It describes and represents the purest form of faith towards the Supreme Lord Swaminarayan. It describes how a mother prepares a nourishing meal for her child with great love and affection and then how that mother prepares the child to consume the food.

પરમાત્મા પ્રત્યેઅતિ શુધ્ધ શ્રધ્ધાની અભિવ્યકિત કરે છે.કેવા પ્રેમથી જેમ માતા પોતાના બાળકને જમવા તૈયાર કરે છે. તેમ પ્રથમ હાથ પગ ધોઈને તૈયાર કરવાની ભાવના વ્યક્ત કરવામાં આવી છે.આ તો ભક્તની પ્રેમની પરાકાષ્ઠા સામના છે. મનગમતા ભોજનોની સાથે પ્રીય લાગતાં પકવાનો નો રસથાળ પીરસીને જમીને તૃપ્ત થયા એમ જાણી સુંગંધિમાન જળથી ચળુ કરાવાવ સુધીની તૈયારી એજ પ્રેમની પરાકાષ્ટા છે.ત્યાર બાદ મુખવાસ આપીને રાજી કરી લેવાનો કીમીયો પણ દાદ માગીલે તેવો છે.

**5 રાગ : મલાર**

## મારા હરજી શું હેત ન દિસે રે..

**રચના : નરસિં મહેતા**

**મારા હરજી શું હેત ન દીસે રે, તેને ઘેર શિદ જઇએ,**
**તેને સંગ શીદ રહીએ. ૧**
**હેત વિના હુંકારો ન દેવો, જેનું હરખેસું હૈયું ન હીસે રે,**
**આગળ જઇને વાત વિસ્તારે,જેની આંખ્યું માં પ્રેમ નદીસે રે, તેને ઘેર. ૨**
**ભક્તિભાવનો ભેદ ન જાણે,ભુરાયો થઇને ભાળે રે,**
**લલીત લીલાને રંગે ન રાચે,પછી ઉલેચી અંધારું ટાળે રે. તેને ઘેર. ૩**
**નામ તણો વિશ્વાસ ન આવે,ને ઉંડુ તે ઉંડુ શોધે રે.**
**જાન્હવી તીર તરંગ તજીને, પછી તટમાં જઇને કૂપ ખોદે રે. તેને ઘેર. ૪**
**પોતાની સરખી કરીને જાણે,પુ્રુષોત્તમની કાયા રે,**
**નરસૈયેના સ્વામીની લીલા, ઓલ્યા મતીયાં કહે છે માયા રે. તેને ઘેર. ૫**

શ્રીહરિએ ભગવાનના ભક્તનો કેવો મોટો મહીમા છે, વચનામૃત ના વડતાલ પ્રકરણના ૧૧ માં માં શ્રીહરિ કહે છે કે અમને ચાર જણાની બહુ બીક લાગે છે રખે તેમનો અપરાધ ન થઈ જાય તેનું અમે બહુજ ધ્યાન રાખીએ છીએ,તેમાં ભગવાન, ભગવાનના ભક્ત, બ્રહ્મણ અને ગરીબ મણસ આ ચાર નો અપરાધ કે દ્રોહ ક્યારેય ન થાય તેનું સદા ધ્યાન રાખીએ છીએ.કોઇનો પણ દ્રોહ તો માનના કારણે જ થાય છે, તેથી માની ભક્તની ભક્તિ પણ આસુરી જ છે. આવા માની ભક્ત સાથે તો આલોક

The first step performed before we consume a meal is we have to wash our hands and feet. Sadguru Bhumanand Swami discourses this as the first step in getting Bhagwan ready to consume a meal. This is the pinnacle of love and devotion shown by a devotee towards his Lord and Savior. Further on in the hymn Swamji describes various dishes consisting of sweets, breads, vegetables, curries and pickles all of this presented on a golden plate and offered to Shree Hari.My Lord and Savior Swaminarayan has accepted the plate and has started to consume the offerings I made. The Lord Almighty Shree Hariis satisfied with the food. After consuming the food I wash both his divine hands with fragranced water. This is the ultimate symbol of devotional love towards the Shree Hari. After that, the idea of serving the Shree Hari with mouth freshener is also noble compliment.

## 5 RAAG : MALHAR

# MARA HARJIISHNU HET NA DISE RE

### Narsinh Mehta

**Mara Harjiishnu het na dise re, tene gher shid jaie,**

**Tene sang shid rahie re......1**

**Het vine hukaro na levo, jenu harakhe shu haidu na hise re,**

**Agal jaine vaat vistare, jeni ankhyuma prem and dise re... tene. 2**

**Bhaktibhavono bhed n jane, bhurayou tahine bhale re,**

**Lalit lilane range na rache, pachhi ulechi andharu tale re. tene. 3**

**Naam tano vishvas na ave, ne undu te undu shodhe re,**

**Jahnvi tire tarang tajine, pachhi tatma jaine kup khode re. tene. 4**

**Potana sarkhi karine jane, Purushottamni kaya re,**

**Narsaiyane Samini lile, olya matiya kahe chhe maya re. tene. 5**

Shree Hari has described the greatness, respect and importance of Bhagwan’s Devotees. In Vadtal 11 Vachnamrut, Shree Hari specifically discourses I am particularly afraid of 4 people. I myself the Lord Almighty pay great amount of attention and apply caution that I do not offend, slander or even disrespect any of these 4 types of people.The 4 types of people includeBhagwan, Devotees of Bhagwan, Brahmin, Poor individual.

I am the Lord Almighty, but I constantly make sure that I dooffend them or disrespect them. Disrespecting or slandering someonea direct outsource of Ego. Therefore the devotion of egocentric devotee is also Demonic in nature. Such an egotistic devotee can never be in

અને પરલોકમાં પણ ભગવાન સાથે મેળ બેસતો નથી.માન આવવાનું કારણ જ એ છે કે તેને પરમેશ્વરનું યથાર્થ જેવું છે તેવું મહાત્મ્ય જ સમજાણું નથી. ભગવાન અને ભગવાનના ભક્ત નું સાચુ મહાત્મ્ય સમજાવે તેવું નરસી મહેતાનું આ કીર્તનનું પદ મહારાજે ગવરાવ્યું અને તેવાજ અર્થનું પ્રતિપાદન કરતું સ.ગુ. મુક્તાનંદ સ્વામીનું પદ પણ મહારાજે ગવરાવ્યું અને પછી સહુ ભક્તોને આજ્ઞા કરી કે આ બે પદો તમારે બધાએ ખાસ શિખી રાખવા અને દરરોજ અવશ્ય ગાવા ની આજ્ઞા કરી છે. તે આ પદ છે...

**6 રાગ : મલાર**

## મારા વાલાજી શું વાલપ દિસે રે...

**રચના : સ.ગુ. મુક્તાનંદ સ્વામી**

**મારાવાલાજી શું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ.**
**તે વિના કેને ભજીએ રે. ૧**
**સન્મુખ થાતાં શંકા ન કીજે, મર ભાલા તણો મેહ વરસે રે,**
**હંસ જઇ હરિજનને મળશે, કાચી તે કાયા પડશે રે. તેનો સંગ. ૨**
**શુળી ઉપર શયન કરાવે,તોય સાધુને, સંગે રહીએ રે,**
**દુરીજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહીએ રે. તેનો સંગ. ૩**
**અમૃત પેં અતિ મીઠા મુખથી,હરિના ચરિત્ર સુણાવે રે,**
**બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવા આવે રે. તેનો સંગ. ૪**
**નરક કુંડથી નરસું લાગે,દુરીજનનું મુખ મનમાં રે,**
**મુક્તાનંદ મગન થઇ માગે,વ્હાલા વાસ દેજો હરિજનમાં રે. તેનો સંગ. ૫**

મુક્તનંદ સ્વામીને શ્રી હરિએ સત્સંગની માં નું બીરુદ આપેલ છે. માતાને જેમ પોતાના બાળક ઉપર હેત હોય તેવું નિર્દોષ હેત ભગવાનના ભક્તો ઉપર મુકાતાનંદ સ્વામીને છે. તેથી તેમની ભક્તિ ઉપાસના માં ક્યાંય પણ કાચપ ન રહે તેનું સદા જીણવટ પૂર્વક ધ્યાન રાખીને પ્રસંગેપ્રસંગેતેને સાવધાન કરી ને સાચા માર્ગે વાળીને ભગવાનની ઓળખાણ કરાવવા માટે ઉપદેશ પણ આપતાં રહે છે. ભગવાનના ભક્તે કોની સાથે

conjunction withthe Lord Almighty either in this World or the World after death. For such a devotee or individual, the reason they have an ego is that they have not realized the greatness and the significance of the Almighty Shree Hari. Lord Swaminarayan asked everybody to sing this hymn created by Narsinh Mehta which discourses the importance of Bhagwan & Bhagwan's devotees. Also another hymn created by S.G. Muktanand Swami also describes a fellow devotee should have great respect and affection towards his fellow man and to the Almighty Shree Hari.After hearing this hymn Shree Hari requested everyone to respectfully sing this hymn and that everybody should learn these 2 verses and should recite them every day.

## 6 RAAG : MALHAR PAD-1

## MARA VALAJI SHUN VALAP DISE RE

### Sad Guru Muktanand Swami

**Mara valaji shun valap dise re, teno sang shid tajiye,**

**Te Vina Kene bhajie.................1**

**Sanmukh jaata shanka na kije, mar bhala tano meh varse re,**

**Hans jai harjijanne re malashe, kachi kaya padashe re. teno. 2**

**Shuli upar shayan karave, toye sadhune sange rahiye re,**

**DUrjijan lok durbhasan bole, tenu sukh dukh sarve sahie re. teno. 3**

**Amrutpe ati mitha mukhthi, harina charitra sunave re,**

**Brahma bhav sankadik jeva, jena darshan karavane ave re. teno. 4**

**Narak kundthi narasure lage, durijuannu mukh mannma re,**

**Muktanand magan thai mage, vhala vas dejo harijanme re. teno. 5**

Muktanand Swamihas been dubbed as "Mother" of the Satsang by the Supreme Almighty Shree Hari. A mother's love towards her child is unconditional and cannot be compared to entity on this World. This maternal instinct Sadguru Muktanand Swamipossessed he would show this motherly love towards all the Saints and devotees. Hence in order to maintain this level of motherly love and never forget the greatness of Saints and Devotees Muktanand Swami composed this hymn. Swamiji starts of this hymn by making the devotees aware not divert away from the path of devotion and prayers. Sadguru Muktanand Swami takes minute care and alerts the devotees from time to time to take the appropriate route and imparts helpful lectures to identify the God. This hymn teaches us that what types of people we should associate with and what type of people we

હેત પ્રેમ રાખવો અને કોની સાથે ન રાખવો તેની સાચી સમજણ આ પદમાં આપી છે.અને તે હેત પ્રેમ રાખવામાં કેવી શુરવીરતા રાખવી તે પણ સ્વામી સહજ ભાવે કહે છે. વ્હાલ અને પ્રેમ કર્યા જેવાતો એક ભગવાન પુરુષોત્તમનારાયણ છે. જે આત્માના સાચા સગા છે. તે પ્રભુની સાથે હેત કરવા જતાં ભાલાનો વર્ષાદ થાય તો પણ આ પ્રેમમાં વિઘ્ન ન આવવા દેવું કારણ કે જો મૃત્યું થશે તો માત્ર પંચ ભૂતના શરીર નું થશે પરંતુ આત્મા તો અમર છે તે તો જઈને શ્રીહરિને મલીને મહા સુખીયો થશે.આવું સુખ અપાવનાર સાધુ પુરુષોનો જો સંગ મળે તો તે શુળી ઉપર શયન કરાવે તો પણ તેનો ત્યાગ તો કરવો જ નહી. જગતના દુષ્ટ સ્વભાવના લોકો દુર્વચનો બોલે તેને સહન કરી લેવા કારણ કે આ જ સાધુ પુરુષો અમૃત કરતાં પણ અતી મિઠા શ્રી હરિના ચરિત્ર સંભળાવે છે. જે ભવ બ્રહ્માદિક ન પણ સાંભળવા મલતાં નથી. માટે મુક્તાનંદ સ્વામી એવું માગે છે કે હે પ્રભુ હરિભક્તોના સંગમાં સદા નિવાસ દેજો.

**7 રાગ : બિહાર**

## પોઢે પ્રભુ સકળ મુનિ કે શ્યામ

**રચના : સ.ગુ. મુક્તાનંદ સ્વામી**

**પોઢે પ્રભુ સકળ મુનિકે શ્યામ, શ્રીનરનારાયણ દિવ્ય મૂરતિ,**
**(સ્વામિનારાયણ દિવ્ય) સંતનકે વિશરામ. પોઢે. ૧**
**અક્ષર પર આનંદ ઘન પ્રભુ કીયો હે ભૂપર ઠામ,**
**જેહી મિલત જન તરત માયા લહત અક્ષર ધામ. પોઢે. ૨**
**શારદ શેષ મહેશ મહામુનિ જપત જેહી ગુણ નામ,**
**જાસ પદરજ શીષ ધરી ધરી હોવત નિષ્કામ. પોઢે. ૩**
**પ્રેમકે પર્યંક પર પ્રભુ કરત સુખ આરામ,**
**મુક્તાનંદ નિજ ચરણ ઢિગ ગુણગાવત આઠું જામ. પોઢે. ૪**

ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના ઉદ્ધવાવતાર જગત્ગુરુશ્રીરામાનંદ સ્વામીએ કરીને તેની ધર્મધુરા સર્વવતારી સર્વોપરિ એવા ભગવાન શ્રીસ્વામિનારાયણે સ્વીકારીને જગતના જીવને એકાન્તિકી ભક્તિ કરાવીને આત્યંતિક મોક્ષની

should not associate with.Swami also teaches us how to be brave while keeping and maintaining affection and love towards our fellow devotees. There is only one individual we should truly admire and love and that isSupreme Lord Swaminarayan. He is the only true relative of this Soul, this Swaminarayan Bhagwan has been with us from the day we were born and until the day we will die. He is the only person that is always going to be with us! Even if there are showers of long Spears obstructing our love towards Purushottam Narayan, do not let it these obstacles hinder the way of that love even if the death appears. Only this mundane body, made from the 5 elements will be destroyed, but the Soul which is immortal will go and encounter the Divine Lord Shree Hari and will enjoy the great happiness of his idol. When we are blessed we will meet Saintly people and they might ask us to sleep on the bed of spikes. My dear comrade! Do not leave the company of such Saintly Men. Even if the Worldly people with inappropriate nature slander you, say harsh words towards you just tolerate them. This level of toleration will bring you closer to these Saintly people and you will hear the divine pastimes of Shree Hari. These divine pastimes are very pious and sweeter than Nectar. These pastimes of Shree Hari are very auspicious that great Deities like Shiv and Brahma have the utmost desires to hear them. Hence Sadguru Muktanand Swami requests and prays to God that O my Lord! Please give a boon that I may always associate and reside in the center of these devotees of yours.

## 7 RAAG: 'BIHAG'

# PODHE PRABHU SAKAL MUNIKE SHYAM

### Sad Guru Muktanand Swami

**Podhe Prabhu Sakal Munike Shyam; Narnarayan Divya Murti,**

**Swaminarayan Divya Murti, Santanke Vishram ... Podhe.1...**

**Akshar Par Dnanaddhan Prabhu Koyo He Bhupar Tham;**

**Jehi Milat Jan Tarat Maya, Lahat Akshardham... Podhe.2...**

**Sharad Shesh Mahesh Mahamuni, Japat Jehi Gun-nam;**

**Jaas Padraj, Shish Dhari Dhari, Hot Jan Nishkam... Podhe.3...**

**Prem Ke Paryank Par Prabhu, Karat Sukh Aaram;**

**Muktanand Nij Charanraj, Gun Gavat Aatho Jam... Podhe.4...**

The Uddhav Sector of the Hindu religion was established by Uddhav Avatar Jagadguru Shree Ramanand Swami. After establishing this sector Shree Ramanand Swami delegated the responsibility as the leader of the Sector to the Supreme incarnation and Supreme Godhead ShreeSwaminarayan Bhagwan. The Almighty Swaminarayan Bhagwan

પ્રાપ્તિ થાય તેવો મહામાર્ગ પૃથ્વી ઉપર પ્રસ્થાપિત કર્યો આ મોક્ષના મહામાર્ગની પરંપરા સૂર્ય ચંદ્ર રહે ત્યાં સુધી ચાલે તેવો પરબ્રંહ્મપરમાત્મા પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણે સંકલ્પ કર્યો અને તે સંકલ્પને પરિપૂર્ણ કરવા ચાર ગુઢ સંકલ્પો કર્યા ૧ ઉપસનાની રક્ષા માટે મહામંદિરોનું નિર્માણ કરવું. ૨ સત્શાસ્ત્રોની રચના કરવી. ૩ સત્ધર્મ રક્ષક ધર્મવંશમાં આચાર્યની સ્થાપના કરવી. ૪ ભગવતી વૈષ્ણવી મહાદિક્ષાનો પૃથ્વી ઉપર પ્રારંભ કરાવવો. જેથી અનંત જીવાત્માઓને આત્યંતિક મોક્ષ ગતિની પ્રાપ્તિ થાય અને અક્ષર ધામના અધિકારી બને. આ રીતના હેતુઓની પૂર્તિ કરવનો પ્રારંભ સૌ પ્રથમ પહેલાં હેતુની પૂર્તિ કરવા માટે ગુજરાતના પાટનગર એવા અમદાવાદ શહેરમાં સંપ્રદાયનું વિશ્વમાં સૌ પ્રથમ સ.ગુ. આનંદાનંદ સ્વામી પાસે મહામંદિરનું નિર્માણ કરાવ્યું. અને તેમાં સંવત ૧૮૭૮ ના ફાગણ સુદ ૩ અને ઈસન્ તા. ૨૪, ૨, ૧૮૨૨ ને રવિવારે પોતાના વરદ હસ્તે ભરતખંડના રાજાધિરાજ એવા સર્વોપરિ બદ્રીપતિ ભગવાન શ્રીનરનારાયણાદિ દેવોની પ્રાણ પ્રતિષ્ઠા કરી અને જગતને મોક્ષનું મહાન સદાવ્રત બાંધી આપ્યું. જ્ઞાન ભક્તિનો મહાસાગર તૈયાર કરી આપ્યો.લાખો ભક્તો આ જ્ઞાન ભક્તિના મહાસાગરમાં હીલોળવા લાગ્યા. તે જ દિવસે બ્રાહ્મમુહુર્તથી પ્રારંભ કરીને રાત્રી પર્યંત લાખો ભક્તોએ દિવ્ય દર્શન અને ભક્તિનો મહાન લાહવો મેળવ્યો.રાત્રી પડવા આવી ત્યારે સ્વયં પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીસ્વામિનારાયણે મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરી કે આપણે આ મહામંદિરની સેવા રીતિ તો વૈષ્ણવાચાર્ય વિઠ્ઠલનાથજીએ લખ્ય પ્રમાણેજગાડવા,પોઢાડવા, જમાડવા, ઉત્સવો કરવા વિગેરેની વ્યવસ્થા કરવાની છે. આ મુર્તિ એ કોઈ ધાતુ કે પાષાણ ની મુર્તિ નથી એ તો સાક્ષાત પ્રગટ પ્રમાણ ભગવાન સ્વયં શ્રીનરનારાયણદેવ જ છે. માટે હવે તેમને પોઢાડવાનો સમય થયો છે. તેથી પોઢાડવાની વ્યવસ્થા કરો. ભગવાન શ્રીહરિની આજ્ઞા થતાં જ મુક્તાનંદ સ્વામીએ ભગવાન શ્રી નરનારાયણાદિ દેવોને પોઢવા માટે ની પ્રાર્થના કરી તે આ શબ્દો છે. ત્યારથી આજ દિન પર્યંત શયન આરતી પછી આખા સંપ્રદાયમાં આ મુક્તાનંદ સ્વામીની

accepted the leadership of the Uddhav Sector so that the Souls engrossed in the Worldly pleasures could perform the ultimate devotion and achieve the Ultimate Salvation. To fulfill this pious and unique task, Bhagwan Shree Swaminarayan established an express highway on this Earth to obtain Salvation. The path to this Ultimate Salvation will stay unrestricted until the very existence of the Sun and the Moon. For the pious task to be fulfilledThe Supreme PurnaPurushottam Bhagwan ShreeSwaminarayan had 4 secret ideas that must be put in place for this path to remain open forever.The first was to establish magnificent Temples to protect the path of worship towards Bhagwan. The second create the pious literature, divine Scriptures. The third to establish Acharyaship in the family of Dharmadev, the main task to be performed by the Acharya is to protect the Sanatan Dharma and the traditions. The fourth idea was to endorse the system of Bhagvati Vaishnavi Mahadiksha on this Earth, so that countless souls and creatures could obtain the Ultimate Salvation.

To fulfill his first objective Shree Hari started to create Temples all around Gujarat and the First Swaminarayan Temple of the World was constructed and completed in capital city of Gujarat Ahmedabad by Sadguru Anandanand Swami. The installation of the Idols of Bharatkhand's King the divine and Supreme Shree NarNarayan Dev was initiated by Shree Hari himself on Falgun Vad Tritiya during the year Samvat 1878. According to the western calendar the official date was 24-02-1822. It was also a Sunday and on this particular day Lord Swaminarayan instigated the eternal path to Salvation upon this World. Lord Swaminarayan also created an Ocean full of Devotion and Ultimate Knowledge in which innumerable devotees took holy dips and immersed themselves in Devotion and Service.

On this very auspicious day, thousands of people regardless of creed, race and religion where truly blessed by obtaining the divine sight of Shree Hari and the level of devotion shown by the Saints and devotees. In the evening the Supreme Being himself Lord Shree Swaminarayan instructed Muktanand Swami to adopt and follow the procedures prescribed by Shree Vallabhcharya on how to serve the Idols and the Temple. The way the Deities should awake in the morning, the way they should go to sleep, the way they should be fed and the way festivals should be celebrated in the Temple. Shree Hari instructed to all the Saints and devotees please do not think to yourself that these Idols are made from stone or metal, but these Idols are Shree NarNarayan Dev himself. Now night has befallen upon us, so it is time for Shree NarNarayan Dev to go to sleep. So make the necessary arrangement for Deities to go to sleep. Sadguru Muktanand Swami hearing this request composed a cradlesong to put the Deities to

રચનાનું પદ ગાઈને જ ભગવાનને પોઢાડવાની પરંપરા ચાલી આવે છે. મુક્તાનંદ સ્વામીના શબ્દોને કોઈ તુચ્છ બુદ્ધિ વાળા દ્વેષીલા પાપીષ્ઠ માણસો બદલી નાખે તો એતો મુક્તાનંદ સ્વામી જેવા મહાન સંતનું ભયાનક અપમાન જ કહેવાય અને તેને ક્યારેય મોક્ષ તો નજ મળે પણ સુખ કે શાન્તિ પણ ન જ મળે તે આવું હીન આચરણ કરનારામાં સર્વત્ર જોવા મળે છે.

પોઢે પ્રભુ સકળ મનિકે શ્યામ, શ્રીનરનારાયણ દિવ્ય મુરતિ, : - હે પ્રભુ આપ (સકળ) સર્વ મુનિ જનોના પ્રિય શ્યામ દિવ્ય મૂર્તિ ધારી હે નરનારાયણાદિ દેવ સંત પુરુષોના ચિત્તને વિશ્રામ આપનારા એવા આપને અને સૌ સંત સમુદાયને પણ વિશ્રામનો સમય થયો છે. માટે પોઢવાની તૈયારી કરો.૧ અક્ષરથી પર જે અક્ષરાતિત પરબ્રહ્મ પરાત્પર પરમાત્મા પુરુષોત્તમ નારાયણ ના ધામમાં જે આનંદ ઘન છે, તે બ્રહ્માનંદના આનંદ ઘનને હે પ્રભુ આપ પૃથ્વી ઉપર તમારા દર્શન કરે છે કે મળે છે તે ને તે આનંદ ઘનની પ્રાપ્તિ કરાવો છો. મહામાયાને પાર ઉતારીને અક્ષરધામમાં તેડી જાવછો. ૨ હે પ્રભુ તમારા દિવ્ય અલૌકીક પ્રતાપ શાળી નામ માત્રનું સ્મરણ કરવા મત્રથી જીવને મહાન મોટી પદવી મળી જાય છે.તેથી જ મોટા મોટા મહાન મુનિઓની સાથે શારદા સરસ્વતીજી શેષજી મહાદેવજી જેવા પણ તમારા નામોનું સતત જપ કરે છે. અને તે નામના મહાન ગુણો ગાતાં થાકતા જ નથી. જગતના જીવો તમરા ચરણની રજ મસ્તક ઉપર ધારણ કરીને સાંસારિક કામનાઓ વાસનાઓથી છુટીને નિષ્કામ થઈને અક્ષરધામને પ્રાપ્ત કરે છે. ૩ હે પ્રભુ આપને પ્રેમ સ્ખી પર્યંક ઉપર આરામ કરવા માટે પ્રાર્થના કરુછું.ત્યાં સુખ પૂર્વક વિશ્રામ કરો એવી હું મુક્તાનંદ તમારા તરણોમાં મસ્તક નમાવીને આઠો પહોર તમારા આ દિવ્ય ગુણોનું ગાન કરતો નમ્રતા પૂર્વક પ્રાર્થના કરુછું. ૪

sleep. These are the words that Sadguru Muktanand composed and chanted in front of Lord Shree NarNarayan Dev. Since that day and until today this verse and cradlesong is sung throughout the entire Swaminarayan Sector. This hymn is usually sung after the Shayan (bedtime) Aarti, whilst praying to the Supreme Lord Omnipresent Lord Shree Swaminarayan.

Certain immature jealous, licentious and immoral people alter this hymn from the original composition recited by Shree Muktanand Swami. Such an act by these resentful people is abundant disrespect and dishonor to a great saint like Shree Muktanand Swami. Such invidious people will never obtain peace of mind, prosperity or even Salvation. Today we do not have to go and see this physically. This is occurring sincerely in front of our eyes people who have altered the original prayer do not have peace of mind, they do not prosper then how will they obtain Salvation!

Podhe Prabhu Sakal Muni Ke Shyam, NarNarayan Divya Murti. Dear Almighty! You are divine, your idol and form is dark in complexion. Dear NarNarayan you are very dear to all, you are the ultimate tranquil place for the minds of all Satpurush's to rest. Dear Lord it is time for You and your Saints to rest, so kindly get ready for bed...(1)

You are beyond the divine abode Akshar. Akshar is part of you, but you are beyond Akshar. You are the Supreme Being and You are also above all the souls. Dear Lord! You are Parbrahm Purushottam Narayan himself. My Lord! You are the main pleasure source of Akshar. The pleasure of Akshar is resplendent and it is incomparable to any entity upon this World. Dear Lord! Due to your benevolence, you take a form upon this Earth, give your divine vision to the mundane people, protect them from the darkness of ignorance and take them to your heaven abode Akshardham…. (2)

Dear Lord! Just by remembering and reciting your divine powerful name, the mundane soul obtains great stature. That is why great Saints and Devotees like, Sharda Devi, Saraswatiji, Shesha Narayan and Shivji constantly recite your name. They obtain immense amount of pleasure from reciting your name that they never become fatigued from reciting your name. The souls of this World become free of all Worldly desires by just touching the dust of your divine lotus feet and they also achieve you heaven abode Akshardham ... (3)

O Lord! I pray to you gracefully to lie down on the bed I have loving made for you. With great pleasure lie down and rest on this couch of love.

I Muktanand Swami throughout the whole day continuously sing your praises and your divine virtues without any ego. Dear Lord this is my pray from the bottom of my heart to your divine lotus feet… (4)

## 8 રાગ : ગોડી

# હરિ બિન કોઈ ન તેરા

### રચના : સ.ગુ. મુક્તાનંદ સ્વામી

**હરિ બીન કોઇ ન તેરા, સમજ નર હરિ બીન કોઇ ન તેરા.**
**ચાર દિનકી ચાંદની બીતે, આગે બોત અંધેરા. સમજ. ૧**
**મનુષ્ય દેહ દયા કરી દીની,તાતે ચેત સવેરા,**
**અબકો અવસર ભૂલ જાયેગો, સહેગો દુઃખ ઘનેરા. સમજ. ૨**
**ભરત ખંડ મધ્યે જનમ દિયો હૈ, જહાં પ્રભુ પ્રગટ બસેરા,**
**નરનારાયણ નામ રટણ કરી, પાર કરો ભવ ફેરા.. સમજ. ૩**
**કામ ક્રોધ મદ લોભ માન તજી, હો સંતનકા ચેરા,**
**મુક્તાનંદ કહે મહાસુખ પાવે,માન્ય બચન દૃઢ મેરા.. સમજ. ૪**

સંતને જગતમાં કરુણાની મૂર્તિ કહેવામાં આવે છે, કારણ કે વગર સ્વાર્થે અને વગર કોઈ પણ પ્રકારના સંબધે તેના હૃદયમાં સહજ સ્વાભાવિક કરુણા જીવ માત્ર ઉપર ઉપજે છે. આવી કરુણા અને દયા જેમના દિલમાં હમેશા નિતર્યા જ કરે છે એવા છે. આપણા મુક્તાનંદ સ્વામી તેથી જ તેમને ભગવાન શ્રીસ્વામિનારાયણે સત્સંગની માતાનું બીરુદ આપેલ છે. જેમ માં ને પોતાના સંતાન ઉપર સ્વાભાવિક સ્નેહના કારણે દયા હોય છે. તેમ જીવ માત્ર ઉપર કરુણાર્દ્ર દયા વાળા મુક્તાનંદ સ્વામીને જગતના જીવને માયાના મોહ માં ફસાયેલ જોઈને તેને માયામાં થી ઉગારવા માટે કરુણાનો અંકુર ફુટી નીકળ્યો અને તેમના મુખમાં થી આ દિવ્ય શબ્દો સ્ફુરાયમાણ થયા જે જીવ માત્રને ચેતવણી રુપ છે.આ સંસારમાં જેટલા પણ સંબધો છે, તે બધા જ જગતના સ્વાર્થ માટે જ છે. સાચો અને નિસ્વાર્થ સંબધ જો કોઈ હોય તો તે એક જ શ્રીહરિનો છે. માટે હે નર મનુષ્ય (જીવ) તૂં સમજી વિચાર કરીને જોઈ લે. ચાર દિનકી ચાંદની અર્થાત જ્યાં સુધી યુવાની હશે, સારુ ધન કમાતો હશે, ત્યાં લગી સૌ કોઈ સગા અને સબંધી થવા આવશે. જ્યાં યુવાની જશે ધન જશે પછી કોઈ સગો થવા નહી આવે કે સબંધી થવા નહી આવે. ત્યારે તો ફક્ત ને ફક્ત શ્રીહરિના ચરણે જવા શિવાય કોઈ આશરો

## 8 RAAG : GODI PAD

# HARI BIN KOYI NA TERA

### Sad Guru Muktanand Swami

**Hari bin koyi na tera samaj nar hari bin koyi na tera.**
**Chaar dinki chaandani bite, aage bot andera-samaj 1.**
**Manushya deh daya kari dino, taate chet savera,**
**Abko avasar bhul jaayego, sahego dukh ghanera-samaj. 2**
**Bharat khand madhye janam diyo he, jaha prabhu pragat basera,**
**Nar narayan naam rattan kari, ppar karo bhav fera - samaj. 3**
**Kamm krodh mad lobh mann taji, ho santan ka chera,i**
**Muktanand kahe mahasukh paame, maan vachan dradh mera. 4**

Saints are called the idols of compassion, because without any self-interest or any associations they show immense amount of compassion from their heart to all the Souls. Our Muktanand Swami was one of these great Saints that had immense amount of compassion and mercy flowing from his heart towards other Saints and Devotees. This is why Shree Swaminarayan Bhagwan gave him the entitlement Mother of the Satsang. Muktanand Swami had that amount of compassion flowing from his heart that when he saw a soul engrossed in the darkness of ignorance or the Worldly pleasures that mercy will flow from his heart and he would teach the ignorant soul the right path. Just like a mother teaches their own child what is right from wrong, the same way Muktanand Swami would guide the ignorant soul upon the right path by discoursing this hymn to them. The divine composition and the structuring of the words of this particular hymn drive an arrow straight in to our hearts. These are the sort of word Shree Muktanand Swami has used in this particular hymn.

All the associations we have with relatives, friends, people of this World and mundane Worldly objects are fabricated inside our self to fulfill a particular need. If we truly care and love someone, that love should be based upon unselfish needs. The true selfless and purposeful relationship you can have is only with Shree Hari. Therefore Dear Soul! Contemplate to yourself what is true love and unselfish love. The love and affection we have towards our Worldly relations last only until you have youth on your side and wealth and once these are gone, no one will want to keep attachment or relationship with you. The only person who is always going to be with you in your wholesome time and unscrupulous times is Shree Hari himself. Therefore always be alert and remember why we have obtained this human body. It is a useful tool to realize and understand Shree Hari, makes sure you do not waste this valuable gift bequeathed to

જ નહિ રહે. માટે સવેરા તૂં ચેતી જા જેથી દયા કરીને તને આપેલ આ મનુષ્ય દેહ તેને સાર્થક કરી લે. ફરી વાર આવો મનુષ્યનો દેહ મળવો બહુ દુર્લભ છે.તેમાં પણ આ ભરત ખંડમાં તને જન્મ મળ્યો છે કે જ્યાં પ્રત્યક્ષ પ્રગટ પ્રમાણ ભગવાન શ્રીનરનારાયણ વિરાજે છે. જેમના નામ રટણ કરવા માત્ર થી માયા ના દુઃખ માત્ર થી તારો છુટકારો થશે અને જન્મ મૃત્યુના ફેરાથી છુટકારો મળશે. માટે હે જીવ કામ, ક્રોધ, મદ, લોભ અને માન નો ત્યાગ કરીને જો તૂં શ્રીનરનારાયણનો આશ્રય કરીને ભજન કરીશ તો ભવજળ પાર પામીને પરમાત્માના ધમમાં જઈશ એમ મુક્તાનંદ સ્વામી સૌને સાવધાન કરતાં આ પદમાં કહે છે.

**9 રાગ : સામેરી**

## હરિ ભજતાં સહુ મોટપ

**રચના : સ.ગુ. મુક્તાનંદ સ્વામી**

**હરિ ભજતાં સહુ મોટપ પામે જન્મમરણ દુઃખ જાયે રે,**
**પારસ પરસી લોહ કંચન થઇ, મોઘે મૂલે વેચાય રે. હરિ. ૧**
**મુનિ નારદની જાત ના જાનું, દાસીપુત્ર જગ જાણે રે,**
**હરિને ભજી હરિનું મન કેવાણાં, વેદ પુરાણ વખાણે રે.. હરિ. ૨**
**રાધાજી અતિ પ્રેમ મગન થઇ, ઉર ધાર્યા ગિરધારી રે,**
**હરિવર વરી હરિ તુલ્ય થયા, જેનું ભજન કરે નરનારી રે.. હરિ. ૩**
**શ્યામળીયાને શરણે જે આવે,તેના તે ભવદુઃખ વામે રે,**
**મુક્તાનંદના નાથને મળતાં, અખંડ એ વાતણ પામે રે. હરિ. ૪**

માન સન્માન જગતના જીવ માત્રને મેળવવાનું સદા મનમાં રહ્યા કરે છે. તેથી મુક્તાનંદ સ્વામી કહે છે કે હે જીવ જો તારે સાચુ માન કે મોટપ મેળવવી હોય તો શ્રીહરિનું ભજન કરી લેજે તેમાં સૌ પ્રકારની મોટપ તને મળશે. કારણ કે તેવીના જન્મ મરણનું દુઃખ બીજા કોઇ ઉપાયે કરીને જવાનું નથી.જેમ પારસ મણીના સ્પર્શથી લોખંડ સોનું થઈને મોટી કીંમત અર્થાત માન મેળવે છે. તેમ ભજનના સ્પર્શથી જેવી રીતે નારદ મુનિ એક દાસીના પુત્ર હોવા છતાં ભજનના પ્રતાપે કરીને સંસારમાં સૌથી મોટું માન ભગવાનના

you. It is extremely difficult or almost impossible to get such human body in the Scriptures it describes the human body to be priceless. You have been given this priceless human body and by the grace of Bhagwan you are born in Bharatkhand. Bharatkhand is the land where the ever residing omnipresent Shree NarNarayan Bhagwan is present. It is the only land where Bhagwan manifest himself and the land of great Saints. Just reciting the name of the omnipresent Shree NarNarayan Dev will relieve you from all your sorrows generated by the Worldly desires and also from the repeated births and deaths we. Therefore O Soul! You should surrender yourself to the lotus feet of Shree NarNarayan Dev leaving all of your desires, anger, proudness, greed, ego and worship Shree NarNarayan Dev. You will be relieved from the grief from this World and obtain the heaven abode of Brahmadham. This is why Muktanand Swami is alerting all the souls in this hymn.

## 9 RAAG : SAMERI

# HARI BHAJTA SAHU MOTAP

### Sad Guru Muktanand Swami

**Hari bhajata sahu motap pame janmamaran dukh joye re,**
**Parash parshi loh kanchan thai, modhe mule vechay re. Hari. 1**
**Muni naradni jat na janu, dashiputra jag jane re,**
**Harine bhaji harinu man kevana, ved puran vakhane re. Hari. 2**
**Radhaji ati prem magan thai, ur dharya girdhari re,**
**Harivar vari hari tulya thaya, jenu bhajan kare narnari re. Hari. 3**
**Shyamaliyane sharne je ave, tena te bhav dukh vame re,**
**Mukahantnandna nathne malta, akhand e vatan pame re. Hari. 4**

All the souls of this World have the utmost desire to achieve recognition and honor. That is why Muktanand Swami discourses that Dear Soul! If you want to achieve the true honor and the everlasting respect you should worship and serve the lotus feet of Almighty Shree Hari. Just by performing these tasks you will obtain true greatness. The sorrow you obtain from the cycle of birth and death will not end by any other therapy. This sorrow and the achievement of great honor you will obtain only by worship of Shree Hari. When the Philosopher’s stone touches Iron, the iron gets converted into gold and is sold very high price. The same way a devotee doing the devotion service of Shree Hari will obtain great honor and respect. Just like the great devotee Narad Muni, he was born in a servant’s house to a servant maid, but by worshipping Lord Shree Hari he received great respect and honor from the Scriptures and Saints, they had to classify him as being the mind of Bhagwan. Dear Devotee! If you take refuge under the devotional umbrella then you will obtain greater respect and honor then even Naradji obtains throughout

મન હોવાનું મેળવે છે. તેમ તૂં પણ જો ભજનનો આશ્રય કરીશ તો એથી પણ વિશેષ માન અને સન્માન મેળવી શકીશ.જેવી રીતે રાધાજી એ ભગવાનને પ્રેમ કર્યો તો સ્વયં ભગવાનની જેમ તેમને લોકો ભજવા મંડ્યા છે. એટલું મોટું માન મોટપ ભજનના પ્રતાપે કરીને મળે છે.શ્યામળીયા પરમાત્માના શરણે આવે તેના ભવ દુઃખ માત્ર નાશ થાય છે. મુક્તાનંદ મુનિ કહે છે એ નાથ ને મળશો ત્યારે આ વાત નું રહસ્ય સમજવામાં આવશે.

**10 રાગ : ગરબી**

## મોહનને ગમવાને ઈચ્છો માનની

**રચના : સ.ગુ. મુક્તાનંદ સ્વામી**

**મોહનને ગમવાને ઈચ્છો માનની,**
**ત્યાગો સર્વે જૂઠી મનની ટેકજો.**
**પતિવ્રતાનો ધર્મ અચળ કરી પાળજો,**
**હરિચરણે રહેજો અબળા થઇ છેક જો મોહન. ૧**
**વળી એક વાત કહું છું અધિક વિવેકની,**
**સાંભળ બેની તારા સુખને કાજ જો.**
**હરિજન સંગે રાખો પૂરણ પ્રીતડી,**
**ત્યાગો મદ મત્સર જૂઠી કુળલાજ જો મોહન. ૨**
**સુખદાયક તું જાણે સુંદરશ્યમાને,**
**અતિ દુઃખદાયક મન પોતાનું જાણજો.**
**મુક્તાનંદનો નાથ મગન થઇ સેવજો,**
**સમજી વિચારી બોલો અમૃત વેણ જો. મોહન. ૩**

સંસારનો સંબધ કેવો માયાળુ છે, અને કેવો સ્વાર્થ પરાયણ છે. તેને સાચા અર્થ માં જો સમજવું હોય તો આ મુક્તાનંદ સ્વામીના શબ્દો ઉપર ખાસ વિચાર કરવા જેવો છે.પોતાનો પુત્ર સંસાર છોડીને ભગવાનનું ભજન કરે તેમાં શાસ્ત્રો એમ કહે છે કે એકોતેર પેઢીનો ઉધ્ધાર કરે છે. દિકરો કમાઈને લાવે તો એક પેઢી સુખેથી રહી શકે પણ જો ભગવાનના શરણે જાય તો એકોતેર પેઢીઓ સુધીનાને સુખેથી રહેવા મળે છે.પરંતુ માયાનું બંધન

his life time. Similarly if you follow the path of dedication and worship shown by Radhaji towards Lord Shree Krishna. What mammoth task did Radhaji accomplish that today millions of people worship her the same way they worship Lord Shree Krishna. Radhaji just performed a minute task of just loving Bhagwan as a husband and she obtained this great honor that her name is pronounced before Lord Shree Krishna himself. That Great Almighty Soul, the one with the dark complexion, Lord Shree Hari whomever takes refuge under him and surrender themselves to his divine lotus feet. That Lord is that merciful that he will relinquish all yours sorrows right from the roots. Muktanand Muni says that this secret will only be revealed to you only when you physically meet the Almighty Lord Shree Hari in his true form.

## 10 RAAG : GARBI

# MOHAN NE GAMVA NE ICHHO MAANNI

### Sad Guru Muktanand Swami

**Mohan ne gamva ne ichho maanni,**
**Tyaago sarve jutthi man nee tek jo,**
**Pativrata no dharma achal kari ppalji,**
**Hari charne rahejo abala thai chhek jo. mohan... 1**
**Vali ek vaat kahu chhu adhik vivekni,**
**SaambhalR beni taara sukhne kaaj jo.**
**Harijan sange raakho puran pritadi,**
**tyago mad matsar juthi kul laaj jo. mohan... 2**
**Sukhdaayak tu jaane sundar shyaamne,**
**ati dukhdaayak maan potaanu jaan jo**
**Muktaanand na naath magan thai sevjo,**
**samji vichaari bolo amrut ven jo. mohan....3**

If one truly wants to understand how powerful that Darkness of Ignorance Maya really is, the false sense of security it brings, the attachment it brings to friends and relatives, we have to pay great attention to the words Shree Muktanand Swami has discoursed in this hymn. If your only Son wants to renounce the Worldly pleasures of society and wants to dedicate his life to serve and worship the Almighty Shree Hari. Would we give him permission to leave? Scriptures discourse that if one member of your family becomes a true devotee of Shree Hari then 71 generations of that devotee will obtain Salvation. When our son and daughter ask us for permission to enter the Sainthood would we let them depart? In our minds we would think that forget about the 71 generations if that sin and daughter start to work and whatever salary they earn they surrender to us then we will be happy. Look at how selfish we are! On one side we have our son or daughter who can give Salvation to 71 generations and on the other side our selfish needs I need them here to take care of us. Which one would you choose? This is how strong our attachment is to our family that we cannot contemplate logic. We do not think

એવું છે કે આ વાત જાણતાં હોવા છતાં સ્વાર્થના કારણે માતપિતા પોતાના સંતાનને છોડી શકતાં નથી. એને પોતાની જેમ જ સંસારના બંધનમાં જોતરે છે. અહીં પણ એવું જ કંઈક બન્યું છે. મુક્તાનંદ સ્વામીએ સંસાર છોડ્યો માતાપિતા ની સમજાવટ કામ ન લાગી ત્યારે બહેન એન ભાઈના પવિત્ર સ્નેહ નો ઉપયોગ કરવાનું વિચારિને બહેનને મનાવા માટે મોકલ્યા ત્યારે સ્વામીના મુખમાંથી જે શબ્દો અનાયાસે નિસરી પડ્યા તે જીવ માત્રને ઉપયોગી થઈ પડે તેવા છે.

હે માનુનિ માનનીય બહેનાજી તમારી મનની બધી ઈચ્છાઓનો ત્યાગ કરી એક મોહન (પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીહરિને) ગમતામાં રહેવાનો સંકલ્પ કરો કારણ કે આ બધી જગતની માયા ખોટી છે અને નાશવંત છે. માયાના બંધન દુઃખ દાય કછે. સાચુ સુખ તો પરમાત્માના શરણે જ છે. અને પરમાત્માના શરણે તો જ રહેવાય જો પોતપોતના ધર્મો સારી રીતે પળાય તો શરણે ટકી શકાય છે. તેથી કહે છે હે બેના તમો પતિવ્રતાનો જે ધર્મ છે તેને સારી રીતે પાળશો તો પણ તમારા ઉપર પરમાત્માની કૃપા ઉતરશે અને અંતે અક્ષર ધામની પ્રાપ્તિ થશે.અને વિશેષ સંસારીક સબંધોને માયાના બંધનો જાણી તેમાંથી સ્નેહ તોડી ભગવાન અને ભગવાનના પ્રિય ભક્તો સાથે સાચો સ્નેહ કરજો તેમાં જ તમારુ હિત છે. જીવ માત્રને સુખ આપનાર એક ભગવાન જ છે અને દુઃખ આપનાર તો પોતાનું મન જ છે. માટે મનની બધી ઈચ્છાઓને એક બાજુ રાખીને પરમાત્માને ભજી લેવા એજ સાચો વિવેક છે. આમ સમજી વિચારીને સૌના હિતના શબ્દો નો જ ઉપયોગ કરવો પણ કોઈપ્રકારે ક્લેશ થાય તેવું તો ક્યારેય પણ બોલવું પણ નહિ.

**11 રાગ : ગરબી**

## વાલા રમઝમ કરતાં કાન

**રચના : સ.ગુ. મુક્તાનંદ સ્વામી**

**વ્હાલા રમજમ કરતાં કહાન,મારે ઘેર આવો રે.**
**મારા પુરા કરવા કોડ, હસીને બોલાવો રે. ૧**

rationally because of our desires and selfish needs this is called Maya or Darkness of Ignorance. We have all experienced the unhappiness and sorrow of married life; from our experiences we can truly say we were much happier as a bachelor or bachelorette, then why do we convince our loved ones our sons and daughters to join the group of sorrow and unhappiness.

During Muktanand Swami's life a similar experience occurred. Parents have come to convince Muktanand Swami to come home using parental love us their weapon, when that did not work they used the love of brother and sister to convince Swamji to come home. The relationship between brother and sister cannot be discoursed by great poets that is how string their bond is between each other. Swamji's parents have sent his sister to convince Swamji to come back home. Swamiji sister has requested an audience with Muktanand Swami from Shreeji Maharaj. Maharaj has smiled and has requested MukatanandSwami to meet with his sister.

When both brother and sisters eyes met from Muktanand Swami's heart the following words started to flow. The words where not just discoursed to his sister but these words are that powerful that they benefit all the Souls.

Dear Lady! O my respected sister! Put aside all your emotions and desires and follow the path laid down by of Mohan the Almighty Bhagwan Shree Hari. The pleasure of serving his divine lotus feet nothing in this World can compare to that pleasure. All the pleasure upon this Earth and all the desires are perishable. Any pleasure upon this Earth is stagnated! The true pleasure is under the refuge of Lord Shree Hari, but it is only possible to obtain those divine feet by observing one's duties as per ashrams. Swami discourses that O my Dear sister! To make the Almighty Lord happy you should follow the path of a chaste woman. When you follow this path of chaste the Almighty Shree Hari will become immensely happy upon you that he bless you with his most choicest blessings and you will obtain the Divine Abode Akshardham. Realize to yourself that all relationships and attachments you have to family and friends sooner or later will perish, detach yourself away from this unhappiness and attach yourself to the divine love of Shree Hari and his beloved devotees. This is the truth and the truth is always beneficial to you! The Supreme Being Lord Shree Hari is the ultimate source of happiness and He provides that happiness to all the Souls. Who brings us sorrow and misery? Bhagwan is the abode of happiness, where there is happiness and pleasure can unhappiness reside. No! The source of unhappiness is nothing else but our mind and our emotions. Hence keep aside your desires and yearnings of the mind and with true emotion serve and worship the Almighty Shree Hari.

That is why we should always speak the truth, but thoughtfully (think before you speak), use the appropriate words, which are beneficial to everyone, but we should never speak words which may generate sorrow, confusion and cause confrontation.

## 11 RAAG : GARBI

# VAALA RUMJUM KARTA KAAN

### Sad Guru Muktanand Swami

**Vaala rumjum karta kaan maare gher aavo re,**
**Maara pura karva kod hasine bollavo re. 1**

**મારે તમ સંગ લાગી પ્રીત, શ્યામ સોહાગી રે,**
**મેંતો તમ સંગ રમવા કાજ, લજ્જા ત્યાગી રે. ૨**
**વ્હાલા અબળા ઉપર મહેર, કરજો મુરારી રે,**
**હું તો જન્મોજનમની નાથ, દાસી તમારી રે. ૩**
**મારા પ્રાણ તણા આધાર, પ્રીતમ પ્યારા રે,**
**પળ રહોમાં નટવર નાથ, મુજથી ન્યારા રે. ૪**
**આવો છોગાં મેલીને શ્યામ,ધડકમ ધારો રે,**
**મેંતો ફુલડે સમારી સેજ, શ્યામ સુધારો રે. ૫**
**વ્હાલા નયણાતણું ફળ નાથ, મુજને આપો રે,**
**મુક્તાનંદ કહે મહારાજ, દુઃખડા કાપો રે. ૬**

જીવ માત્રનો સ્વભાવ છે કે જ્યારે બહુજ સુખ અર્થાત ધન ધાન્ય માન મોટપ મળે ત્યારે ભગવાન ન યાદ આવે પણ જ્યારે દુઃખ પડે ત્યારે તો સૌને ભગવાનની યાદ રાત્રી દિવસ આવવા માંડે છે. તેથી માતા કુંતાજીએ દ્વારિકાધિશ ભગવાન શ્રીકૃષ્ણ પાસે એમ માગ્યું કે હે પ્રભુ મને તો સદા દુઃખ જ આપશો કારણ કે દુઃખના સમયમાં તમે જેવા યાદ આવતાં હતાં એવા આ રાજ્યપાટ મળ્યા પછી યાદ નથી આવતાં અને સુખ વૈભવો જ યાદ આવે છે જે ખરેખર દુઃખ દાયક છે. જીવને સાચુ સુખ આપવા વાળા તો એક ભગવાન જ છે. સંસારના બધા જ દુઃખ કાપીને મોક્ષ રુપી મહાસુખ આપનાર તો એ પરબ્રહ્મપરમાત્મા જ છે. તેથી શારીરિક દુઃખ આવી પડે ત્યારે પણ પ્રભુને જ પ્રાર્થના કરો કે હે પ્રભુ જલદી આવીને મારા દુઃખડા દૂર કરો. પ્રસંગ એવો બન્યો છે એક સમયે ભગવાન શ્રીહરિ પાંચ સૌ પરમહંસોને સાથે લઈને વડતાલ ફુલદોલ ઉત્સવ જે ભગવાન શ્રી નરનારાયણ દેવ નો જન્મોત્સવ કરવા માટે જતાં હતાં રસ્તામાં ભલ પ્રદેશ આવ્યો ત્યાની ચીકણી જમીનમાં ચાલતાં ચાલતાં મુક્તાનંદ સ્વામી પડી ગયા અને તેમનો પગ ભાંગ્યો હવે ચાલી શકાય તેમ નથી તેથી શ્રીહરિએ રસ્તામાં આવેલ ગમમાં એક હરિ ભક્તના ઘરે સ્વામીને રોકાઈ જવાની આજ્ઞા કરી એને કહ્યું પાછા આવીશું ત્યારે તમો અમારી સાથે ચાલજો.

**Maare tam sang laagi prit shyam sohaagi re,**

**me to tam sang ramva kaaj lajja tyaagi re. 2**

**Vhaala abla upar maher karjo moraari re,**

**Hu to janmo janam ni naath dassi tamari re. 3**

**Maara Praan tana aadhaar pritam pyaara re,**

**Pal raho ma natyvar naav muj thi nyaara re. 4**

**Aavo chhoga meli ne shyam dhadak ma dhaaro re,**

**Me to fulde samaari sej shyam sudhaaro re. 5**

It is the common behavior among the mortals that when they obtain sheer happiness meaning; wealth, grains, goodwill, they do not remember God but when struck with grief and sorrowthey start thinking of Bhagwan night and day. For that reason, Kuntamata asked king of Dwarika(Shree Krishna),"Oh Lord! Please always give me unhappiness, because in the times of sorrow I always think about You and in the times of happiness I cannot remember you. Only happiness and pleasures are remembered which are actually nauseating." God is the sole giver of happiness to souls. ParabhramPurshotam Narayan is the only one that can relinquish the pains of this material world and in turn give eternal happiness-Salvation. Knowing that, even in case of bodily pains, one should pray; Oh Lord! Please come soon and take my pain away."

During Shreeji Maharaj time upon this Earth; Bhagwan Shree Hari along with His five hundred supreme Saints was going to Vadtal to celebrate Phuldol Ustav which is also the birthday of Nar Narayan dev. On their way they entered Bhal state. Here walking in the sticky, muddy road; Muktanand Swami slipped and fractured his leg. Now that he could not walk, Shree Hari asked him to stay back at a devotee's house in a village which came on their way and said, when we return you can rejoin us. Whilst Swami was waiting for Lord Swaminarayan to return Swamiji was praying was to Lord Swaminarayanto return soon. Swamji

સ્વામી રોકાઈને વાટ જોતાં હતાં ત્યારે પ્રભુ વહેલાં આવે તેવી તેમની આ પ્રાર્થના છે. હૃદયને સ્પર્શી જાય તેવી છે. હે પ્રભુ રમજમ કરતાં વહેલાં આવજો અને મને દુઃખથી નહિ પણ હસીને બોલાવજો કારણ કે આ દુઃખ તો શરિરનું છે. અને તે શરીર તો નાશવંત છે. મારે તો તમારી સાથે પ્રીત બંધાણી છે તેથી શરીરના દુઃખની તો મને ચિન્તા જ નથી.

**12 રાગ : ગરબી**

## સ્નેહભર્યા નયને નિહાળતા હો..

**રચના : સ.ગુ. મુક્તાનંદ સ્વામી**

**સ્નેહ ભર્યા નયને નિહાળતા હો, વંદન આનંદ ઘનશ્યાને.**
**અમિમય દૃષ્ટીએ નિહાળતાં હો વંદન આનંદ ઘનશ્યામને.**
**છપૈયાપુરમાં વાલો આપે પ્રગટ થયા, ધર્મભક્તિને ઘેર આનંદ ઉત્સવ થયા.**
**સંતોને આનંદ ઉપજાવતા હો.. વંદન. ૧**
**બાળચરિત્ર કરી આપે વન વિચર્યા, તીર્થોમાંહી ફરી જીવો પાવન કર્યા,**
**નીલકંઠ નામ ધરાવતા હો.. વંદન. ૨**
**વલકલ વસ્ત્ર ધરી પુલહાશ્રમે રહ્યા, બ્રહ્મરૂપ તેજ કરી મોટા જોગી થયા,**
**નિજ સ્વરૂપ સમજાવતાં હો.. વંદન. ૩**
**લોજપુર ધામ રહી સરજુદાસ કાવીયા, સર્વોપરી જ્ઞાન કહી સંતોને રિઝાવીયા,**
**મુક્તાનંદ પ્રેમ થકી પૂજતા હો.વંદન. ૪**

સર્વાવતારી પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે મનુષ્ય શરીરે પ્રગટ થઈને આત્યંતિક મોક્ષનો મહા માર્ગ પ્રવર્તાવ્યો ત્યાર પછી આ માર્ગ સદાયને માટે ચાલુ રહે તે માટે ચાર ગુઢ સંકલ્પો પૂર્ણ કર્યા મહામંદિરનું નિર્માણ જેમાં નવ નવ મહામંદિરો નિર્માણ કરાવીને તેમાં પોતાના જ દિવ્ય સ્વરુપોની સ્વયં પોતાના હસ્તે મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરી,સત્શાસ્ત્રોની રચના કરી અને નંદ સંતો પાસે કરાવી.આની રક્ષા માટે પોતાના જ વંશ ધર્મવંશમાં આચાર્ય પદની સ્થાપના કરી અને ભાગવતી મહાદિક્ષાની પરંપરા સ્થાપી. આ દિવ્ય સંપ્રદાયની અવિચ્છીન્ન પરંપરા સદાયને માટે નિર્વિઘ્ન ચાલ્યા કરે તેવી વ્યસ્થાના સ્થાપન માટે જ સમગ્ર સંપ્રદાયના બે વિભાગ કર્યા, ઉત્તર અને દક્ષિણ તેમાં ઉત્તરમાં વિરાજતાં

could not tolerate the pain of being apart from Shreeji Maharaj. It is a heart touching prayer. Oh Lord! Please return soon and call upon me with pleasant words and admiration, but not with sorrow and unhappiness because this pain is of the body and this body is life expectancy is short. I adore You and so I am not worried about any pains associated with this body.

## 12 RAAG : GARBI

## SNEH BHARYA NAYANE NIHAALTA HO

### Sad Guru Muktanand Swami

**Sneh bharya nayane nihaalta ho, vandan aanand Ghanshyam ne,**
**Amimay drashti ye nihaalta ho, vandan aanand Ghayshyam ne,**
**Chapaiayapur ma vaalo aape pragat thaya,**
**Dharm-bhakti ne gher aanand utsav thaya**
**Santo ne aanand upjjavta ho. vandan. 1**
**Baal charitra kari aape van vicharya,**
**Tirtho maahi fari jivo paavan karya,**
**Nilkanth naam dharaavta ho. vandan. 2**
**Valkal vastra dhari Pulhaashram rahya,**
**Brahma rup tej kari mota jogi thaya,**
**Nijsvarup samjaavta ho. vandan. 3**
**Lojpur dhaam rahi Sarjudas kaaviya,**
**Sarvo pari gnaan dai santone rijaaviya,**
**Muktanand prem thaki pujta ho. vandan. 4**

The Supreme Lord! Shree Swaminarayan Bhagwan manifested himself as a human and established the colossal path to Salvation. To insure this path remains openeternally Lord Swaminarayan established five pillars for this path to stand on: Construction of Temples; during His reign on this EarthLord Swaminarayan constructed 9 Grand Temples and installed Idols at these temples by His own Divine Hands. He composed the Holy Scriptures and also asked Saints to compose Holy Scriptures. To protect the Temples, Scriptures, Saints and His Philosophy He established Acharyas from His own lineage and

બદ્રીપતિ ભગવાન શ્રીનરનારાયણદેવ દેશ અમદાવાદ નામથી ગાદિની ઓળખ કરી અને દક્ષિણમાં શ્રીલક્ષ્મીનારાયણ દેવ દેશ વડતાલ નામથી ગાદિની ઓળખ કરી, મોટા ભાઈ રામપ્રતાપજીના પુત્ર અયોધ્યાપ્રસાદજી અને નાના ભાઈના પુત્ર રઘુવીરજીને દત્તક પુત્ર કરીને બે ગાદિના બે આચાર્યો સ્થાપ્યા, તેમાં ઉત્તર વિભાગ રામપ્રતાજીના પુત્રના ભાગમાં શ્રીનરનારયાણદેવની ગાદિ ભાગમાં આવી ત્યારે મોટા ભાઈ કહે અરે ઘનશ્યામજી તમેતો મારા પુત્રને સુકો પ્રદેશ આપ્યો. ત્યારે પ્રભુ શ્રીહરિ ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રસન્ન થઈને બોલ્યા કે ભલે સુકો પ્રદેશ છે પણ તેમાં હું ભેળો છું.પણ તે માન્યમાં કેમ આવે તમોતો ગઢપુરમાં જ વધારે રહો છો. ત્યારે અતિ પ્રસન્ન થયેલા પ્રભુ કહે છે કે હું તો મૂર્તિમાન અહિં સદા રહિશ, જુઓ અમે આ નવ નવ મહા મંદિરો બનાવરાવ્યા તેમાં શ્રીનરનારાયણ, શ્રીલક્ષ્મીનારાયણ, શ્રીરાધાકૃષ્ણ આદિક મૂર્તિઓ પધરાવી છે, પણ અમારી પોતાની મૂર્તિ ક્યાંય પધરાવી નથી. કારણ કે વૈદિક નિયમ પ્રમાણેપોતાની જ મૂર્તિ માં પોતે કેવી રીતે પ્રાણનું આવાહન કરી શકે. તે તો ન જ થઈ શકે શાસ્ત્રનો બાધ આવે છે. તેથી અમારી મૂર્તિ અમે જાતે તૈયાર કરાવીને તમારા પુત્રને આપીશું અને તેમાં પ્રાણ પ્રતિષ્ઠા તમારા પુત્ર કરશે એટલે અમે તે મૂર્તિમાં સદા પ્રત્યક્ષ વિરામાન રહિને તમારા પુત્રની અને તેના આશ્રિતોની સર્વ પ્રકારે રક્ષા કરીને અમારા દિવ્ય અક્ષર ધામમાં તેડી જવા પ્રગટ પ્રમાણ વિરાજમાન રહીશું, આ અમારો વર છે. આવો વર આપીને સ્વયં શ્રીહરિએ આધારાનંદ સ્વામી અને કચ્છભૂજના સુંદરજીભાઈ સુથારને આજ્ઞા કરીને પોતાની સાથે અમદાવાદ બોલાવ્યા અને જેવું પોતાનું સ્વરુપ છે તેવું જ નખ શિખ પર્યંત સામે ઉભારહિને માપ આપીને મૂર્તિ તૈયાર કરાવી કારીગરો સુંદર શ્રેષ્ટ સુખડના કાષ્ટમાંથી આખો દિવસ મૂર્તિ કંડારવાનું કામ કરતાં તેમાં કોઈક અંગનો આકાર આપવામાં કચાસ રહી જાય તો રાત્રીના સમયે શ્રીહરિની આજ્ઞાથી દેવોના શિલ્પી વિશ્વકર્મા આવીને તે કચાસને પૂર્ણ કરી આપતાં આમ અતિ સુંદર શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિ તૈયાર થઈ તેનું ધ્યાન સૌ સંતો ભક્તો અને આદિ આચાર્ય

also established the tradition of initiation. In order to ensure that the tradition of this Divine sect continues forever without any hindrance, He divided the entire sect in two parts: North and South. Among them, He acquainted the North by the name NarNarayanDev region, Ahmedabad; where the King of Bharatkand (ASIA) and Badrikashramreside. And He acquainted the South by the name Lakshmi Narayan Dev region, Vadtal. He adopted Ayodhyaprasadji; the son of his older brother, Rampratapji and Raghuvirji; the son of younger brother, Iccharamji and announced them as Acharyas of both the thrones. When Rampratapji's son His Holiness Ayodhyaprasadji Maharaj received NarNarayanDev region as his share; Rampratapji complained, "Oh Ghanshyam! You gave my son a desert region!"At that time Shree Swaminaryan Bhagwan happily said, "be it a desert region, I am present along with it." But how can one believe that? You reside in Gadhada for most of the time. At that time Shreeji Maharaja who was extremely elated said, "I'll always reside here in the idols and protect your son and his followers from all the obstacles and I'll always be present to take them all to my heaven abode Akshardham. This is my boon. Having given this boon Shree Hari himself ordered and took along with Him Adharanand swami and Sunderjibhai of Kutch Bhuj to Ahmedabad. He stood in front of them to take measurement of his form from his hair to toe and prepare an idol accordingly. The laborers used appropriate Sukhad wood and worked on sculpting the idol all day long. If there happened to be a defect in shaping any part of the body then at night Vishwakarma, the sculptor of the Devtas(demi-gods) would himself appear with the consent of Shree Hari and fix the defects.

And thus, a very attractive idol of ShreeGhanshyam Maharaj was ready. All saints and devotees and even former Acharya, Ayodhyaprasadji started meditating upon this idol of

મહારાજ શ્રી અયોધ્યાપ્રસાદજી પણ કરવા લાગ્યા. આ મૂર્તિના ધ્યાન માત્રથી ભક્તોને પરમાત્માના જન્મથી પ્રારંભીને અદ્યાપિ પર્યંત સુધીના દિવ્ય ચરિત્રોના પ્રત્યક્ષ ના દર્શન થવા મંડ્યા તેથી સમગ્ર સતસંગમાં તેની વાતો થવા લાગી તે સંભળીને મોટેરા સંતો અને હરિભક્તો દર્શનાર્થે આવવા લાગ્યા. તેમાં એક વખત સ.ગુ. મુક્તાનંદ સ્વામી પણ પોતાના શિષ્ય મંડળ સહિત પધાર્યા અને મૂર્તિના દર્શન કરતાની સાથે તેમના કવિ હૃદયમાંથી આ અતિ મધુર શબ્દો સ્ફુટી નિકળ્યા. પોતાના ઈષ્ટ દેવ ના નયનોમાં કેવો અગાધ સ્નેહ ભર્યો છે, તે આમૂર્તિના નયનોમાં દૃષ્ટી કરીએ ત્યારે ખબર પડે છે. સ્નેહ અને લાવણ્યતાની આ સાક્ષાત મૂર્તિ તે મૂર્તિ જ છે. આવો નિર્દોષ પ્રેમ તો પરમાત્માના બાલ સ્વરુપમાં જ હોયને અને પરમાત્માના બાળ પણનું નામ તો ઘનશ્યામ છે તેથી મુક્તાનંદ સ્વામીએ આ મૂર્તિની વંદના ઘનશ્યામના નામથી જ કરી ત્યારથી ભગવાન શ્રીસ્વામિનરાયણની આ દિવ્ય મૂર્તિને સૌ ભક્તો ઘનશ્યામ નામથી પુકરાવા લાગ્યા.તે નામનું જ રટણ અને ભજન કરવા લાગ્યા. કારણ કે આ નામનું રહસ્ય તો મુક્તનંદ સ્વામી જેવા કોઈક જ જાણતાં હતાં. સહજાનંદસ્વામી, નારાયણમુનિ,સરયુદાસ,હરિ,કૃષ્ણ, હરિકૃષ્ણ,નિલકંઠ, સ્વામિનારાયણ આવા નામો તો પ્રસિધ્ધ હતાં પણ પોતાનું ઘનશ્યામ એવું નામ પણ છે તે કોઈને ક્યારેય કહ્યું જ ન હતું. એવું આ અતિ અદ્‌ભૂત ચમત્કારીક પરમાત્માનું વાહલું વાહલું હુલામણું નામ ઘનશ્યામ આ રંગ મહોલમાં વિરાજમાન મૂર્તિના દર્શન કરતાં જ મુક્તાનંદ સ્વામીએ પ્રકાશીત કરી આપ્યું છે, જે આજ દિન સુધી અસંખ્ય ભક્તોને રોજે રોજ નવા નવા પરચા અને ચમત્કારો ના દર્શન કરાવીને પોતાના સ્વરુપનો દૃઢ નિશ્ચય કરાવે છે. આ મૂર્તિ સન્મુખ આવી કોઈ પણ વ્યક્તિ સ્તુતિ પ્રાર્થના અને કીર્તન ગાય છે તેને અવશ્ય પ્રત્યક્ષ શ્રીહરિના દર્શન થાય છે. મુક્તાનંદ સ્વામીની જેમ જ દિવ્ય અનુભૂતિ થયા વગર રહેતી નથી. કોઈ ભક્ત સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીને આપેલ વરદાન પ્રમાણેતેમની રચનાના એકસૌ કીર્તનો ગાઈને સંભળાવે તો તત્કાળ શ્રી ઘનશ્યામ પ્રભુ પોતાના અતી દુર્લભ દિવ્ય દર્શન

ShreeGhanshyam Maharaj. By meditating on this idol of Ghanshyam Maharaj the saints and devotees started to experience live vision of GhanshyamMaharaj's past times (Leelas) from His birth to present day which became a topic of discussion within the whole fellowship. Hearing this talk highly respected Saints and devotees started coming for the glimpse of this divine idol. On one occasion even Muktanand swami along with his fellow student saints had arrived and no sooner did theyobserve this idol; these sweet words gusted out of his poetic heart. One can understand the love filled in the eyes of God when one looks at the eyes of this idol. Such innocent love has to be in child-like idol of God and Ghanshyam being the childhood name of God, Muktanand swami bows down to this idol by the name of Ghanshyam. As of that event, all devotees started addressing this divine idol of Lord Shree Swaminarayan by the name ofGhanshyam Maharaj. They started hymning praying on this name. The secret of this name was known only too few like Muktanand swami. The names like Sahajanand Swami, Narayan Muni, Sarjudas, Harikrishna, Neelkanth, Shree Swaminarayan were the well-known but He had never told anyone that He adorned the name Ghanshyam too. Thus this very unique miraculous, lovable and dear name Ghanshyam of God was revealed by Muktanand Swami at Rangmohal (Ahmedabad) while having the divine glimpse of the idol where as of date this idol proves new miracles every day to numerous devotees building strong faith of His form. Whoever prays sings glories, devotional songs in front of this idol, surely gets the live vision of Shree Hari. One cannot fail to experience the divinity experienced by Muktanand swami. If any devotee recites 100 stanzas of devotional songs composed by Brahmanand Swami, then according to the boon given to Brahmanand Swami, Shree Ghanshyam will immediately give

અચુક આજ પણ આપે છે. પ્રાકૃત કે સંસ્કૃત ભાષાના અષ્ટકો કે જેમાં ભગવાન શ્રીહરિની સર્વોપરી ઉપાસના અને મૂર્તિનું તાદશ્ય વર્ણન હોય તેનું ગાન કરવા વાળાને શ્રીઘનશ્યામ પ્રભુ પોતાના દિવ્ય સ્વરુપનું અખંડ સુખ આપે છે.તેનો અનુભવ કરવો હોય તો એકાદ વખત અવશ્ય સવારે મંગળાના દર્શન કરાવા આવવું અને એકાદ કલાક આ દિવ્ય મૂર્તિના દર્શનનું સુખ માણવું. જીવન ધન્ય બની જશે. એવા સંતોને રીજવવા વાળા આ સ્વરુપથી મુક્તાનંદ સ્વામીને જેવો આનંદ થયો છે તેવો આનંદ આવનાર સૌને આ રંગમહોલમાં વિરાજીને શ્રીઘનશ્યામ પ્રભુ આપે છે. તો આ અવસર ચુક્યા જેવો નથી જ.

## 13 રાગ : ગોડી

## નરનારાય સ્વામી...

**રચના : સ.ગુ. મુક્તાનંદ સ્વામી**

**નરનારાયણ સ્વામી, મેરે શિર નરનારાયણ સ્વામી,**
**હિમત્ય સહિત મોહદલ મારુ, તો સાચા નિષ્કામી.. મેરે. ૧**
**કામ ક્રોધ મદ લોભ મેવાસી, કાહુંકી શંક ન લાવે,**
**અબ ઇનકિ જડમુળ ઉખારું, બહોરિ ન શિશ ઉઠાવે. મેરે. ૨**
**કર ગુરુ જ્ઞાન ખડગલે નિશદિન, મોહ ફોજ સબ મારું,**
**રણસે પાવ ધરું નહિ પીછા, હિમત કબહુ ન હારું.. મેરે. ૩**
**મોહ "પંચી મારું રણબીચ. સબ ઝગડા મીટ જાઇ,**
**મુક્તાનંદ મગન રહું હરિસંગ, ચરન કમળ લપટાઇ.. મેરે. ૪**

સંધ્યા સમય થાય એટલે જગતના બધાજ કાર્યોથી નિવૃત્તિ લઈને આધ્યાત્મિક માર્ગ તરફ પ્રયાણ કરવા ની તૈયારી કરવા માટે સૌને આવાહન અર્થાત એકઠા કરવાનો પ્રયત્ન કરવો તેનું નામ ગોડીના પદો.આ પદો ગાઈને જગતના જીવ માત્ર ને ભગવાન તરફ લઈ જવા માટે જાગ્રત કરવામાં આવે છે. આમ તો ગોડી એટલે છંદ શાસ્ત્ર પ્રમાણેએક રાગ એટલે કે છંદનું જ નામ છે. પરંતુ તેનો કયા સમયે ઉપયોગ કરવો અને શા ? માટે ઉપયોગ કરવાો તે ઘણુ જ મહત્ત્વનું છે. જેમ કેટલાક રાગ પ્રભાતમાં જ

His rare darshan without fail. Whosoever recites verses in Sanskrit or local language which narrate supreme faith and actual description of the form of Shree Hari; Shree Ghanshayam gives them permanent bliss of his form. To experience this one should arrive for the morning Aartiand indulge into the happiness derived from this idol at least for an hour. (Your) life will become divine. The form of God that pleases the Saints, Shree Ghanshyam, will surely deliver happiness to everyone who comes just like it did to Muktanand swami. So don't miss this opportunity!

## 13 RAAG : GARBI

## NARNARAYAN SWAMI....

### Sad Guru Muktanand Swami

**Narnarayan swami, mere shir narnarayan swami,**
**Himtya sahit mohadal maru, to sacha nishkami... mere. 1**
**Kam krodh mad lobh mevasi, kahuki shak n lave,**
**Ab inki jadmul ukharu, bahori na shish uthave. mere. 2**
**Kar gugu gyan khadgale nisdin, moh foj sab maru,**
**Ranse pav dharu nahi picha, himat kabhu na haru. mere. 3**
**Moh panchi maru ranbiy, sab zagada mit jai,**
**Muktanand magan rahu harisang, charan kamal laptai. mere. 4**

When the Sunsets, it is the time when all living beings retire from Worldly affairs and become engrossed in religious activities. Godi pads are created to invite and gather everybody to become devote in religious activities. These stanzas are sung to alert people to devote their time to Bhagwan. Normally, Godipads (stanzas) areverses that should only be sung in the evening this is proclaimed in the Scriptures. There are many songs written by our Divine Saints and it is important to know

ગાવા કે સાંભળવા સારા લાગે છે, તેમ જ આ રાગ પણ સંધ્યા સમયે ગાવાનો રાગ છે. અને તે રાગમાં પરમાત્માના ગુણ અને ઐશ્વર્યનું ગાન કરીને જગતના જીવને ભગવાન તરફ ખેંચી લાવવાનો પ્રયત્ન કરવાનો છે. આપણા નંદ પરમહંસોએ આવા ગોડીના ઘણા જ પદોની રચના કરી છે, તે પદોમાં થી જરુર એકાદ પદ રોજ સંધ્યા સમયે આરતી પહેલા અવશ્ય ગાવાની પરંપરા આપણા સંપ્રદાયમાં છે.

તેમાં ખાસ કરીને મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામીના પદો અતિ પાવન કારી છે. તેમાં થી આ પદ મુક્તાનંદ સ્વામીનુ આપણે ને ઘણું કહી જાય છે. તેનો વિચાર કરવો રહ્યો. ભગવાન શ્રીસ્વામિનારાયણે વચનામૃત ગ.પ્ર.ના ૪૮ માં કહ્યા પ્રમાણેમુક્તાનંદ સ્વામી ભગવાન શ્રીનરનારાયણદેવને પોતાના સ્વામી અર્થાત ઈષ્ટદેવ કહીને કહે છે કે જેના ઈષ્ટદેવ ભગવાન શ્રીનરનારયણદેવ હોય તે તો હિંમત સહિત જગતની માયાને અને મોહ જાળને તત્કાળ જીતી જાય છે. જેના રક્ષણ કરનાર મસ્તક ઉપર શ્રીનરનારાયણદેવ છે તેને વળી દુનિયાની કોઈ પણ શક્તિ કે તાકાતનો ભય શેનો હોય. સાચા નિષ્કામી થઈને કામ,ક્રોધ,લોભ અને રસાસ્વાદને જડ મુળથી ઉખાડીને ત્યાગ કરી દેય છે. ફરી થી માથું ઉંચકવાનું નામ જ ન લેય તેવા કરી નાખે છે બધાજ અંતઃશત્રુઓને. પ્રપંચ અને ઝગડા તેમને ત્યાં ક્યારેય આવતાં જ નથી આ પ્રતાપ છે શ્રીનરનારાયણદેવનો એમ મુક્તાનંદ સ્વામી કહે છે. તેથી તેવા ભક્તો મગન થઈને શ્રીહરિના ચરણોમાં લપટાઈને રહે છે. એટલા માટે જ હે જગતના જીવો આવો અને શ્રીનરનારાયણદેવનો આશ્રય કરીને ભવજળને પાર પામો,અને છેવટે અવિનાશી એવા અક્ષર પદ અર્થાત અક્ષરધામના અક્ષર મુક્ત બનો. આ સિવાય કોઈ પણ ઉપાયે કરીને અક્ષરધામ સુધી પહોચવું મુશકેલ જ નહિ પણ અશક્ય છે.

at what time of year, what day, when, whyand where to sing that Song. Certain verses like Prabhatya can only be sung in the morning, the melody and vibration that prevail from those verses are only pleasant to hear in the morning. The same theory applies here; this particular song is produced from RaagGodi and it should be sung in the evening, this verse praises the glory of Bhagwan and directs the souls towards Bhagwan. Our Saints have composed many similar verses in this melody. By the tradition laid down by our Great Saints at least one of these verses is sung before the evening Aarti.

Among them, verses are composed by Muktanand Swami, Brahmanand Swami and PremanandSwami are very sanctifying. Amongst them, this stanza by Muktanand Swami tells us a lot that we need to ponder upon. As mentioned by Lord Swaminarayan in Vachnamrut 48 of Gadhada First chapter, Muktanand Swami addressing NarNarayanDev as his Lord, savior and his favorite God. Swamiji discourses whoever chooses NarNarayanDev as their Lord and Master they instantly triumph over this illusionary World. Why will a person be afraid of Worldly powers if they are blessed by NarNarayanDev? They become truly free of alldesires that much so that they uproot the roots of their desires, anger, greed and taste. They are never bothered by their inner enemies. This is the glory of NarNarayanDev says Muktanand Swami. Because of this, the devotees happily rest at the divine feet of Shree Hari. For that reason, Oh souls! Take sanctuary of NarNarayanDev, cross the ocean of life and ultimately become liberated soul of Akshardham. Without this, even with countless other means it is not only difficult but almost impossible to reach Akshardham.

## 14 રાગ : ગોડી

# વેદ પુરાણ પોકારે

**રચના : સ.ગુ. મુક્તાનંદ સ્વામી**

**વેદ પુરાણ પોકારે, સુનહુ સબ વેદ પુરાન પોકારે,**
**નરનારાયણ દેવ ભજ્યાં બિનુ, ભવજલ કોઉ ન તારે.. સુનહું. ટેક.**
**અનંત ભુવનકે ઈસ હે તદપિ, અધિક ભરતખંડ રાજા,**
**નિજતપ ફલદે ભરત ખંડ મધ્ય, કરત સબન કો કાજા.. સુનહું. ૧**
**જુગ જુગ વેદ વચન પ્રતિપાલન, ઈશ ધરત અવતારા,**
**રામકૃષ્ણ આદિક વપુ ધરિકે, પતિત કિયે ભવપારા.. સુનહું. ૨**
**એહી પ્રભુ અકળરુપ અવતારી, એહી સબ અંતરજામી,**
**પ્રગટ પ્રમાણ બિરાજત ભૂપર, મુક્તાનંદના સ્વામી.. સુનહું. ૩**

સ.ગુ.મુક્તાનંદ સ્વામી આ ગોડીના પદમાં જગતના જીવ માત્ર ને સાવધાન કરીને કહે છે. હે ભાઈ સાંભળો સમગ્ર વેદો અને પુરાણો પણ પોકાર કરીને કહે છે કે શ્રી નરનારાયણદેવને ભજ્યા વગર આ ભયાનક ભવસાગર ને પાર પામી શકાય તેમ જ નથી.ફરી વાર સાવધાન કરે છે, બધાજ શાસ્ત્રો વારંવાર કહે છે કે તે શ્રીનરનારાયણદેવ અનંત કોટી બ્રહ્માંડોના અધિપતિ છે છતાં પણ વિશેષેય કરીને આ ભરત ખંડમાં વસતા ભક્તોને ખાસ ઉપસના કરવા ઋષિ રુપ ધારણ કરીને બે સ્વરુપે તપ કરે છે અને તે તપનું ફળ જે જીવાત્મા શ્રીનરનારાયણદેવનો આશ્રય કરે છે તેને આપી દેય છે. જેથી જીવાત્માને પરમાત્માના સ્વરુપનું જ્ઞાન થાય છે.કારણ કે વેદો એમ કહે છે તપ કર્યા વિના સાચું જ્ઞાન થતું નથી. અને સાચા જ્ઞાન વિના મોક્ષ મળતો નથી. ઋતેઃ જ્ઞાનાન્ન મુક્તિઃ । તપસા ચિયતે બ્રહ્મ ॥, આ વેદ વાક્ય છે.ગીતાના વચન પ્રમાણેયુગે યુગમાં અવતાર ધરીને રામ કૃષ્ણાદિક સ્વરુપે વેદ ધર્મનું પાલન કરો છો અને કરાવો છો. એવા હે પરબ્રહ્મપરમાત્મા શ્રીનરનારાયણદેવ પ્રગટ પ્રમાણ અંતર્યામિ આ પૃથ્વી ઉપર આ અમદાવાદમાં મૂર્તિમંત સ્વરુપે વિરાજમાન છો. આવા હે પ્રભુ તમારા શરણે જે જીવ આવે છે તેને જ આત્યંતિક મોક્ષ રુપ અક્ષર ધામની પ્રાપ્તિ થાય છે.

## 14 RAAG : GODI

# VED PURAN POKARE

### Sad Guru Muktanand Swami

**Ved puran pokare, sunhu sab ved puran pokare,**
**Narnarayan dev bhajya binu, bhavjal kou na tare. sunhu. Tek**
**Anant bhuvanke ias he tadpi, adhik bharatkhand raja,**
**Nijtap falde bharat khand madhya, karat saban ko kaja. sunhu. 1**
**Jug jug ved vachan pratipana, ias dharat avatar,**
**Ramkrushna aadik vapu dharike, patit kiye bhavpara. sunhu. 2**
**Ehi prabhu akalarup avatair, ehi sab antarjami,**
**Pragat prman birajat bhupar, muktanandve swami. sunhu. 3**

SadguruMuktanand Swami awakens people of the World in this verse saying, "Oh brother! Listen! All the Vedas and Puranas discourse that it is impossible to cross this terrifying World which is like a vast Ocean. Again, he alerts people that even though NarNarayandev is the King of infinite Universes He exclusively adorns the form of two sages and practices penance for people residing in Bharatkhand. He delivers the fruits of His penance to people who take this shelter because of which the souls get knowledge of the form of God. Vedas say that one cannot obtain true knowledge without performing austerities.

"TapsaChiyateBrahm" is a saying from the Vedas. According to Geeta, You manifestin every age, follow the Dharma prescribed in Veda and cultivate it. That Supreme God, Shree NarNarayanDev is ever present on this earth in Ahemdabad. Oh Lord! Whosoever comes to your shelter, they receive ultimate salvation ie. They go to Akshardham.

**15 રાગ : ગોડી**

## સંત સમાગમ કીજે હો નિશ દિન

**રચના : સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી**

**સંત સમાગમ કીજે હો, નિશદિન.. સં. ટેક.**
**માનતજી સંતનકે મુખસે,પ્રેમસુધા રસ પીજે હો. નિ. ૧**
**અંતર કપટ મેટકે અપના, લેઉનકું મન દીજે હો. નિ. ૨**
**ભવદુઃખટળે બળે સબ દુ"ક્રીત, સબવિધ કારજ સીજે હો. નિ. ૩**
**બ્રહ્માનંદ સંતનકી સોબત, જન્મ સુફલ કરી લીજે હો. નિ. ૪**

સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી આ ગોડીના પદ માં મુક્તાનંદ સ્વામીની જેમ જ ચેતવણી આપતાં કહે છે. હે જગતના વિષય જાળમાં ફસાયેલ જીવ તૂં માન મોટપ નો ત્યાગ કરી સાચા સંત પુરુષોનો સમાગમ કરીને તારા આત્માનું કલ્યાણ થાય તેવો ઉપાય કરી લેજે. અને તે ઉપય છે પ્રભુની પ્રેમ લક્ષણા ભક્તિ અંતરમાંથી કપટને છોડીને મન પરબ્રહ્મપરમાત્મા સાથે જોડીશ તો ભવો ભવ જન્મ અને મૃત્યુનાં મહા ભયાનક દુઃખથી છુટકારો મળશે.જન્મજન્માંતરોમાં જેટલા પણ દુષ્કર્મ કર્યા હશે તે બધા સંત સમાગમ કરવાથી જ નાશ પામશે માટે હે જીવ તારા બધા જ કાર્યો સિધ્ધ કરવા હોય તો દરરોજ સંતનો સમાગમ કરવા આ શ્રીનરનારાયણદેવના મંદિરમાં નિત્ય પ્રતિ આવી જા.જો કોઇ પણ જીવ આ મંદિરમાં આવીને સંત સમાગમ કરશે તો તેનો મનુષ્ય જન્મ જે પરમાત્માએ દયા કરીને આપ્યો છે તે સાર્થક થશે.

**16 રાગ : ખમાચ**

## આજની ઘડી રે

**રચના : સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી**

**આજની ઘડી રે, ધન્ય આજની ઘડી.**
**મેં નીરખ્યા સહજાનંદ, ધન્ય આજની ઘડી. ટેક.**
**કામ ક્રોધ ને લોભ,વિષય રસ ન શકે નડી,**
**માવજીની મૂર્તિ મારા, હૃદયમાં ખડી રે. ધન્ય. ૧**

## 15 RAAG : GODI

# SANT SAMAGAM KIJE, HO NISHDIN

### Sad Guru Brahmanand Swami

**Sant samagam kije, ho nishdin...**

**Man taji santanke Mukhse, Prem sudharas pije.... ho 1**

**Antar kapat metke apna, le unku Man dije.... ho 2**

**Bhavdukh tale bale sab dushkrit, sabvidhi karaj sije.... ho 3**

**Brahmanand kahe santki sobat, janma sufal kari lije.... ho 4**

Like Muktanand Swami, SadguruBrahmanand Swami, in this Godi verse, alarms the people saying, Oh you souls captured by worldly pleasures! Put aside your pride and good-will, associate with a true saint and find a means of salvation which is engaging in devotional service of God with love. If you put aside dishonesty from your mind and unite your mind with Supreme God then you will be relieved from the terrifying cycle of life and death. Sins of countless life forms will be destroyed by association with a saint. For the same reason, Oh!You people! If you want to make your deeds worthwhile, come to the temple of NarNarayanDevevery day and associate with the saints. Whosoever comes to this temple and associates with the saints will make their human life gifted by God worthwhile.

## 16 RAAG : KHAMAR

# AJNI GHADI RE

### Sad Guru Brahmanand Swami

**Ajni ghadi re, dhanya ajnai ghadi,**
**Me nirakhya Sahajanand, dhanya ajni ghadi....**
**Kam krodh ne lobh vishe (vishay), ras na shake nadi,**
**Mavji kehi murti mara, hradayma khadi re... dhanya 1**

**જીવની બુધ્ધિ જાણી નશકે, એ મોટી અડી.**

**સદ્‌ગુરુની દૃષ્ટી જોતાં, વસ્તુ એ જડી રે. ધન્ય. ૨**

**ચોર્યાસી ચહુ ખાણમાં હું તો, થાક્યો આથડી.**

**અંતર હરિસું એકતા તારે, દુગ્ધા દૂધ પડી રે. ધન્ય. ૩**

**જ્ઞાનકુંચી ગુરુ ગમસેં, ગયાં તાળાં ઊઘડી.**

**લાડુ સહજાનંદ નિહાળતાં, ઠરી આંખડી રે. ધન્ય..૪**

અનંતકેટી બ્રહ્માંડના અધિપતિ પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણ આ પૃથ્વી ઉપર મનુષ્ય શરીર ધારણ કરીને પોતાનો દિવ્ય પ્રતાપ સમાધિ પ્રકરણ ચલાવીને જગતને બતાવ્યો એટલે દુર્વાસા મુનિના શાપથી જે અઠ્યાસી હજાર ઋષિમુનિઓ એ મનુષ્ય દેહ ધારણ કર્યો હતો તેઓ સર્વે આવી આવીને સહજાનંદ સ્વામી રુપ મહાસાગરમાં વિલીન થવા લાગ્યા.કોઈને પ્રત્યક્ષ કે કોઈને પરોક્ષ રુપે પરમાત્માના પ્રાગટ્યના સમાચાર મળ્યા અને તેઓ ઘરબાર કુટુંબ પરિવારનો તત્કાળ ત્યાગ કરીને ચાલી નિસર્યા. તેમાં કેટલાય વિદ્વાનો અને ધનવાન પ્રતિષ્ટીત ગરાસ દારો પણ હતાં ભગવાન શ્રીસ્વામિનરાયણના દર્શન થતાં જ પોતાની સાચી ઓળખણ થઈને આત્મ જ્ઞાન પ્રાપ્ત થયું પછી કોઈ રહે માયામાં માત્ર દુઃખ વેઠવા એ તો ચાલી જ નિસર્યા. પૂર્વના અનાદિ અક્ષર મુક્ત એવા લાડુદાનજી જેમનો જન્મ રાજસ્થાનના ખાંણ ગામમાં થયો છે. વિદ્યાનો અભ્યાસ કરવા કચ્છભૂજની પિંગળ શાસ્ત્રની પાઠશાળામાં સારી રીતે વિદ્યા પ્રાપ્ત કરીને કવિત્વ શક્તિથી મોટા મોટા રાજામહારાજાઓની સભામાં વિજય મેળવીને ભવનગરના મહારાજા વિજયસિંહજીની સભામાં આવ્યા. અહિં તેમને ભગવાન શ્રીસ્વામિનરાયણના સમાચાર મળ્યા સભા જનો અને રાજાના કહેવાથી ભગવાન શ્રી સ્વામિનારાયણની પરીક્ષ કરવાના નિમિત્તે ચાર પ્રતિજ્ઞા કરીને ભાવનગરથી ગઢપુર આવ્યા. ભગવાન શ્રીસહજાનંદ સ્વામી શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુએ તેમની ચારેય પ્રતિજ્ઞા પૂર્ણ કરી અને પોતાના દિવ્ય સ્વરુપનું અલૌકીક જ્ઞાન આપ્યું. તેથી તત્કાળ બધોજ માનમરતબો એક બાજુ મુકીને શ્રીહરિના ચરણોમાં સદાને માટે

**Jivani buddhi jani na shake, e moti adi,**
**Sadguruni drashti thata, vastu e jadi re... dhanya 2**
**Choryashi chahu khanma, hu thakyo athdi,**
**Antar harishu ekta thata, dugdha dudh padi re... dhanya 3**
**Gnan kunchi guru gamse, gaya tala ughdi,**
**Ladu Sahajanand nirkhata, thari ankhadi re... dhanya 4**

The King of countless universes, the one who possesses a complete form, Lord Shree Swaminarayan, took human form on this Earth and with his divine powers started and showed Samadhi to the World. At that juncture, the eighty eight thousand sages who had taken human form because of the curse of Sage Durvasa started merging into the vast ocean, Sahajanand Swami. Some witnessed the news of arrival of God while others found out through someone else and they all immediately left their homes and family. Among them there were many reputed noble people. They realized their original form and also obtained the knowledge of their soul on having the glimpse of Swaminarayan. Who will then struggle in this illusionary world? They walked away immediately. Eternal liberated soul of Akshardham, Ladudan; who was born in the Khand village of Rajasthan, obtained education from Pingal language school of Kutch Bhuj, who won the assembly of many noble Kings, arrived at the courtyard of the King of Bhavnagar,'Vijaysingh.' Here he received the news and the fame of Lord Swaminarayan. When told by the other courtiers and the king himself; to test the authenticity of Shree Hari, he took 4 vows and came to Gadhpur from Bhavnagar. Lord Shree Swaminarayan completed all the four vows of Ladudan and gave him the knowledge of His divine and supernatural form. Because of that, he put aside all his pride and surrendered himself to the lotus feet of

સમર્પિત થઈ ગયા. સાથે આવેલાં તેમના મામશ્રી કંઇ કહેવાજાય તે પહેલાં તો કવિરાજ શ્રીલાડુદાનજીના મુખમાં થી આ દિવ્ય શબ્દો અનાયાસે કવિતાના રુપમાં નિસરી પડ્યા. આજ તો મરા જીવનની ધન્ય ઘડી છે, કારણ કે મને આજ ભગવાન શ્રીસહજાનાંદના દર્શન થયા છે. અને તે પરમાત્માની મને સાચી ઓળખ થઈ છે. હવે મરા માટે બીજુ કોઇ જ્ઞાન મેળવવાનું રહેતું નથી. હવે મને જગતના કામ ક્રોધ માન લોભ કે વિષય વાસના કોઇ પણ પ્રકારે લોભાવિ શકે તેમ નથી. કેમ કે મારા હૃદયમાં થી આ બધા અંતશત્રુઓને મેં બહાર તગેડી મુક્યા છે, અને મારા હૃદયમાં તો હવે માત્ર ને માત્ર મારા માવજી પરબ્રહ્મપરમાત્મા ભગવાન શ્રીસ્વામિનારયાણની મૂર્તિ જ છે. આ વાતને જગતના જીવ શું જાણી શકે એતો જેને સદ્ગુરુ મળ્યા હોય તેની બુધ્ધિ પરમાત્માના સ્વરુપને ઓળખી શકે બાકી બીજાનું તેમા કામ નચાલે. કારણકે આતો મારા અનુભવની વાત કહું છું. હું તો સારા સંસારમાં ફરી ચુક્યો છું. મારી જેમ જ જગતના જીવ માત્ર પણ ચોર્યાસી લાખ યોનીઓમાં જન્મજન્માંતરોથી ભટકે છે, વારંવાર જન્મ અને મૃત્યુના મુખમાં હોમાય છે. છતાં તેને સાચા સદ્ગુરુની પ્રાપ્તિ નથી થઈ ત્યાં સુધી તેના જીવમાં આ જ્ઞાન આવતું નથી. મને તો જીવના સાચા સદ્ગુરુ એવા ભગવાન શ્રી સહજાનંદ સ્વામીનો ભેટો થઈ ગયો છે. હવે કોઇ જાતની કચાસ રહેવા પામી નથી. આવી રીતે લાડુદાનજીએ પોતાના મામાશ્રીને પોતાની સ્થીતિ બતાવીને વળાવી દિધા. અને સ્વયં રહી ગયા ભગવાન શ્રી સહજાનંદ સ્વામી શ્રીસ્વામિનારાયણના ચરણોમાં સદાયને માટે.

**17 રાગ : ગરબી**

## રે સગપણ હરિવરનું સાચું

**રચના : સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી**

**રે સગપણ હરિવરનું સાચું, બીજુ સર્વે ક્ષણભંગુર કાચું. રે સગપણ. ટેક.**
**રે સૌ સાથે પ્રીતિ ટાળી, રે ભાગ્યું મન મિથ્યા ભાળી,**
**છે વરવા જેવા એક વનમાળી રે. સગપણ. ૧**

**ભરી સભામાં ભૂદરજી તમે થયા છો માડી મારી રે,**
**બેટાને હેતે બોલાવો અવગુણિયા વિસારી રે. અધમ. ૨**
**જેવો તેવો પુત્ર તમારો અણસમજુ અહંકારી રે,**
**પેટ પડ્યો તે અવશ્ય પાળવો વાલમ જુઓ વિચારી રે. અધમ. ૩**
**અનળ અહી જો ગ્રહે અજાણે તો છોડાવે રોવારી રે,**
**બાળકને જનની સમ બીજું નહિ જગમાં હિતકારી રે. અધમ. ૪**
**બ્રહ્માનંદ ની એજ વિનતી મન ધારીએ મુરારી રે,**
**પ્રીત સહિત દર્શ પરસાદી જોયે સાંજ સવારી રે. અધમ. ૫**

મોટા મોટા મુનિઓ ને પણ માનવ શરીર ધારણ કરે એટલે મનુષ્યના ધર્મ પાળવા પડે. અને મનુષ્યના ધર્મે કરીને શરીરમાં જે જન્મ મૃત્યું રોગ પીડા આવે તે સ્વીકારવા પડે. તે ન્યાયે સ.ગુ.બ્રહ્માનંદ સ્વામીને

ing Lord Swaminarayan and the enlightened Saints bathed in the Bhogava River. They enjoyed having fun in the river to all the amusement for the devotees watching nearby. Saints and devotees are filling the air with melodious song & music praising the divine environment all are experiencing. The atmosphere is fantastic and tranquil.Elated with joy, Lord Swaminarayan was in pure synchronicity with the music as He performed the circular dance with His devotees and Saints. Viewing this most holy of scenes, the eminent enlightened Saint Brahmanand Swami so poetically praised the Lord in this quadruple versed devotional hymn. Each and every word admiring Lord Swaminarayan truly pleased Him so much! So overjoyed, Lord Swaminarayan bestowed His heaven to any devotee that focused on the image the Lord and daily sang all four verses of this devotional hymn. (This episode was documented in Adharanand Swami's book of wisdom.)

## 29 RAAG : BHAIRAVI

# ADHAM UDDHARAN AVINASHI TARA

### Sad Guru Brahmanand Swami

**Adham uddharan Avinashi tara, Birudni balihari re;**

**Grahi bahya chhodo nahi Giridhar, Avichal tek tamari re...Adham 1**

**Bhari sabhama Bhudharji tame, Thaya chho madi mari re...**

**Betane hete bolavo, Avguniya visari re...Adham 2**

**Jevo tevo toye putra tamaro, Ansamju ahankari re;**

**Pet padyo te avashya palvo, Va'lam juone vichari re...Adham 3**

**Anal ahi jo grahe ajane, To chhodave rovari re;**

**Balakne janni sam biju, Nahi jagma hitkari re...Adham 4**

**Brahmanandni ej vinanti, Man dharie Murari re;**

**Prit sahit darshan parsadi, Joiye sanj savari re...Adham 5**

Great Revered Saints are born upon this Earth as humans and they also have to follow the path of righteousness. It is the characteristic of the human body to be born, also to become deceased, have diseases, falling ill, suffering pain all of these entities affect the human body and we have to accept them with a smile. A perfect example of this would be the example of Sadguru Brahmanand Swami. He himself was a divine soul who had come from the heavens with the Almighty Shreeji Maharaj, but to

શરીરે મંદવાડ આવ્યો. ત્યારે શ્રીહરિ ખબર અંતર પુછવા પધાર્યા જોઈને મહારાજ બોલ્યો કે હવે સ્વામીની આયુષ્ય પુરી થવા આવી છે. આ સાભળીને સંતો અને ભક્તો બહુ દુઃખી થઈ ગયા તેમાં પણ સ્ત્રી વિભાગમાં તો કેટલાંક તો પોક મુકીને રડવા માંડ્યા.અને મહારાજને પ્રાર્થના કરવા લાગ્યા હે મહારાજ તમોતો ઈશ્વરોના પણ ઈશ્વર છો. અને કર્તું અકર્તું અન્યથા કર્તું સમર્થ છો. માટે ગમે તેમ કરો પણ સ્વામીને રાખો જ ત્યારે મહારાજે સૌને પોતાની આયુષ્ય આપવા કહ્યું તેથી સૌએ પોતાની આયુષ્યમાં થી અમુક દિવસો ઓછા કરીને સ્વામીને ફાળવ્યા. સ્વામીની આયુષ્ય વધી અને શરીરે પણ સારુ થઈ ગયું. પરંતુ એક દિવસ અચાનક જેમની સાથે ગાઢ સ્નેહ છે તેવા મુક્તાનંદ સ્વામી સાથે વાદવિવાદ થયો ત્યારે શ્રીહરિ બોલ્યો કે આતો કોઈક વઢકણી ની આયુષ્યનો દિવસ હશે તેથી આમ થયું છે. અન્યથા મુક્ત મુનિ અને બ્રહ્મ મુનિમાં વિવાદ થય જ નહી. આ વઢકણીનો દિવસ પુરો થયો અને સવારમાં સ્વામી શ્રીહરિની પાસે જઈને પોતાનાથી વાદવિવાદ થઈ ગયો તે બદલ ક્ષમા પ્રાર્થનાના રુપમાં આ પ્રભાતીયાંનું કીર્તનના સુંદર શબ્દો કવિતાના રુપમાં નિસરી પડ્યા જે જગતના જીવ માત્રને માટે શ્રીહરિના શરણે થવામાં ઉપયોગી થઈ પડ્યા છે.

**30 રાગ : ગરબી**

## ઓરા આવો મારા લેરખડા લેરી

**રચના : સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી**

**ઓરા આવો મારા લેરખડા લેરી, કીધો તમ સારું મેં જગ વેરી. ઓરા. ટેક.**
**કાજુ નૌત્તમ જામા જરકસીયા, શોભે પાઘલડી શિર સોનેરી. ઓરા. ૧**
**નંગ જડીએલ બાજુ બેરખડા, કર પોંચી હેમકડાં પેરી. ઓરા. ૨**
**તમે રસીયા રંગડાના ભરીયા, મુખ મોરલડી વાતા ઘેરી. ઓરા. ૩**
**બ્રહ્માનંદના છેલા છોગાળા, ચાલો ચાલ મલપતા ગજકેરી. ઓરા. ૪**

દર વર્ષે ભગવાન શ્રીનરનારાયણદેવની જન્મ જયંતિ એટલે કે ફુલદોલનો ઉત્સવ મહારાજ ધામધુમથી અમદાવાદ, વડતાલ, ગઢપુર,

give justice to the human body Sadguru Brahmanand Swami has also fallen ill. The all merciful Lord Swaminarayan Bhagwan has come to assess the status of Swamiji's health. After investigating Swamiji's symptoms Shreeji Maharaj articulates to all the devotees and Saints, "that the lifespan of Brahmanand Swami is coming to an end." Just by hearing this news the devotees and Saints become immensely distressed, the female devotees could not contain themselves and started to cry out verbally and started to plea and pray to Shreeji Maharaj.Dear Maharaj! You are the Supreme Almighty Bhagwan himself and Youare the Creator and the Controllerof the Universe and All that is in it. Dear Maharaj! Do whatever is necessary, but keep our beloved Brahmanand Swami alive. Shreeji Maharaj tells the devotees nothing in this World comes for free, to increase the lifespan of Swamiji you all should be willing to give up some of your lifespan. All the devotees and Saints agreed and each gave 3 to 4 days according to their abilities to Swamiji. The lifespan of Swamiji increased dramatically and the illness he had in his body disappeared. One day the Saint who Brahmanand Swami admire and respected the most Sadguru Muktanand Swami, Brahmanand Swami was arguing with him. Shreeji Maharaj was watching this commotion and intervened, this argument and commotion would never take place between these Saints, but there is only reason that this has occurred and this because a female who always quarrels has offered her lifespan to Swami. The day offered by that quarrelsome female had passed, in the morning the Saints have gone to the river and had a bath and asked the Almighty Shree Hari for his forgiveness. The prayer they offered to Shreeji Maharaj automatically became a hymn and was sung in the Prabhatiya rhythm. This divine hymn today has become the pillar of the Swaminarayan fellowship and become beneficial to all Worldly Soul.

## 30 RAAG : GARBI

# ORA AAVO MAARA LERAKHDA LAHERI

### Sad Guru Brahmanand Swami

**Ora aavo maara lerakhda laheri, kidho tarn saaru me jag very. Ora.**

**Kaaju nautam jaama jarakasiya, shobhe paaghladi shir soneri. Ora. 1**

**Nang jadiyel baaju berakhda, kar ponchi hem kada paheri. Ora. 2**

**Tame rasiya rangda na bhariya, mukh morldi vaata gheri. Ora. 3**

**Brahmanand na chhela chhogala, chaalo chaal chatakata gaj keri. Ora. 4**

Every year the divine form of NarNarayan Dev's birthday is celebrated throughout Gujarat. This celebration is called Phuldolutsav and during Shreeji Maharaj time on this Earth, the Lord Almighty used to celebrate this festival in Ahmedabad, Vadtal, Gadhpur, Muli and many different villages

મુળી એમ દરેક ધામોમાં કરતાં અને ભક્તોની સાથે ખુબ રંગ રમતાં અને રમાડતાં. એવી જ રીતે અમદાવાદ શહેરના ભક્તોને સત્સંગનો રંગ ચડાવી દેવા માટે પરમહંસો અને હજારો ભક્તો સાથે મહારાજે શ્રીનરનારાયણાદિ દેવના સાનિધ્યમાં ચોકમાં ફુલદોલનો ઉત્સવ કર્યો અને બે ટુકડીઓ પાડીને સંતો અને કાઠી દરબારો અને પાર્ષદો ને સૌને આજતો રંગે રંગાઇ જવાનો આદેશ આપ્યો. અબીલ ગુલાલ ની છોળો ઉડવા મંડી એકબીજાના મુખ ઉપર અને મસ્તક માં ખોબા ભરી ભરીને અબીલ ગુલાલ પરસ્પર રગદોળવા મંડ્યા. આ જોઇને મહારાજ અતિ રમુજ કરતાં સૌને પ્રોત્સાહિત કરતાં હતાં.બ્રહ્માનંદ સ્વામી અને સુરોખાચર આમ તો સખા પણ આજે બરોબરના સામસામ રંગ રમવા આવી ગયા અને સ્વામીની ચોટલી પકડીને સુરાખાચરે પાડી દીધા અને રંગ રંગ કરી મુક્યા ત્યારે સ્વામી સુરાખારના માથે હાથ ફેરવાવ મંડાયા જાણે હું પણ તેની ચોટલી પકડું પણ એતો ટાલ વાળા હતા આ દૃશ્ય જોઇને શ્રીહરિ ખડખડાટ હસતાં શ્રીહરિ કહે સ્વામી તેતો ટાલ વાળા છે. આ શબ્દો સાંભળીને સ્વામીને વિચાર થયો કે આ બધુ કામ મહારાજનું જ છે. તેમણે જ સુરાખાચરને મોકલેલ છે. તેથી હવે તો મહારાજને જ રંગવા છે. આવું વિચારને કહેવા માંડ્યા કે હે મહારાજ તમારા કહેવાથી આ મેં રંગ રમવાનું ચાલું કર્યું છે. અને તમો તો આમ દૂર ઉભા ઉભા સારા સારા જરીયાની વસ્ત્રો પહેરીને બધું જોયા કરો છો તો. હવે ઓરા આવો નહિ તો હું આવું છું અને તમને રંગથી ભરી દઉ છું. કારણ કે તમો તો તેમાં રસિયા છો. ધીરે ધીરે ગજ ચાલે તેમ ચાલતાં આવો અને આમારા સૌના મનોરથ પૂર્ણ કરો. સ્વામીની આ પ્રાર્થના સંભળી અને શ્રીહરિ પણ રંગે રંગાઇ ગયા.

**31** રાગ : ગરબી

## એકલડાં કેમ રે’ વાય...

**રચના : સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી**

**એકલડાં કેમ રેવાય તમ વિના વાલાજી,**
**મંદિરીયું ખાવાને ધાય. તમ. ૧**

throughout Gujarat. During this festival numerous amount of devotees would gather and the Supreme Lord Himself Swaminarayan Bhagwan played with paint powder with the devotees. One memorable moment was when Shreeji Maharaj celebrated Phuldoutsav at Ahmedabad. All the devotees, non-devotees and the enlightened Saints have all gathered in the middle of open space in front of the divine idols of NarNarayan Dev. Shreeji Maharaj has split all the people gathered in to groups. The Saints, devotees, Kati Darbar and Parshads and has requested, Today! Everyone should be covered from head to toe in paint. Fragranced red and white powder is being thrown in the air, devotees faces, hands and body are all covered with this paint powder. Shreeji Maharaj is encouraging the devotees to play more with the powder even to the extent with His divine hands He is giving the devotees the powder to play with. Brahmanand Swami and SuraKachar very close friends, but today they are on opposite parties and are ready to play powder paint with each other. SuraKachar predominantly does not know how to play this game, so he reverts to mundane tactics and grabs Brahmanand Swami's pigtail swings him around, throws Swamiji on the floor and cover him with paint. Brahmanand Swami realizes that SuraKachar is using unfair tactics and Swamiji tries to grab SuraKachar ponytail, but to no advantage, SuraKachar himself was bald he did not have a pigtail. Shreeji Maharaj residing on his throne is watching this and laughs with amusement, Dear Swami! He is bald he does not have a pigtail. Hearing these words Swami realizes that what was happening today was the will of Shreeji Maharaj. Shreeji Maharaj organized the whole event and He is the one that SuraKachar to play with me. If Shreeji Maharaj is the person who instigated this then I have to cover Shreeji Maharaj with paint. With this thought in his mind Brahmanand Swami shouted out, Dear Maharaj! It was your wish for all the Saints and devotees to play with paint powder we have started the game off, but the main player, my beloved Bhagwan You have not entered the arena. It is no good You standing up there wearing your golden and silver threaded clothes either You come down over here and play or I will come up there and play with you. Without you physically taking part in this festival this festival has no flavor. You are the one that brings flavor and excitement in to all activities my Dear Lord Shree Hari. Just like an elephant walks slowly, please come down join in the procession and fulfill all our desires. Shreeji Maharaj has smiled at Brahmanand Swami's request and has entered the arena and from head to toe totally covered in paint by all the devotees and Saints,

## 31 RAAG : GARBI

## EKAALADA KEM RAHEVAY

### Sad Guru Brahmanand Swami

**Ekaalada kem rahevay, tarn vina valamji,**
**mandiriyu khava dhay. Tarn. 1**

**હૈયાની કોણ પૂરે હામ, તમ...**

**મારે હાથ ન લાગે કામ તમ. ૨**

**કોણ માને દિલની વાત, તમ..**

**સુખ નાવે દિન ને રાત. તમ.. ૩**

**મારી જુગ તુલ રજની જાય, તમ..**

**મહા દુઃખ છે હૈયા માંય.. તમ. ૪**

**બ્રહ્માનંદના સ્વામી જાણ, તમ...**

**હું કેમ કરી રાખું પ્રાણ. તમ. ૫**

પ્રેમીને પોતાના પ્રિયતમ વિના એક ક્ષણ પણ રહી શકાતું નથી. તે તો સાચા પ્રેમીને ખબર પડે કેમ થાય છે. જેમ માછલી પાણી વિના એક ક્ષણ પણ રહિ શકતી નથી તેમ પ્રિતમમાં જેને ગાઢ સ્નેહ બંધાણો છે. તે કેમ રહિ શકે. અનન્ય પ્રેમ એજ શરણાગતિ જેને શાસ્ત્રોમાં પ્રપન્ન ભક્તિ કહે છે. એજ શરણા ગતિ ભક્તિ થી જ પરમાત્માની પ્રાપ્તિ થાય છે. આત્યંતિક મોક્ષ શરણાગતિ વિના કોઈ પણ સાધને કરીને મળતો નથી. પ્રિયતમના વિયોગમાં પ્રેમીની જે દશા થાય છે, તે દશા શરણાગત ભક્તની પોતાના પ્રભુના વિયોગમા થાય છે. સર્વાવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણ આ પૃથ્વી ઉપરથી અંતરધાન થઈ ગયા છે. પણ બ્રહ્માનંદ સ્વામીને મંદિરોનું કામ પૂર્ણ થાય સુધી રોકાવાની આજ્ઞા કરતાં ગયા છે. મુળી મંદિરમાં રાધાકૃષ્ણ દેવની પ્રાણ પ્રતિષ્ઠાતો શ્રીહરિ પોતાના વરદ હસ્તે કરતાં ગયા છે. પણ બાકીનું જે કામ છે તે પુરુ કરવાનું છે. પણ બ્રહ્માનંદ સ્વામીને હવે આ કામમાં મન લાગતું નથી. તેથી પ્રભુને પ્રાર્થના કરતાં કહે છે. હે પ્રભુ હવે એકલાં રહિ શકાતું નથી. એક એક રાત જાણે યુગ યુગ જેટલી લાંબી થઈ જાય છે. આ વાત મારે કોને કહેવા જવી અને માને પણ કોણ મારા પ્રાણ ને હું કેમ કરીને રાખું હવે પ્રાણ નહિ ટકે માટે હે પ્રભુ મારા ઉપર મહેર કરજો.

**Haiyani kon pure ham-Tarn.**

**Mare hath na lage kam. Tarn. 2**

**Kon mane dil ni vat- Tarn.**

**Sukh nave Din ne raat. Tarn. 3**

**Mare jug tul rajni jay-Tarn.**

**Maha dukh chhe haiya may. Tarn. 4**

**Brahmanandna swami jan Tarn.**

**Hu kem kari rakhu pran. Tarn. 5**

A true lover cannot stay one moment without his darling sweetheart. When you have experienced this, then and only then have you experienced true love. Just like a fish, it cannot live without water for even a second, he who is in deep love and has immense affection for his beloved, cannot stay away from their loved one.

What is true love? True love is surrendering yourself to you loved one. The Scriptures calls it devotional refuge.Ultimate Salvation cannot be attained with any instrumental means but surrendering yourself to the wishes of the Almighty Shree Hari. The pain and suffering that a lover suffers when separated from their loved one, is very similar to what a surrendered devotee feels when separated from their Lord and Savior Shree Swaminarayan Bhagwan.

The Supreme Lord Bhagwan Shree Swaminarayan has departed from his physical form on this Earth and has commanded Brahmanand Swami to stay on this Earth until the construction ofMuli Temple is complete.

The divine idols of RadhakrishnaDev’s initiation process (pranprathistha) were already performed by the divine hands of the Almighty Shree Swaminarayan Bhagwan whilst He was still present on this Earth in the majestic village ofMuli. Everyone was anxiously waiting for the temple construction to be completed, but Brahmanand Swami isunable to pay attention on the construction work. So, he is praying to Almighty Shree Hari, Dear Lord! It is hard to stay alone now. Every moment feels like an era has passed. Who can I tell my feelings too and who will believe them? How can I live in this situation? I do not think I can stay alive now so my Beloved Lord! Please have mercy upon me.

**32** રાગ : માઢ

# માણકીએ ચડ્યા રે....

**રચના : સ.ગુ. પ્રેમાનંદ સ્વામી**

**માણકીએ ચડ્યા રે મોહન વનમાળી, શોભે રુડી કરમાં લગામ રુપાળી,**
**માણીગર સૌને કહે છે થાઓ તૈયાર,**
**મુનિ વરણી પદાતીને અસવાર, વૃતપુરી જાવા કર્યો નિરધાર. માણકીએ. ૧**
**કેસર બેરી બોદલીને ફૂલમાળ, તાજણ તીખી વાગણીનો ઘણો તાલ,**
**શોભે ઘણાં વ્હાલા લાગે છે મરાળ. માણકીએ. ૨**
**પ્રેમી ભક્ત વિનતી કરે દોડી દોડી, લોહચુંબક વૃત્તિ મૂરતિમાં જોડી,**
**નથી જાતી દરબારમાંથી ઘોડી. માણકીએ. ૩**
**આજ્ઞા આપો અમે જાયે વ્રતપુરી, જાવો પ્રભુ રામનવમી નથી દૂરી,**
**સેવક દાસ પ્રેમાનંદ હજૂરી. માણકીએ. ૪**

જગતના સિધ્ધો સાધકો ઉપાસકો અને તપસ્વીઓ સૌને ગમે તેમ કરીને પણ ભગવાન મેળવી લેવા છે. અર્થાત પોતાના કરીલે વાની ખેવના છે. પણ શાસ્ત્રોમાં એવું આવે છે કે કોઇ પણ ઉપાય કે સાધને કરીને પરમાત્મા કોઈનેય ક્યારેય વશ થતાં જ નથી. કારણ કે પરબ્રહ્મ પરમાત્મા તો સ્વતંત્ર છે. જગત આખુ પરતંત્ર છે અને એક માત્ર પરમાત્મા જ સ્વતંત્ર છે. પરંતું પ્રેમી ભક્ત જો કોઇ મળી જાય તો તે નિર્દોષ નિષ્કપટ પ્રેમની આગળ પ્રભુ પોતાના બનાવેલા બધા જ નિયમોને એકબાજુ રાખીને તે પ્રેમી ભક્તની માગણીઓને આધિન થઈને તે પ્રેમી ભક્તને વશ થઈ જાય છે. ભગવાન શ્રીસ્વામિનારાયણ સાત વર્ષ વનમાં વિચરણ કર્યું ઘણાં મોટા રાજાઓ અને મોટા જ્ઞાની ધ્યાની તપસ્વીઓ મળ્યા હતાં સૌ નિલકંઠ વર્ણી મહાપ્રભુને રોકીને પોતાના કરી લેવા પ્રયત્ન કરી જોયો પણ ક્યાંય ન રોકાણા અને અહિં ગઢપુરમાં એભલ ખાચરના પરિવારનો નિર્દોષ પ્રેમ જોઈને એવા તો રોકાઇ ગયા કે બીજે જવું હોય તોય તે પ્રેમી ભક્તોની રજા લઈને જ જાય છે. એવો પ્રેમલક્ષણા ભક્તિનો પ્રભાવ છે. શ્રીહરિને વડાતાલ શ્રીનરનારાયણદેવની જયંતિ જે ફુલદોલોત્સવ કહેવાય છે. ઉત્સવ કરવા આવવાનું આમંત્રણ આવ્યું છે. અને વડતાલ જવું છે. સૌ તૈયાર પણ થઈ

# 32 RAAG : MAGH

## MANAKIYE CHADYA RE

### Sad Guru Premanand Swami

**Manakiye chadyare mohan vanmali, shobhe rudi karama lagam rupali.**

**Manakiye Manigar sahune ke'chhe thao tyar,**

**muni varani padati ne asvar; Vratpuri Java karyo nirdhar. manakiye. 1**

**Kesar, beri, bodali ne fulmal, tajan, tikhi, vangali no ghano tal,**

**Shobhe Ghana vala lagechhe maral. manakiye. 2**

**Premibhakt vinanti kare dodi dodi, lohchumbak tulya vrutti Murtima Jodi,**

**Nathi jati dai barmanthi ghodi. manakiye. 3**

**Aagnya aapo ame jaie Vratpuri, jao prabhu ram navmi nathi duri,**

**Sevakdas premanand hajuri. manakiye. 4**

All of the yogis, worshippers and devotees of the World all have a simple desire, they all want to attain Bhagwan and take refuge in His great divine form in any way possible, which means they want to make Bhagwan their own. The problem with this is the Scriptures say that the Almighty Lord cannot be bound to anyone by any means, because the Almighty Lord is completely independent and liberated to the ways of the World, whereas, we the souls of the World are bound by Bhagwan's laws of nature and creation. However, whenever Bhagwan meets with and comes across a loving devotee whose love for Bhagwan is pure, innocent, and selfless, He overlooks His own rules of nature and becomes bound by His devotee's true and pure love.

Swaminarayan Bhagwan spent seven years on his pilgrimage throughout India. Throughout His pilgrimage, Nilkanth Varni met many Kings, Scholars, Yogis, and Saints and they all tried to stop Him and keep Him with them, but He did not stop for anyone and left everyone behind. Time passed and He met EbhalKhachar and his family in Gadhada, their pure and genuine love for Him compelled Him to stay in Gadhada, so much so that He would have to take their permission whenever He wanted to go to other towns and villages. This is the true effect of devotional service marked by true love (prem-lakshana bhakti).

One year, the devotees of Vadtal invited Shreeji Maharaj to celebrate NarNarayan Dev Jayanti – Phuldolotsav in Vadtal, and

ગયા છે. સંતો પાર્ષદો અને ભક્તો સાથે ચાલનાર ઘોડેશ્વારો પોત પોતાના ઘોડાઓને તૈયાર કરાને ઉભા છે. સ્વયં શ્રીહરિ પણ પોતાની માણકી ઘોડી ઉપર ચડીને તૈયાર ઉભા છે. કાઠી દરબારો અને પાર્ષદોએ કોઈએ પોતાની પાણીદાર કેસર જાતની ઘોડી તો કોઈએ, રુપાળી બેરી જાતની ઘોડી, કોઈએ ગર્વવંતિ બોદલી જાતીની ઘોડી તો કોઈને વળી ફુલમાળ,તો કોઈને તાજણ, તીખી, અને વાગણી જાતીની ઘોડીઓ સૌ તૈયાર કરીને વાટ જોવે છે. કરણ કે મહારાજની માણકી દરબારગઢમાંથી બહાર નથી નિકળતી, તેનું કારણ છે, જીવું બા અને લાડુ બા મહારાજે વડતાલ જવાનો નિરધાર કર્યો પણ આ વખતે ફક્ત પુરુષોને જ સાથે લીધા છે. સ્ત્રી ભક્તોને આવવાનું કહ્યું નથી. તેથી તેમને પ્રભુનો વિયોગ સહન કરવાનો વારો આવ્યો છે. અને પ્રભુનો વિયોગ સહન થઈ શકે તેમ નથી. અને માણકી ઘોડી પણ તે પ્રેમી ભક્તોને સાથ આપવા જોડાઈ ગઈ છે. આ રહસ્ય જાણતાં પ્રેમસખી પ્રેમાનંદ સ્વામીના મુખમાથી આ સુંદર કીર્તનના શબ્દનો પ્રવાહ કવિતાના રુપમાં નિકળી પડ્યો છે. આ છે પ્રેમ લક્ષણા ભક્તિની પરાકાષ્ટા આવો સ્નેહ પરમાત્મામાં આવે ત્યારે અક્ષરધામમાં જવા મળે.

**33 રાગ : સોરઠ**

## રંગભીના રે શામળીયા

**રચના : સ.ગુ. પ્રેમાનંદ સ્વામી**

**રંગભીના રે શામળીયા આવો ઝુલીયે રે,**
**બાંધુ ફુલહિંડોળો પ્યારા, પહેરાવું પટભૂષણ સારા.**
**નંદકુંવર તમને નીરખીને ફુલીયે રે. રંગ.૧**
**ચરચું ચંદન ખોર છબીલા, નૌત્તમ રીતેસ્યુ રંગીલા.**
**ચાંદલીયો કરવા ઊભી કંકુલીયેરે. રંગ. ૨**
**જરકસના પહેરો હરિ જામા, આવો છેલછબીલા શ્યામ.**
**ચિત્તડુ ચોરો બાંધીપાઘ અમુલિયેરે. રંગ. ૩**
**અલબેલા ઉરમાં લખી,તનમન તમપર વારી નાખું.**
**પ્રેમાનંદ કહે અવસર નહિ ભુલીયેરે. રંગ. ૪**

Shreeji Maharaj accepted the invitation and was planning to go to Vadtal. He and His Saints, Parshad, and devotees were all ready to leave. Those who were going to walk with Maharaj were ready to leave, and those who were going to ride their horses to Vadtal were ready with their horses. Even Shreeji Maharaj had climbed onto his horse called MankiGhodi and was ready to leave for Vadtal. Some of the KaathiDarbars and Parshads had climbed onto their mahogany horses, while others had climbed onto their white horses. Others had climbed onto many different kinds of horses, like GarvavantiBodli, Taajan, Teekhi, and Vaagni, and everyone was ready to leave. But, Shreeji Maharaj's Manki would not leave from Dada Khachar's courtyard. The reason for this was Jivuba and Laduba. When Maharaj decided to go to Vadtal, He only asked the male devotees to go along with Him and neglected the female devotees, who would have to stay behind in Gadhada. The female devotees could not bear the absence of Shreeji Maharaj, because MankiGhodi understood this she decided to show her support for the female devotees by not leaving the courtyard. When Premanand Swami discovered the reason for why MankiGhodi would not leave, he began to sing this hymn. This is the true meaning of true devotional service. When you love Bhagwan relentlessly you will attain salvation in Akshardham.

## 33 RAAG : SORATH

## RANGBHINARE SHYAAMLIYA

**Sad Guru Premanand Swami**

**Rangbhinare Shyaamliya Avo Juliye Re;**

**Bandhu phool Hindolo Pyara, Paheravu Pat Bhushan Sara;**

**Nandkuvar Tamne Nirakhine Fuliye Re. Rangbhina. 1**

**Charchu Chandan Khor Chhabila, Nautam Rite Shu Rangila;**

**Chandaliyo Karava Ubhi Kankuliye Re. Rangbhina. 2**

**Jarkasia Pahero Hari Jama, Avo Chhelchhabila Shyam;**

**Chitadu Choro Bandhi Paag Amuliye Re. Rangbhina. 3**

**Albela Urma Lakhi Rakhu Tan Man Tarn Par Vari Nakhu;**

**Premanand Kahe Aa Avsar Nahi Bhuliye Re. Rangbhina. 4**

સર્વાવતારી પરબ્રહ્મ પરમાત્મા પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણ ગઢપુરથી વડતાલ શ્રીનરનારાયણદેવનો જન્મોત્સ ફુલદોલેત્સ ફાગણ વદ ૧ નો સમૈયો કરવા પધાર્યા છે. ગુજરાત અને ચરોતરના હજારો ભક્તો એકઠા થયા છે. સંતોએ ઉત્સવની સુંદર તૈયારીઓ કરી છે. અબીલ અને ગુલાલના તો ગાડે ગાડા ભરીને મંગવવામાં આવ્યા છે. મોટો રંગનો હોજ ખાસ આ ઉત્સવ માટે જ બનાવવામાં આવ્યો છે. અને પ્રભુને જુલાવવા માટે સુંદર કલાકારીગીરી વાળો હિંડોળો નિષ્કુળાનંદ સ્વામીએ જાતે દેખ રેખ રાખીને કરાવ્યો છે. જેમાં બાર બાર બારણાઓ સુંદર કમાનો વાળા શોભી રહ્યા છે. આવી સુંદર શોભા જોઈને પ્રેમાનંદ સ્વામીના હૃદયમા ંઉમળકો આવી ગયો અને મહારાજને સંબોધીને કહેવા લાગ્યા હે પ્રભુ આવો આ સુંદર જુલો તૈયાર છે. આપની પુજા કરીને સારા સારા વસ્ત્રાભૂપ્રાણ પહેરાવીને આ ફુલથી ગરકાવ હિંડોળે ઝુલાવું. તમે આ મારી મનોકામના પૂર્ણ કરો હું મારા તન મન અને સર્વસ્વ તમારા ઉપર કુરબાન કરી નાખું. આવો અવસર જીવનમાં ફરી નહી આવે અને જીંદગી પર્યંત ક્યારેય ભુલાશે નહિ.

**34** રાગ : માઢ

## પધારોને સહજાનંદજી હો....

**રચના : સ.ગુ. પ્રેમાનંદ સ્વામી**

**પધારોને સહજાનંદજી હો, ગુના કરીને માફ. ટેક.**
**પ્રણામ છે ધર્મતાતને, ભક્તિમાતને પ્રણામ.**
**પ્રણામ છે જેષ્ટ ભ્રાતને, ઈચ્છારામને પ્રણામ હે. ગુના. ૧**
**પતિ મેલ્યા પિયુતમ કારણે, મેલી કુળ મરજાદ.**
**માતા પિતા મૂક્યા છે સ્વામી, એક તમારે કાજ હો. ગુના. ૨**
**ગરુડ તજીને પાળા પધાર્યા, ગજસારુ મહારાજ.**
**એ રીતે તમે આવો દયાળુ, કરવા અમારા કાજ હો. ગુના. ૩**
**અમ જેવા તમને ઘણા, પણ તમો અમારે એક.**
**પ્રેમસખી વિનતી કરે છે, જો રાખો હમારી ટેક હો. ગુના. ૪**

SarvopariParBhramParamatma, Purna Purushottam Bhagwan Shree Swaminarayan is traveling from Gadhada to Vadtal to celebrate Phuldolutsav on Fagan vad 1. The devotees from Gujarat and Charotar have gathered for this grand celebration. Saints have made full preparation for the celebration. Carriages full of Abil and Gulal are being delivered for this colorful event. Preparation on the ground is also being made for the colors.

NishkulanandSwami has taken the responsibility of preparing a swing for Shreeji Maharaj just for this occasion. The swing is being carved in full depth also has 12 different doors, so that all the devotees from all 12 directions can obtain the divine darshan of Shreeji Maharaj as He swings in this beautifully decorated swing.

Experiencing such a grand celebration, Premanand Swami's heart is exploding with admiration and happiness and Swamji is asking Shreeji Maharaj to sit inside this exquisitely decorated swing. Premanand Swami asks Shreeji Maharaj, "We want to perform worship of your divine feet, offer you rendering homage and clade you in the finest clothes and jewelry as you swing. Please fulfill our wishes. I surrender my mind, body, and soul to you Shreeji Maharaj. This type of event will not come again and will be lifelong memorabilia."

## 34 RAAG : MAADH

# PADHAARO NE SAHAJANANDJI HO

**Sad Guru Premanand Swami**

**Padhaaro ne sahajanandji ho, gunha karine maaf. Tek.**

**Pranaam chhe dharm taat ne, bhakti maata ne pranam;**

**Pranaam chhe jesth bhraat ne, ichharaam ne pranaam re ho. Guna. 1**

**Pati melya piyu tarn kaarane, meli kul marajaad;**

**Maatpita mukya chhe swami, ek tamaare kaaj re ho. Guna. 2**

**Garud tajine paala padhaarya,gaj saaru mahaaraaj;**

**Evi rite tame aavo dayaalu, karva amaara kaaj re ho. Guna. 3**

**Am jeva prabhu tamne Ghana pan, tamo amaare ek;**

**Premsakhi vinaanti kare chhe, raakho amaari tek re ho. Guna. 4**

ભક્તને હમેંશા પોતાના ઈષ્ટદેવની પોતાના અંતકરણમાં હાજરી હોય તોજ આનંદ મળે છે. જો અંતરમાં પ્રભુનો વાસ ન હોય તો જાણે બધું ફીકું ફીકું લાગ્યા કરે છે. તે જ કારણે જગતમાં બધાજ પ્રકારના લોકો હમેશા પોતાના પ્રાણપ્રિય પ્રભુને પ્રાર્થના કરતાં હોય છે. જેથી પ્રભુ પ્રાર્થના સાંભળીને આ ભક્તોની ભીડ ભાંગવા અને તેના બધા મનોરથો પૂર્ણ કરવા અંતર્યામી સ્વરુપે સદા હાજરા હજુર રહે છે. આવી પ્રેમલક્ષણા ભક્તિ પ્રેમસખી પ્રેમાનંદમાં જ જોવામળેને બીજે ક્યાં આવો પ્રેમ અને સપર્પણની ભાવના ગોતીય ન જડે એવો ઉત્કૃષ્ટ સ્નેહ પરમાત્માની સાથે આ નંદ પાંચસૌ પરમહંસો એ કરી રાખ્યો હતો. આજ્ઞા પાલન કરવામાં અને વચન પ્રમાણેધર્મનિયમમાં દઢતા રાખવામાં તો આ સંતોએ કોઈ કચાસ પોતાના જીવન પર્યંત ક્યારેય આવવા દીધી જ નથી.પ્રેમાનંદ સ્વામી એટલે તો આ પદમાં કહે છે હે પીયું તમારા માટે કુળ મુક્યું છે. જન્મ આપનાર મતાપિતાનો ત્યાગ કર્યો છે. લોક લાજ પણ મુકી દીધી છે. માટે હે પ્રભુ જેમ તમે પેલા એક પશુ હાથી માટે ગરુડનો પણ ત્યાગ કરીને પગપાળા તત્કાળ પધાર્યા છો. એમ હે દયાળુ અમને પણ આ ભયાનક સંસારના મોહ જાળમાં થી છોડાવવા દયા કરીને પધારજો અને અમારી મોક્ષ મેળવવાની ટેકને સથવારો આપશો. પણ પ્રભુ આવા તો અસંખ્ય ભક્તો તમને છે પણ અમારા માટે તો તમે એક જ છો.

**35 રાગ : રાગબી ધોળ**

## માટે સ્વામિનારાયણ ભજવા...

**રચના : સ.ગુ. પ્રેમાનંદ સ્વામી**

**મારે સ્વામિનારાયણ ભજવા, દુરિજનીયાં ના સંગને તજવા. ૧**
**મેંતો મેલ્યો સંસારીયો માડી, જોવા સ્વામિનારાયણ દાડી. ૨**
**મને સ્વામિનારાયણ ભાવે, લોક સ્વામિની કહીને બોલાવે. ૩**
**વાટે ઘટે ને જાતાં વળતાં, સ્વામિનારાયણ શ્રવણે સાંભતાં. ૪**
**મુખે સ્વામિનારાયણ ગાઉં, લોકલાજ થકી ન લજાઉં. ૫**
**પ્રેમસખી કે સ્વામિને સારું, કુરબાન કર્યું શિર મારું. ૬**

A true devotee is content and happy only when he is able to have constant presence of Bhagwan within him. If the presence of Bhagwan is not constantly felt, everything else feels empty. Therefore people around the entire World strive to keep Bhagwan constantly in their hearts. When the Almighty Bhagwan resides in the heart of his true devotees, He protects them and fulfills all their wishes.

This type of true devotion is perceived by Premanand Swami. To have that level of devotion and surrender everything to the lotus feet of Shree Hari is a difficult or more impossible task to accomplish. This type of love and devotion is also seen in the 500 Paramhans. Lord Shree Swaminarayan used to require strict adherence to the rules (dharma) and regulations (Niyam) and used to frequently change them for the five hundred Saints (Paramhans) to follow throughout their lives on this earth.

Premanand Swami states; “Hey Piyu” meaning “Oh Beloved”, for you I have given up by birth parents, my birth caste, and societal happiness. You have given mercy to the elephant and walked barefoot rather than ride on Garud the kings of the birds. Likewise, please protect us from this World’s illusion and give us Salvation. Dear Almighty, you have thousands of devotees like us, but for us you are the one and only Supreme Bhagwan.

## 35 RAAG : DHOL

# MAARE SWAMINARAYAN BHAJVA

### Sad Guru Premanand Swami

**Maare swaminarayan bhajva re, durijaniya na sang ne tajva. 1**

**Meto melyo sansaariyo maadi, jova swaminarayan da’di. 2**

**Mane Swaminarayan bhaave, lok swami ni kahine bolaave. 3**

**Vaate ghaate jaata valata, swaminarayan shravane saambhalata. 4**

**Mukhe Swaminarayan gaau, lok laaj thaki na lajaau. 5**

**Premsakhi ke swami ne saaru , kurabaan karyu jivan maaru. 6**

આ સંસારમાં ગોથા ખાતા અને વારંમવાર જન્મમૃત્યુના ફેરા ફરતાં જીવને જો કોઈ ઉગરવાનો આરો હોય તો તે છે. ભગવાનનું ભજન. એવો ભજન કરવાનો અવસર મળ્યો હોય અને ભજન કરવાનો મંત્ર મળી ગયો હોય તો તેને સમજુ માણસ ક્યારેય ન છોડે. તેવા ભાવને દર્શાવવા માટે પ્રેમાનંદ સ્વામી કહે છે. હે સંસારી જીવો આપણે તો સર્વવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણનું ભજન કરવું છે. જેથી જન્મમૃત્યુના મહા કષ્ટથી છુટકારો મળે. આ સત્ય વાતને મેં જ્યારથી જાણી છે ત્યાર થી મે તો નિશ્ચય કરી લીધો છે મારે તો શ્રીસ્વામિનારાયણને જ ભજવા છે. અને લોકો મને સ્વામિનારાયણની ભક્તાણી કહે શે તો પણ મને બહુ ગમશે. કારણ કે મેં તો સ્વામિનારાયણ માટે મારું જીવન કુરબાન કરી દીધું છે. તેથી હવે મને લોક લાજની કોઇ બીક જ નથી. નિશ્ચિંત થઈને ઈષ્ટને ભજવામાંજ આનંદ માણવો છે.

**36 રાગ : ગરબી**

## આજ મારે ઓરડે રે...

**રચના : સ.ગુ. પ્રેમાનંદ સ્વામી**

**આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ.**
**બાઇ મેં બોલાવીયા રે, સુંદર છોગાવાળા છેલ.. આજ. ૧**
**નીરખ્યા નેણાં ભરી રે, નટવર સુંદર શ્રીઘનશ્યામ.**
**શોભા શી કહું રે, નીરખી લાજે કોટીક કામ. આજ. ૨**
**ગૂંથી ગુલાબના રે, કંઠે આરેપ્યા મેં હાર.**
**લઇને વારણાં રે, ચરણે લાગી વારમવાર. આજ. ૩**
**આપ્યો મેં તો આદરે રે,બેસવા ચાકળીયો કરી પ્યાર.**
**પૂછ્યા પ્રીત શું રે, બાઇ મેં સર્વે સમાચાર. આજ. ૪**
**કહોને હરિ ક્યાં હતાં રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર.**
**સુંદર શોભતાં રે, અંગે સજીયા છે શણગાર. આજ. ૫**
**પહેરી પ્રીતશું રે, સુરંગી સુંથલણી સુખદેણ.**
**નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ. આજ. ૬**

Reciting the divine hymns of Bhagwan is the only route one should choose to become free from the cycle of birth and death. An intelligent person would not spend his valuable time doing mundane task, but will take the opportunity to do worship the Lord Almighty Shree Hari and to chant this divine mantras.

To portray such love and respect to the Premanand Swami is awakening the Souls engrossed in Worldly pleasure by stating we should worship the Almighty Lord Shree Swaminarayan. By only worshipping and performing devotional services to Lord Swaminarayan can one be freed from the cycle of birth and death! Ever since I have learned of this truth, I have been determined to do nothing else, but worship and pray to the Supreme Bhagwan Shree Swaminarayan. I will be delighted to hear one refer to me as "SwaminarayaniBhaktani" since I have surrendered my life to Lord Swaminarayan. Hence, I have no worry or concern about what people have to say about me. I want to enjoy the devotional service of Bhagwan Shree Swaminarayan and care for nothing else.

## 36 RAAG : GARBI

## AJA MARE ORADE RE

**Sad Guru Premanand Swami**

**Aja mare orade re, avya Avinashi Alabel,**
**Bai Me bolaviya re, sundara chhoganvalo Chhela. 1**
**Nirkhya Nena bhari re, Natavar sundar Shri Ghanshyam,**
**Shobha si kahun re, nirakhi laje kotika kama. 2**
**Gunthi gulabanare, Kanthe aropya men haar,**
**Laine varana re, charane lagi varamavara. 3**
**Apyo mein to adare re, besava cakaliyo kari pyaar,**
**Puchhya pritasun re, bai Me sarve samachara. 4**
**Kahone Hari Kyam hatare, Kyan thakiavaya Dharmakumar,**
**Sundar Sobhata re, ange sajiya chhe sanagara. 5**
**paheri pri tasun re, surangi suthaladi sukhadena,**
**Nadi hi rani re, jotan trupta na thaye nena. 6**

**ઉપર ઓઢીઓ રે, ગૂઢો રેંટો જોયા લાગ્ય.**
**સજની તે સમે રે, ધન્ય ધન્ય નીરખ્યા તેનાં ભાગ્ય. આજ. ૭**
**મસ્તક ઉપરે રે, બાંધ્યું મોળીડું અમૂલ્ય. કોટીક રવિ શશી રે.**
**તે તો નાવે તેને તુલ્ય. આજ. ૮**
**રેશમી કોરનો રે, કરમાં સાહ્યો છે રુમાલ.**
**પ્રેમાનંદ તો રે, એ છબી નીરખી થયો નિહાલ. આજ. ૯**

આ ચાર પદો ઓરડા ના પદો એવા નામે આપણા સંપ્રદાયમાં ઘણાજ પ્રસિધ્ધ છે. પ્રેમસખી પ્રેમાનંદ સ્વામીને અને પરમાત્મા શ્રીહરિને પરસ્પર કેવો ગાઢ સ્નેહ છે. તે આ પદની રચનાના ઈતિહાસ જાણવા માત્રથી સમજુને તરત જ સમજાઈ જાંતાં વાર ન લાગે. મહારાજની મૂર્તિનું ચિંતવન કરતાં કરતાં સુંદર શણગાર અને એ શણગાર સજેલા પોતાના પ્રિયતમને આપવાનો આવકાર તે તો આ શબ્દોમાં અભિવ્યક્ત થઈ જ જાય છે. મૂર્તિની રુપ લાવણ્યતા દયાળુતા કરુણતા વિગેરે દિવ્ય અલૌકીક શુભ ગુણોનું વર્ણન બે પદ સુધીની રચના સ્વામી કરીને પછી વિચારવા લાગ્યા કે હવે પ્રભુ ના ઐશ્વર્યો અને પ્રતાપનું કેવા શબાદોમાં વર્ણ કરવું. આમ અધવચ્ચે રચના રાખીને દેહના કામે લાગ્ય અને પોતાના પ્રેમી ભક્તની બધીજ મનોકામના પૂર્ણ કરતાં પરમાત્મા એ સ્વયં આવીને બાકીનાં અધુરાં બે પદ પૂર્ણ કરી આપ્યા છે. જેમાં પોતાનું જ સર્વોપરી પણું અને પોતાના ઐશ્વર્યોનું જગતના જીવ માત્રને જ્ઞાન થાય તેવી સરળતા અને સહતાથી વર્ણવ્યા છે.

**37 રાગ : ગરબી**

## જેને જોઈએ તે આવો મોક્ષ

**રચના : સ.ગુ. પ્રેમાનંદ સ્વામી**

**જેને જોઇ તે આવો મોક્ષ માગવા રે લોલ,**
**આજે ધર્મવંશીને દ્વાર નરનારી. જેને. ટેક**
**આવો પ્રગટ પ્રભુને પગે લાગવા રે લોલ,**
**વાલો તુરત ઉતારે ભવપાર નરનારી. જેને. ૧**

**Upara odhiyo re, gudho rento joya laag,**

**Sajani te same re, dhayna dhanya nirakhya tena bhagya. 7**

**Mastaka upare re, bandhyun molidun amulya,**

**Kotik ravi shashi re, te to nave teni tulya. 8**

**Reshami korano re, karaman sahyo chhe rumala,**

**Premanand to re, A chhabi nirakhi thayo nihala. 9**

These four verses are known as “Oradaanaapado” and are very famous in our fellowship. Premanand Swami and Swaminarayan Bhagwan had a lot of love and admiration for each other and this love becomes very apparent just by understanding the history behind the composition of this four-pad hymn. In the first two verses, Premanand Swami describes Shreeji Maharaj’s divine and very majestic form and His most beautiful facadewhile meditating upon Maharaj. He describes Maharaj as the most beautiful and most merciful. After the first two verses, Premanand Swami wanted to use the third and fourth verses to describe the greatness of Shreeji Maharaj and divinity, but he could not decide upon the right vocabulary to use to describe Maharaj’s incomprehensible greatness, so he left the kirtan with its two verses alone so that he could come back to it and finish it at a later time and went on about with his daily routine and activities. It was at this time that Maharaj came and He, Himself, composed the third and fourth verses of the hymn and in them, He describes His own greatness in a way that everyone can understand and by doing so, He fulfilled the wishes of countless devotees.

## 37 RAAG : GARBI

## JENE JOIE TE AAVO MOKSH

**Sad Guru Premanand Swami**

**Jene joie te aavo moksh magava re lol;**

**Aaje dharmvanshine dhvar narnari...jene. tek.**

**Aavo pragat prabhune page lagava re lol;**

**Valo turat utare bhavpar narnari...jene. 1**

જન્મ મૃત્યુના ભય થકી છૂટવા રે લોલ,

શરણે આવો મુમુક્ષુ જન નરનારી. જેને.

શીદ જાઓ છો બીજે શિર કૂંટવા રે લોલ,

યાં તો તુરંત થાશો પાવન નરનારી. જેને. ૨

ભૂંડો શીદને ભટકો છો મત પંથમાં રે લોલ,

આવો સત્સંગ મેલીને મોક્ષરુપ નરનારી. જેને.

આણો પ્રેમ "તીતિ સાચા સંતમાં રે લોલ,

થાશે મોક્ષ અતિશે અનુપ નરનારી. જેને. ૩

જુઓ આંખ્ય ઉઘાડી વિવેકની રે લોલ,

શીદ કરો ગોળ ખોળ એક પાડ નરનારી. જેને.

લીધી લાજ બીજા ગુરુ ભેખની રે લોલ,

કામ ક્રોધ વગાડી છે રાડ્ય નરનારી. જેને. ૪

એવા અજ્ઞાની ગુરુના વિશ્વાસથી રે લોલ,

જાશો નરકે વગાડતાં ઢોલ નરનારી. જેને.

વાલો તુરત છોડાવે કાળપાશથી રે લોલ,

પ્રેમાનંદ કહે આપે છે હરિકોલ નરનારી. જેને. ૫

ભગવાનશ્રી સ્વામિનારાયણે પ્રગટ થઈને જગતના જીવ માટે મોક્ષનો મહામાર્ગ કેવો સરળ કરી આપ્યો છે. તે વાત દુનિયાના લોકોને જણાવવા માટે પ્રેમાનંદ સ્વામી કહે છે. હે જીવાત્માઓ જો તમારે મોક્ષ જોઈ તો હોય તો હવે તો માંગતાની સાથે જ મળી જશે કારણકે સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના જ વંશમાં ધર્મકુળમાં આચાર્યત્વનું સ્થાપન કરીને મોક્ષનો મહામાર્ગ સદા અવિરત ચાલતો રહે તેવી અલૌકીક દિવ્ય સંપ્રદાયની વ્યવસ્થા કરી છે. પહેલાં યુગમાં તો મહાભયાનક કઠોર તપ કરે. અથવા મોટા મોટા યજ્ઞો કરે તોય મોક્ષ મળવાની કોઈ ખતારી ન હતી. ભાગવતાદિ શાસ્ત્રોમાં પ્રસિધ્ધ છે કે પરિક્ષીત નામના રાજાને મોક્ષ મેળવવા માટે કોઈ ઋષિમુનિ ઉપાય બતાવી શક્યા ન હતાં છેવટે શુદેવજીએ સાત દિવસમાં મોક્ષ અપાવવાનું વચન આપ્યું. પણ અહિં તો કોઈ પણ જગતનો જીવ

**Janma mrutyuna bhay thaki chhotva re lol;**

**Sharane aavo mumukshu jan narnari...jene.**

**Shid jao chho bije shir kuntva re lol;**

**Ya to turat thasho pavan narnari...jene. 2**

**Bhundo shidane bhatako chho mat panthama re lol;**

**Aavo satsang meline mokshroop narnari...jene.**

**Aano prem pratiti sacha santma re lol;**

**Thashe moksh atishe anup narnari...jene. 3**

**Juo ankhya ughadi vivekni re lol;**

**Shid karo gol khol ek pad narnari...jene.**

**Lidhi laj bija guru bhekhani re lol;**

**Kam krodhe vagadi chhe radya narnari...jene. 4**

**Eva agnani guruna vishvashthi re lol;**

**Jasho narake vagadata dhol narnari...jene.**

**Valo turat chhodave kalapashthi re lol;**

**Premanand kahe aape chhe harikol narnari...jene. 5**

In this hymn, Premanand Swami discourses the main reason why Lord Swaminarayan Bhagwan manifested upon this Earth and truly paved the way for all Souls to attain Salvation in the simplest way possible. He writes, “Dear Soul! If you want Salvation, then there has never been a better time than now to obtain that because the Lord of Lords, Swaminarayan Bhagwan, has established the Acharyaship and Guru Parampara within His own family and so His family will lead you on the path to Salvation.

In the first era, doing even the most austere and rigorous of penance and holiest of yagnas did not guarantee that you would attain Salvation. In the ShrimadBhagavat Puran we learn that no Rishi or Muni was able to show King Parikshit a way to attain Salvation. In the endhowever, Shukdevji promised King Parikshit he would attain salvation in seven days. King Parikshit had Shukdevji to show him the path to Salvation, but what about now? Any Soul can take refuge the the grace of the Acharya

શરણે આવીને માંગણી કરે અને તેને સાધારણ નહી પણ આત્યંતિક મોક્ષ જે ગીતામાં અપુનર્ભવ ના નામથી ભગવાન શ્રીકૃષ્ણએ ઓળખાવેલ છે. તેવો મોક્ષ આ ધર્મવંશી આચાર્યના શરણે આવવા માત્રથી માગ્યો મળે છે. એવું પ્રેમાનંદ સ્વામી આપણને સૌને સાવધાન કરીને કહે છે. સ્વામી કહે છે આ હું નથી કહેતો સ્વયં પરમાત્મા શ્રીહરિ એ કોલ આપેલ છે.

**38 રાગ : ભૈરવ**

## હમ તો એક સહજાનંદ....

**રચના : સ.ગુ. પ્રેમાનંદ સ્વામી**

**હમતો એક સહજાનંદ ચરનકે ઉપાસી,**
**લગન મગન મતવારે છોડી સબ આસી. હમ. ટેક**
**અડસઠ સબ કોન કરે કોન ફીરે કાશી,**
**અષ્ટ સિધ્ધિ આદિ ચહું મુક્તિસેં ઉદાસી. હમ. ૧**
**ચૌદલોક ભોગકે સુખ જાને સબ ફાંસી,**
**સહજાનંદ પદપંકજ મકરંદકે પ્યાસી. હમ. ૨**
**ચરન કમલ રસ લોભી મતિકે ઉજાસી,**
**નારદ સનકાદિક મધુપ ગુંજત બનવાસી. હમ. ૩**
**પુરુષોત્તમ સહજાનંદ જાને સુખરાશિ,**
**પ્રેમાનંદ આયો શરન ચરનકો નિવાસી. હમ. ૪**

ઉપાસનાની કેવી દૃઢતા હોવી જોઇએ તે ઉપર ભારમુકવા માટે પ્રેમાનંદ સ્વામી કહે છે, આપણે એક વાત સુનિશ્ચિત કરી લેવાની છે. આપણે કોના ચરણના દાસ બનવાનું છે. તેનો જ્યાં સુધી શંસય નહી જાય ત્યાં સુધી તમારો મોક્ષ કેવા પ્રકારનો છે. તે પણ નહી સમજાય માટે પ્રથમ એ વાત નકી કરી લેવા ની ખાસ જરુર છે. ધ્યાન કરવું તો કેવા સ્વરુપની સમજણ સાથેનું કરવું. ઉપાસના તોખી ન થાય ત્યાં સુધી બીજી બધી વાતોમાં પણ લોચો રહ્યા કરે છે. તેથી સ્વામી લખે છે ભાઇ અમે તો એક જ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સહજાનંદ સ્વામી શ્રીસ્વામિનારાયણના જ ચરણ સેવક છીએ. અમારે અડસઠ પ્રકારના તીર્થોમાં જઇને કોઇનોય

Maharajshree of our fellowship and just by asking that soul will attain not any ordinary Salvation, but Ultimate (aatyantik) Salvation, which is described by Lord Shree Krishna in the Bhagavad Geeta as Apurnabhavna. Premanand Swami explains that he is not justmaking this up, but rather Shree Hari, Himself, has promised that any soul that takes refuge under the grace of Dharmavanshi Acharya they will attain the Ultimate Salvation.

## 38 RAAG : BHAIRAV

## HUMTO EK SAHAJANAND

### Sad Guru Premanand Swami

**Humto ek sahajanand sahajanand gave,**

**Hamare man swaminarayan, Dusara na bhave...hum. tek.**

**Tap tirath sadhanme svapane nahi jave,**

**Jese koi ghrut chand, Chhasko na khave...hum. 1**

**Animadik japase triy tapako bujhave,**

**Sabako fal sahajanand charan chitt lave...hum. 2**

**Sahajanand japase triy tapako bujave,**

**Inhike pratapse apar gati pave....hum. 3**

**Aagam nigam kathin rahasya hame na samajhave,**

**Premanand sar sugam sahajanand aave...hum. 4**

In this hymn, Premanand Swami describes how firm a devotee's devotion to Shreeji Maharaj must be. We must decide, with the utmost conviction, upon who it is we worship, or else we cannot attain Salvation. We must be resolute in only meditating upon the great divine form of Swaminarayan Bhagwan. We cannot please Bhagwan with our devotion unless it is pure and selfless. So, it is with these feelings that Premanand Swami composed this hymn. In it, he writes, "Dear Soul! I only worship and serve the Supreme Almighty Lord Swaminarayan. I do not have to make a pilgrimage to any of the 68 holy places, like Kashi and Kedar or serve anyone else.

આશ્રય શોધવાની જરુર નથી.અથવા કાશી કે કેદાર જઈને કોઈના પણ ચરણની સેવા કરવા જવાની જરુર નથી. આઠ પ્રકારની સિધ્ધિઓ અને ચાર પ્રકરાની મુક્તિઓમાંથી એકોઈ માં મને જરાય પણ રસ નથી. કારણ કે તેમાં તો મને એટલાં માટે સુખ દેખતું નથી તે તો સાધનથી મેળવી શકાય છે. અને જે સાધનથી મેળવી શકાતું હોય તે તો અંતીમ નજ હોય અંતીમ તો પરમેશ્વરની કૃપાયે કરીને જે પ્રાપ્તિ થાય તે જ છે. તેથી મોટા નારદ સનકાદિક જેવા પણ પરમેશ્વરની ઉપાસના જ કરે છે. અને હું પણ તે જ પરબ્રહ્મપરમાત્મા સર્વાવતારી સર્વેપરી ભગવાન શ્રીસ્વામિનારાયણના જ એક ચરણ નો ઉપાસક છું.

**39 રાગ : સોરઠ**

## રૂડા લાગો છો રાજેન્દ્ર....

**રચના : સ.ગુ. પ્રેમાનંદ સ્વામી**

**રુડા લાગો છો રાજેન્દ્ર મંદિર મારે આવતાં રે, રુડા. ટેક**
**જરકસીયો જામો હરિ પહેરી, માથે બાંધી પાઘ સોનેરી.**
**ગૂઢો રેટો ઓઢી મન લલચાવતાં રે. રુડા. ૧**
**હૈડે હાર ગુલાબી ફોરે, ચિત્ત મારું રોકી રાખ્યું તોરે.**
**ગજરા કાજુ બાજુ મન મારે ભાવતા રે. રુડા. ૨**
**કનક છડી સુંદર કર લઇને,ગજગતિ ચાલો હળવા રહીને.**
**ચિત્તડું ચોરો છો મીઠું મીઠું ગાવતા રે. રુડા. ૩**
**પ્રેમાનંદના નાથ વિહારી, જાઉં તારા વદનકમળ પર વારી.**
**હેતે શું બોલાવી તાપ સમાવતા રે. રુડા. ૪**

પોતાના ઈષ્ટ દેવમાં કેવો અગાધ સ્નેહ છે. તે આ પદમાં પ્રેમાનંદ સ્વામી વ્યક્ત કરે છે. હે પ્રભુ તમો જ્યારે મારા અંતઃકરણમાં સ્ફુરાયમાણ થાવ છો. ત્યારે કેવા સુંદર શોભો છો. જાણે કે રાજાઓનાય રાજા હોવ તેવી તો તમારી મૂર્તિની શોભા છે.કેવા સુંદર વસ્ત્રો પરિધારણ કર્યા છે. અને તેની સાથે સુંદર સુગંધિમાન પુષ્પોના શણગાર તો મનુષ્ય માત્રના ચિત્તને હરિલેય એવા છે.સુવર્ણની છડી હાથમાં ધારણ કરીને જાણે કે મોટો

I have no interest in obtaining any of the eight supernatural powers or four types of salvation, and I do not find them appealing because they can be obtained by any ordinary means. Anything that can be obtained by using ordinary tools or means cannot possibly lead to everlasting happiness. Everlasting happiness can only be attained by pleasing the Lord and living in His merciful graces. It is for this everlasting happiness that even the greatest of Rishi's and Muni's, including the likes of Narad, Sanak, they all worship the Supreme Almighty Lord Swaminarayan, and I too worship the Supreme Almighty Lord Swaminarayan.

## 39 RAAG : SORATH

## RUDA LAGO CHHO RAJENDRA

**Sad Guru Premanand Swami**

**Ruda lago chho rajendra mandir mare avta re. Tek**
**Jarkasiyo jamo Hari paheri, Mathe bandhi pagh soneri;**
**Gudho rento odhi man lalchavta re. ruda. 1**
**Haide bar gulabi fore, Chitt maru roki rakhyu tore;**
**Gajra kaju baju man mare bhavta re. ruda. 2**
**Kanak chhadi sundar kar laine, Gajgati chalo halva rahine;**
**Chittdu chho mithu mithu gavta re. ruda. 3**
**Premanand na Nath vihari, Jau tara vadankamal par vari;**
**Hete shu bolavi tap shamavta re. ruda. 4**

Premanand Swami in this poem describes his true love for his Savior Lord Swaminarayan. Oh Lord! When you stimulate my mind, you look very enchanting. Describing the radiance of Bhagwan's image Premanand Swami discoursesthe divine beautiful garments which Almighty Shree Hari has adorned! Along with that, aromatic flower ornaments makes a person believe that you are the King of all the Kings. Such beauty takes my mind away. You have adorned a stick made out of gold and you make

હાથીઓનો રાજા ચાલ્યો આવતો હોય તેમ મંદ મંદ ગતી થી ચાલતાં આવીને મારા હ્રદયમાં જાણે મીઠા મધુર ગીતો નું ગાન થતું હોય તેમ બોલાવીને સમગ્ર તાપને તત્કાળ શમાવી દેય એવું તમારુ રુપ છે.

40 રાગ : પરજ

## અંત કાળે આવી રે મારી

રચના : સ.ગુ. દેવાનંદ સ્વામી

**અંત કાળે આવીરે મારી, શ્રીઘનસ્યામ કરો સહાયરે. ટેક**
**રોમ કોટી વીંછી તનમાં થાય વેદના, કફજાલે કંઠરુંધાય છે. અંત. ૧**
**શુધ્ધ ન રહે જ્યારે પોતાના શરીરની, તનડાના નાડતુટી જાય છે. અંત. ૨**
**ઘરનાં માણસ જ્યારે ઘેરી બેસે પાસળે, પુમડું લઇને જળ પાય છે. અંત. ૩**
**દેવાનંદ કહે દેહ તજવા ટાણે, હૈડુ હાલકલોલ થાય છે. અંત. ૪**

ભગવાન શ્રીસ્વામિનારાયણના પાંચસૌ પરમહંસોમાં જેમ વૈષ્ણવોમાં અષ્ટ કવિ સૂરદાસ વિગેરે પ્રસિધ્ધ છે. આ પરમહંસોમાં પણ આઠ મહાન સંત કવિઓ નું મંડળ છે. તેમાં સ.ગુ.દેવાનંદ સ્વામીનું સ્થાન ગુજરાતી સાહિત્યમાં અને સંપ્રદાયમાં આગવું છે. મોટા ભગે તેમની રચનાઓમાં આ સંસારના જીવનો ઉધ્ધાર કેમ થાય તે હેતુથી ઉપદેશ પ્રધાન પણે જોવા મળે છે. તો પણ શ્રીહરિના મૂર્તિના અંગે અંગેનું પણ રસમધુર વર્ણનના પદો તેમના છે. અત્રે આ પદમાં સ્વામી જીવ માત્રને સાવધાન કરે છે કે અંત સમય આવશે ત્યારે શ્રીઘનશ્યામ વિના કોઈ સહાય કરવા વાળુ નહી મળે. માટે શ્રીઘનશ્યામની પ્રાર્થના અને ભક્તિ કરી લેવા જેવી છે. કરોડો વીંછી કરડે ને જેવી વેદના થાય તેવી વેદના આ જીવને શરીર છોડતી વખતે થાય છે. ત્યારે ફક્ત ને ફક્ત શ્રીઘનશ્યામ જ સહાય કરવા વાળા છે.નાડીઓ તુટતી હોય શરીરનું ભાન ન હોય હૈયું જ્યાં ત્યાં ભમતું હોય ત્યારે જો શ્રીઘનશ્યામને સંભરશો તો રક્ષા થશે તે વિના બધા વાયદા જ છે.

me believe that the King of the elephants is approaching. Thus you walk so elegantly and you call upon me blushing like the sweet music playing in my heart. Your beauty takes away all my pain and suffering.

## 40 RAAG : PARAG

# ANAT KALE AVIRE MARI

### Sad Guru Devanand Swami

**Anat kale avire mari, Shri Ghanshyam karo sahayare. Tek**

**Rom koti vinchi tanma thay vedna, kafjale kanthrudhay che. Ant. 1**

**Shuddh na rahe jyare potana sharirni, tanadana nadtuti jay che. Ant. 2**

**Gharna manas jyare dheri bese pasale, pumdu laine jal pay che. Ant. 3**

**Devanand kahe deh tajva tane, haidu halkalol thay che. Ant. 4**

Just like the great 8 poets of India like Surdas in Vaishnavsfellowship arefamous; similarly, amongst the 500 enlightened Saints of Swaminarayan, there was a group of 8 great poet Saints. Amongst them,SadguruDevanand Swami's position in Gujarati literature and in the sect is exclusive. A large part of his compositions are seen as an advice on how and what can a Worldly person do for the betterment of his Soul. Yet, there are many beautiful compositions by him that describe the form of Shree Hari. Here in this hymn Swami alerts people that; when time comes to leave this World, none but Shree Ghanshyam will come to rescue them and therefore devotion and praying to Shree Ghanshyam is a sure thing to do. One experiences the pain equivalent to the stings of millions of scorpions when the Soul leaves the body. At that time Shree Ghanshyam is the only one who comes to your aid. When veins are breaking, body is unconscious, heart is wandering here and there at that time if you remember the Almighty Shree Ghanshyam Maharaj then only will you be protected. Everything else will just remain an idle promise.

## 41 રાગ : ગરબી

# કર પ્રભુ સંગાથે દૃઢ

### રચના : સ.ગુ. દેવાનંદ સ્વામી

**કર પ્રભુ સંગાથે દૃઢ પ્રીતડી રે, મરી જાવું મેલીને ધનમાલ.**
**અંતકાળે સગું નહિ કોઇનું રે. ટેક.**
**સંસ્કારે સંબંધી સર્વે મળ્યા રે, એ છે જૂઠી માયા કેરી જાળ. અંત. ૧**
**મારું મારું કરી ધન મેળવ્યું રે, તેમાં તારું નથી તલભાર. અંત. ૨**
**સુખ સ્વપ્ન જેવું છે સંસારનું રે, જેને જાતાં ન લાગે વાર અંત. ૩**
**માટે સેવે તું સાચા સંતને રે, તારા ટળશે ત્રિવિધિના તાપ અંત. ૪**
**અતિ મોટા પુરુષને આસરે રે, બળે પૂર્વજન્મનાં પાપ. અંત. ૫**
**એવું સમજીને ભજ ભગવાનને રે, સુખકારી સદા ઘનશ્યામ. અંત. ૬**
**દેવાનંદનો વહાલો દુ:ખ ટાળશે રે, મનવાંછિત પૂરણકામ. અંત. ૭**

સંતનો સ્વભાવ છે કે ગમે તેમ કરીને પણ આ જીવને દુ:ખોમાં થી છોડાવવો. એ જીવને ગમે કે ન ગમે પણ સત્ય વાત તેને સમજાવવા માટે કડવા વચનો કહીને પણ તેનું હિત કેમ થાય એવો જ સદા વિચર કરે તેનું જ નામ સંત.એવા જ ભગવાન શ્રીસ્વામિનારાયણના આ પરમહંસ સંત સ.ગુ. દેવાનંદ સ્વામી એ જીવ માત્રને ચેતવણી આપતા કહે છે કે હે જીવ તૂં જગતના સગા સબંધી ધન દોલત અને માન મોટપમાં થી સ્નેહ છોડીને જો તૂં પ્રભુની સાથે પ્રીતિ કરીશ તો તારા બધા જપ્રકારના દુ:ખો નો અંત આવી જશે. દેહ છોડવાનો વારો આવશે ત્યારે કોઈ કામમાં આવવાનું નથી તે સનાતન સત્યવાત છે. આ બધા તો પૂર્વ ભવના કર્મના લેણદેણના સંસ્કારના કારણે આવીને સૌ મળ્યા છે. તેમાંથી એક પણ તારા અર્થાત આ જીવના સાચા સબંધી નથી. જો તૂ સાચા સંતનો આશ્રય કરીશ તો તારા એનેક જન્મજન્માંતરોના પુર્વ ના પાપ બળીને ભસ્મ થશે. પાપના કારણ રુપ ત્રિવીધ દુ:ખો નાશ પામશે. એવું સમજીને જો તું ભગવાનનું ભજન કરીશ તો સદા સુખકારી શ્રીઘનશ્યામ તારા બધા મનવાંછીત કામનાઓને પૂર્ણ કરશે અને અંતે મહાફળ રુપે આત્યંતિક મોક્ષ પરમાત્માના અવિનાશી એવા અક્ષર ધાણની પ્રાપ્તિ થશે.

## 41 RAAG : GARBI

# KAR PRABHU SANGATHE DRADH

### Sad Guru Devanand Swami

**Kar Prabhu sangathe dradh pritdi re, mari javu meline dhanmal;**
**Antkale sagu nahi koinu re.**
**Sanskare sambandhi sarve malya re, e chhe juthi maya keri jal. ant. 1**
**Maru maru karine dhan melavyu re, tema taru nathi talbhar. ant. 2**
**Sukh svapna jevu chhe sansarnu re, tene jata na lage var. ant. 3**
**Mate seve tu sacha santne re, tara talshe trividhna tap. ant. 4**
**Ati motapurushne ashre re, bale purva janamna pap. ant. 5**
**Evu samjine bhaj Bhagwanne re, sukhkari sada Ghanshyam. ant. 6**
**Devanandno vahalo dukh kapshe re, manvanchhit puran kam. ant. 7**

It is the habit of a true Saint to liberate this Soul from pain by any means possible. A true Saint is the one who would discourse bitter words to explain the truth to the Soul whether he or she likes it or not. Similarly theenlightened Saints of Bhagwan Swaminarayan, Devanand Swami, cautiously discourses; if you put aside your desire for Worldly pleasures, boosting you ego and fame and develop true love for the Almighty Shree Hari then all your sorrows will become banished. This is the eternal truth that when time comes to leave this body no one is going to come to rescue you. All your relatives have paid their debts owed to you from their past life and the debts you owned them have also been paid off. None of these are the true relatives of the Soul. If you take refuge under a true saint, then the sins of your infinite life forms will be forgiven. Thereare three types of pain which are experienced due to our pass sins, they will be destroyed and banished. Keeping that on your mind if you worship the Almighty Shree Ghanshyam Maharaj, He will fulfill all your desires and ultimately you will receive the sweetest fruit of your deeds, the Ultimate Salvation Akshardham.

## 42 રાગ : ધોળ

# ધીરજ ધર તું અરે અધીરા...

### રચના : સ.ગુ. દેવાનંદ સ્વામી

Sadguru Premanand Swami was very eager and enthusiastic to meet Bhagwan Swaminarayan from a very young age. The first time Premanand Swami encountered Lord Shree Hari his mind became totally engrossed in the divine form of Shree Hari and from that day on dedicated his life to serve the Lotus feet of Shree Hari. As per the directions of Shreeji Maharaj, Premanand Swami built a tent made from leaves near the bank of river 'Ghela' in Gadhada City and used to go to Darabargadh, Dada Khachar's Home and watch Shreeji Maharaj carefully. Swamji used to memorizes all the moles and marks on Bhagwan's body and then return back to the tent of leaves and sit down to meditate. Sadguru Premanand Swami was an expert in playing 'Sarangi' (Musical Instrument) from his childhood because he was immensely interested in playing it. A skill which is obtained and not put into practice will banish after a while, so Swamiji spent any free time he had practicing. Shreeji Maharaj assumed that playing the Sarangi might interfere with Swamiji's meditation, so Shreeji Maharaj seized the Sarangi from Premanand Swami.

Respecting Shree Maharaj's wishes Premanand Swami with enthusiasm gave the 'Sarangi' to Shreeji Maharaj even though he had deep affection for it.

One day a large assembly has gathered at Dadakhachar'sDarbar. All the Saints and devotees have sat at their respective places. Premanand Swami who had the desire to meet Shreeji Maharaj was also present there. All were waiting patiently for Bhagwan to enter the assembly. During that time, Lord Shree Hari enters grand assembly with Saints and devotees. Today Maharaj is wearing a

ભગવાન શ્રીહરિનાં આ સ્વરૂપને નિહાળી આનંદ વિભોર બની રહ્યા છે. સર્વે સભાજનોનું ચિત્ત શ્રીહરિનાં સ્વરૂપમાં સ્થિર થઈ ગયું છે. ત્યાં તો અચાનક ભગવાન શ્રીહરિ પ્રેમાનંદ સ્વામી પાસે આવતાં જ થોભ્યાં અને પ્રેમાનંદ સ્વામીનાં ખભા ઉપર નિજ સખાની જેમ હાથ મુકીને પોતાના સિંહાસન તરફ આગળ વધે છે. સર્વ સભાજનો આ દિવ્ય દર્શનને નિહાળી રહ્યાં હતાં. ભગવાન શ્રીહરિ પોતાના સિંહાસન ઉપર બિજામાન થયા છે અને સદ્‌ગુરુ સ્વામી ભગવાનની સન્મુખ હાથ જોડીને ઉભા રહી દર્શન કરવા લાગે છે. આજે પ્રેમાનદં સ્વામીની આંખોમાંથી ઝરતો ભાવ જોઈ ભગવાન શ્રીહરિ તેમને પ્રસ્ને કરે છે કે હે સ્વામી ! તમે આ રીતે શું જોઈ રહ્યા છો ? તે આ સભાને જણાવો મહારાજની વાણી સાંભળી પ્રેમાનંદ સ્વામીએ વિનંતી કરી કે હે મહારાજ, આજે આપનાં દિવ્ય દર્શન કરીને હું જે મારા હૃદયમાં આનંદની ઉર્મિ અનુભવું છું તે વર્ણન કરવાની આજ્ઞા આપો. ભગવાન શ્રીહરિ તેમનો અથાગ પ્રેમ અને ભાવ જોઈ પ્રસન્ન થાય છે અને પોતાનાં પાર્ષદ પાસે પ્રેમાનંદ સ્વામીની સારંગી મંગાવી એ શ્રીજી મહારાજે સ્વામીને સારંગી આપતાં કહ્યું હવે ''તમે મુક્ત થઈને તમારો ભાવ વર્ણન કરો.''

મહારાજની આજ્ઞા અને આશીર્વાદ મળાં જ સ્વામી આનંદીત થઈ ઉઠ્યાં અને પોતાનાં અંતરની ઉર્મિને પ્રગટ ત્કરતાં આ પદની રચના કરી.

**56 રાગ : હમીર કલ્યાણ પદ**

## "ઐરી ઐરી આજ રંગમહલ..."

**રચના : સ. ગુ. પ્રેમાનંદ સ્વામી**

**એરી એરી આજ રંગ, (૨) મહલ મધ્ય બેઠે મોહન પિયા,**
**ગજરા ગુલાબી ગુંથકે હું લઈરી; આજે ટેક.**
**રાજત શ્રી ઘનશ્યામ અમીત આનંદ ધામ,**
**લેકે મેરો નામ નીકટ બોલાયે લઈરી. આજ ૧**
**કઈકે પ્રનામ ઉર ઘારી લે મેં ફુલદામ,**

golden embroided top, golden trousers and s turban mixed with orange and gold stripes on his head. Pearls are tied around his hands, flower garlands are place around his neck. Everybody watching this divine image and have become totally engrossed upon Maharaj's Idol. Just like an owl never gets tired watching the moon, the devotees continuously watch the divine form Shree Hari. Everybody's minds are completely fixated upon Shree Hari. Suddenly, Shreeji Maharaj comes towards Premanand Swami and puts his hand on Premanand Swami's shoulder, started walking towards his elegant Throne. Everybody in the assembly is watching this divine scene. Then, Lord Shree Hari seats on his Throne and Sadguru Premanand Swami stands in front of Lord with both hands folded. Today, after looking at Premanand Swami's emotional eyes, Lord Shree Hari asks Premanand Swami, What are you looking at this way? 'I want the entire congregation to know your answer.' From hearing the words of Lord Shree Hari, Premanand Swami starts to discourse. 'My Dear Lord Shree Hari, I am happy and ecstatic after seeing your divine love and affection, please give me permission to discourse this affection. Seeing the emotions of Premanand Swami, Shreeji Maharaj requests his Butler to bring the Sarangi. Shreeji Maharaj gives the Sarangi to Premanand Swami and requests him to 'feel free to express your emotions.'

As soon as Swamji heard the order and received the blessing of Lord Shree Hari, Premanand Swami created this hymn explaining his heart's inner feelings through this hymn.

## 56 RAAG : HAMIR KALYAN PAD

## ERI ERI AAJ RANGMAHAL

**Sad Guru Premanand Swami**

**Eri eri aaj rang, (2) mahal madhya bethe mohan piya,**
**Gajara gulabi guthake hu lairi, Aje Tak.**
**Rajat Shri Ghanshyam amit anand dham,**
**Leke mero nam nikat bolaye nairi. Aaj 1**
**Kaike pranam ur dhari le me fuldam,**

ગજરા પે'રાયે કર મગન હું ભઈરી. આજ ૨
બાજત મૃદંગ તાલ ગાવત મુનિ મરાલ,
મોસું કહે એક તાન ગા તું નઈરી. આજ ૩
ગાઈ મેં તો એક તાન દુશાલો ઉતારી કહાન,
પ્રેમાનંદ રીઝે હરિ મોજ જ્યું દઈરી. આજ ૪

એક વખથ જેતલપુર ગામમાં તળાવને આરે રંગમહોલમાં શ્રીહરિ બિરાજમાન હતા. સરોવરની સુરભિ સાથે મંદ મંદ શીતળ સમીર વહી રહ્યો હતો. સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, દેવાનંદ સ્વામી આદિ વિવિધ સંતો વાંજિત્રો લઈને શ્રીહરિને પ્રસન્ન કરવા તેમની સમક્ષ આનંદવિભોર બની કીર્તન કરી રહ્યાં હતા. કીર્તનનો મધુર સુરો ગગનમાં ગુંજી રહ્યા હતાં.

કીર્તનની રસભર જમાવટ સાથે પ્રેમાનંદ સ્વામી શ્રીહરિ માટે ફુલહાર અને ગજરા લઈને ઉપડતે પગે પ્રવેશદ્વાર તરફ આવી રહ્યા હતા પણ શ્રીહરિને રાજી કરવામાં મગ્ન નંદ સંતો અને કીર્તન સાંભળવામાં મશગુલ શ્રીહરિને જોઈને કીર્તન-ભક્તિમાં વિક્ષેપ ન પડે અને મર્યાદા જળવાઈ રહે તે હેતુથી પ્રેમાનંદ સ્વામી પ્રવેશદ્વારા પાસે જ થંભી ગયા. પ્રસન્ન ચિત્ત થઈ કીર્તન સાંભળી રહેલા શ્રીહરિએ પ્રેમસખીનાં અંતરમાં ઉમટેલા પ્રેમભાવ અને મુખ ઉપરની આતુરતા ઓળખીને શ્રીહરિએ પ્રેમસખીને એક મીઠો આવકાર આપતા પૂછ્યું "પ્રેમસખી ! ત્યાં કેમ ઉભા રહી ગયા ? અંદર આવો." પોતાનું નામ શ્રીહરિના અધરોથી સાંભળતાં જ પ્રેમવિભોર બનેલા પ્રેમસખી શ્રીહરિને પ્રણામ કરી કેડમાં સુમનમાળા પહેરાવી, શ્રીહરિના મુખારવિંદને અનિમેષ નિહાળતાં શ્રીહરિનાં બંને હાથે ગજરા પહેરાવી પોતાના અંતરમાં ધન્યતા અનુભવે છે. તાન, મૃદંગ, સિતાર, સરોદ લઈ નંદ સંતો તથા પરમહંસો કીર્તનની ભારે જમાવટ કરી શ્રીહરિનાં સ્નેહમાં મગ્ન થઈ ગાઈ રહ્યા હતા, તે જોઈ પ્રેમસખીનાં અંતરમાં પ્રેમરસ ફેલાઈ ગયો.

અંતર્યામી શ્રીહરિએ પ્રેમસખીના મનની ઉત્સુકતા જાણી પ્રેમસખીને

**Gajara pejaye kar magan hu bhairi. Aaj 2**

**Bajat mrudang tal gavat muni maral,**

**mousu kahe ek tan ga tu nairi. Aaj 3**

**Gai me to Eak tan dushali utari kahan,**

**Premanand rize hari moj jyu dairi. Aaj 4**

One day Shreeji Maharaj was at Rangmahol in the village of Jetalpur. Next to the small lake a mild wind was blowing with natural music. Sadguru Muktanand Swami, Brahmanand Swami, Premanand Swami, Devanand Swami and others great Saints were singing hymns accompanied by musical instruments to make the Almighty Shreeji Maharaj happy. The sweet words of those hymns were travelling through the sky.

Whilst the hymns are being sung the whole atmosphere around Jetalpur is full of joy and tranquility. To welcome Shreeji Maharaj, Premanand Swami has a flower garland and gajra in his hand and was running towards the main door to place the Flowers Garland and Gajara around Shree Hari's neck and arms. Whilst running Swami looked at all the Saints, who were engrossed in singing Bhagwan's hymn and Shreeji Maharaj was also captivated in listening to these divine hymns. Premanand Swami stopped at main door and stood very still, Swamji did not want to create a disturbance between the devotees, respected Saints and Shreeji Maharaj. After observing the love and affection in Premanand Swami's heart, Shreeji Maharaj who was captivated listening to the hymns asked Premanand Swami, 'Dear Premsakhi! Why have you stopped over there next to the entrance, please come in.' Hearing these sweet Worlds from the mouth of the Almighty Shree Hari Swami could not control himself and came running towards Shree Hari. Swamji greeted Shree Hari and gave 'Sumanmala' to Shree Hari and then looking continuously at Shree Hari, Premanand Swami offers the 'Gajara' to Lord Shree Hari. When offering the flower garlands and Gajra to Almighty Shree the divine Saints were singing divine hymns whilst playing different musical instruments Taan, Mrudang, Sitar, Sarod, the Saints were singing and playing these instruments with adoration and passion for Shree Hari. Premanand Swami's heart was full of great admiration.

કાંઈક નવીન તાન ગાઈ સંભળાવવાનો આગ્રહ કર્યો. પ્રેમાનંદ સ્વામીએ પોતાના મનની ઈચ્છા શ્રીહરિના મુખથી સાંભળતાં જ વિના વિલંબે તેમના આગ્રહનો સ્વીકાર કરતાં જ શ્રીહરિને પ્રણામ કરી નંદસંતો સાથે બેસી કામઠી ચડાવે છે. અપૂર્વ આલાપ કરીને એક નવીન તાન છેડીને કીર્તન ગાય છે અને તેમનાં સુરોથી બ્રહ્મભીનાં વાતાવરણમાં મધુરતા પ્રસરી જાય છે તથા સભાજનો મગ્ન થઈને બોલી ઉઠે છે. આ જોઈ પ્રસન્ન થયેલાં કૃપા નિધિ શ્રીહરિ પોતે જ ઉભા થઈ જાય છે અને વાહ ! પ્રેમસખી વાહ ! એમ કહેતાં પ્રેમાંદ સ્વામી પાસે આવી પોતે ઓઢેલી દુશાલા પ્રેમસખીને ઓઢાડી દે છે. શ્રીજી મહારાજની આજ્ઞાને શિરોધાર્ય કરી પ્રેમસખી એ ગાયેલ સાવ નવી જ તાનને માન આપતાં મહારાજે પોતાનાં અંતરની કૃપા પ્રેમાનંદ સ્વામી ઉપર વરસાવી. પ્રેમાનંદ સ્વામી પોતે શીઘ્ર કવિ હોવાથી પોતે ગાયેલ નવીન તાન માલકૌંસ અને પરિણામ રૂપે મળેલી શ્રીહરિની મહામુલી દુશાલા મોજના સુખદ પ્રસંગને પોતાના કાવ્યમાં સરસ રીતે ગૂંથી લીધો. તે સુખદ સ્મૃતિકાવ્યનું અહીં નિરૂપણ કર્યું છે.

**57 રાગ : માલકૌંસ**

## આજ બંગલે મે ઘુંઘરૂ

**રચના : સ. ગુ. પ્રેમાનંદ સ્વામી**

**આજ બંગલે મે ઘુંઘરું બાજે...**
**બ્રિંદાવનકી કુંજમે બંગલા,**
**જહાં રાધેશ્યામ બિરાજે..... આજ૦ ૧**
**બાજત મૃદંગ ગાવત ગોપીજન,**
**થેઈ થેઈ હોત સમાજે..... આજ૦ ૨**
**નાચત સુંદર શ્યામ રાધિકા,**
**નીરખી રતિપતિ લાજે..... આજ૦ ૩**
**પ્રેમાનંદ ઘનશ્યામ સુંદર છબી,**
**અવિલોકીત દુઃખ ભાજે..... આજ૦ ૪**

Shree Hari being omniscient could see the great desire Premanand Swami had to sing a hymn, so Bhagwan insisted Premanand Swami to compose a new hymn. Instantly hearing these divine words Premanand Swami prepared himself with the Sarangi. Swami has sat down and started to compose the song, Swamiji voice was majestic, but with the passion he was singing with spread into atmosphere forcing everybody to praise him. Shree Hari is watching all of this commotion and is very pleased and says, ‘Good Premsakhi! Good!’ Then Shree Hari comes near Premanand Swami and gives his blanket, which the Lord Almighty himself was wearing. This was only all possible because of Shree Hari’s blessings, Lord Swaminarayan requested Premanand Swami to sing and play the Sarangi, whilst playing and singing sweet words come out of the mouth of Premanand Swami and this hymn was composed. Shree Hari respected the new composed and gave blessings to Premanand Swami. As Premanand Swami was spontaneous creator of hymns and also played the new hymn in the Malkauns rhythm and received a gift the blanket from Shree Hari, Premanand Swami wrote this beautiful kirtan.

## 57 RAAG : MALKAUNS

## AAJ BUNGALE ME GHUGHURU

**Sad Guru Premanand Swami**

**Aaj bungale me ghughuru baje....**

**Brindavanki kunjme bungala,**

**Jaha Radheshyam biraje..... Aaj0 1**

**Bajat mrudang gavat gopijan,**

**Thei their hot samaje........... Aaj0 2**

**Nachat sundar shyam radhika,**

**Nirakhi ratipati laje..... Aaj0 3**

**Premanand Ghanshyam sundar chabi,**

**Avilokit dhukh bhaje..... Aaj0 4**

એક વખત ગઢડામાં શ્રીહરિ દાદાખાચરનાં દરબારમાં સભા ભરીને બેઠા હતા. એ અવસરે શ્રીહરિ પાસે ગ્વાલિયરથી ગવૈયા આવ્યાં. ગાયનમાં કુશળ તેઓએ ભાવનગર આદિક રજવાડામાં ગાયન કરીને સારા શિરપાવ મેળવ્યાં હતાં. તેમણે એવું સાંભળેલું કે સ્વામિનારાયણના નંદ સંતો ગાયન કીર્તનમાં ખૂબજ હોશિયાર હતા કે જાણે સાંભળવા ગાંધર્વ, દેવો તથા ઋષિમુનિઓ પણ છતાંય કંઈક આશયથી શ્રીજી મહારાજ સામે નંદ સંતો સાથે પ્રતિયોગિતા યોજવાનો આગ્રહ કર્યો.

શ્રીજી મહારાજના મુખારવિંદમાં મંદમંદ સ્મિત છવાઈ ગયું. પોતાના નંદ સંતોની પ્રતિભા જાણવા છતાંય શ્રીરિએ ગ્વાલિયરથી આવેલા ગવૈયાઓને પોતાના નંદસંતોની પ્રતિભા અને ક્ષમતા બતાવવા તે પ્રતિયોગીતાનો સ્વીકાર કર્યો. શ્રીજી મહારાજે જમણી બાજુ નંદસંતોને બેસવાની આજ્ઞા કરી અને ડાબી બાજુ ગ્વાલિયરના ગવૈયાઓને બેસવાનો આગ્રહ કર્યો. પ્રતિયોગીતામાં ભાગ લેવા ઉત્સુક નંદસંતો વિવિધ વાંજિત્રો લઈને શ્રીહરિ સમક્ષ ઉપસ્થિત થઈ ગયા. શ્રીજી મહારાજે ચોકને વળાવી તેમાં કંકુ છંટાવ્યું. પછી શ્રીહરિએ નંદસંતોને કીર્તન ગાન કરવાની આજ્ઞા કરી. જે સાંભળતા જ પ્રેમાનંદ સ્વામી જે પૂર્વાશ્રમથી જ નિપૂણ સારંગી વાદક હતા. તેમણે સારંગી લઈ એક સુમધુર સુર સાથે કીર્તન ગાન કરવાનું શરૂ કર્યું અને મુક્તાનંદ સ્વામીએ પગમાં ઘુંઘરું બાંધીને તથા હાથમાં કરતાલ લઈ શ્રીહરિની આજ્ઞાને શિરોધાર્ય કરી ભાવવિભોર બની સભામાં પ્રેમાનંદ સ્વામીના સુરો સાથે તાલબધ્ધ થઈ નૃત્ય કરવા લાગ્યા. આલાપ સાથે તાલબધ્ધ થઈ મુક્તાનંદ સ્વામીના આ નૃત્યને જોઈ આખીયે સભા પ્રેમરસ થઈ આનંદ વિભોર થઈ ઉઠે છે અને ગ્વાલિયરથી આવેલા ગવૈયાઓ પણ મુક્તાનંદ સ્વામીના આ નૃત્યને જોઈ ખૂબ જ બિરદાવે છે.

ત્યારે આ જોઈ શ્રીજી મહારાજના મુખારવિંદ પર હર્ષ ભર્યુ સ્મિત છવાઈ ગયું અને શ્રીજી મહારાજે હર્ષ ઉલ્લાસ સાથે ગ્વાલિયરના ગવૈયાઓનું ચોક તરફ ધ્યાન દોર્યું. જ્યાં મુક્તાનંદ સ્વામીએ નૃત્ય કરતાં કરતાં પોતાના પગની એડીથી કલાત્મક રીતે હાથીનું ચિત્ર દોર્યું હતું તે ચિત્ર જોઈ

One day the Supreme Lord Shree Hari has held an assembly in Gadhada at the home of Dada Khachar. Whilst the assembly is going on Singers have come from ‘Gvaliar’ and have come towards Lord Shree Hari. They were expert in singing and won many awards for their singing in Bhavnagar and other States. They have heard that the Saints of Swaminarayan are very skillful in the act of singing. The way the Saint composed and sung the hymns of Lord Shree Hari was majestic that great ‘Gandharvo’ and Demigods would come and watch them perform. Even though the Gvaliar knew this fact they still insisted in having a singing competition with Saints of Lord Shree Hari.

Shree Hari’s majestic divine face was covered with a smile. Shree Hari knew the expertise of the Saints and Shree Hari accepted the challenge. Shree Hari requested the Saints to seat on the right side of the assembly and requested the Gvaliar singers to seat on left side. All the Saints who were going to participate in the competition became ready; they gathered their musical instruments and sat down near Shreeji Maharaj. As per the request of Shree Hari, the whole area where the competition was going to take place was cleaned and then ‘kumkum’ was spread all over. Then Shree Hari ordered the Saints to start singing the divine hymns. Immediately hearing this words Premanand Swami, who was expert in playing Sarangi from his childhood, started singing hymns with the sweet voice Bhagwan had blessed him with and Muktanand Swami tied ‘Ghunghroo’ (ankle bracelets) around his legs and picked up a ‘kartal’ in his hands. Accepting Shree Hari’s blessings Muktanand Swami starts to dance with the rhythm and emotions of Premanand Swami’s kirtan. Everybody including the Gvaliar Singers started to praises Muktanand Swami’s dancing.

When Shreeji Maharaj saw everyone praising Muktanand Swami He smiled and requested Gvaliar singers to look at floor where Muktanand Swami was dancing. Muktanand Swami whilst dancing has drawn majestic picture of an elephant with the sole of his feet. After seeing that picture the Gvaliar singers bowed their heads at the divine feet of Shreeji Maharaj, they had realizes they did not have the skill set to compete against this. The ego

ગ્વાલિયરનાં ગવૈયાઓનો ગર્વ તૂટતાં જ તેઓ શ્રીજી મહારાજનાં ચરણોમાં નતમસ્તક થઈ જાય છે અને સુર તાલબધ્ધ નૃત્ય અને કલાકૃતિનો સમન્વય જોઈ પોતે ધન્યતા અનુભવે છે.

મુક્તાનંદ સ્વામીએ જે કીર્તન ઉપર તાલબધ્ધ થઈ નૃત્ય કરી હાથીનું ચિત્ર દોર્યું હતું તે પ્રમાનંદ સ્વામી રચિત કીર્તન અહીંયા પ્રસ્તતુ છે.

**58 રાગ : રેખતા**

## મહેબૂબ મનમે ક્યાં રહું

**રચના : સ. ગુ. મુક્તાનંદ સ્વામી**

**મહેબૂબ મનમેં ક્યાં રહુ, મેરા દિલ લોભાના વે,**
**અંતર દિદું દેકતા, જાહર જનાનાં વે. મહેબુબ ૧**
**મોજ કરી મુજ ઉફરે, અઢળક ઢળ્યા હે વે;**
**આસ લગીઆં ઉનસે, મહાસુક મીલા હે વે. મહેબુબ ૨**
**ગુંગેકુ જબ ગુડ મીલા, તબ ક્યા બખાને વે;**
**અંતરજામી અંતરે, સબ બાત જાને વે. મહેબુબ ૩**
**ગુલતાન ચઢ્યા રંગ ગેબકા, અલમસ્ત અલાહી વે;**
**લાડું કહે હરદમસેં, અબ લે' લગાહી વે. મહેબુબ ૪**

અઢળક ઢળીયો રે... શામળીયો..... ભગવાન રાજી થાય ત્યારે ક્યારેક આપે રે અંગના વસ્ત્ર ઉતારી.... ક્યારેક આપે રે પ્રસાદીના થાળ

આવી જ એક ઘટનાના સાક્ષી બનેલ, નંદ સંતોમાં શીઘ્ર કવિનું બિરુદ મેળવનાર બ્રહ્માનંદ સ્વામી....

એકવાર લક્ષ્મીવાડીમાં બિરાજેલ શ્રીજી મહારાજે મહાકવિશ્રીના કીર્તિમંદિર ઉપર ત્રણ સુવર્ણ કળશ ચઢાવવા રૂપી ત્રણ પ્રશ્નો પૂછ્યા : (૧) તમો કોણ છો ? (૨) ક્યાંથી આવ્યા છો ? (૩) ક્યાં જાવના છો ?

શ્રીજી મહારાજની આ અમૃતવાણી સાંભળીને લાડૂદાનજીનો પ્રત્યુત્તર સાંભળવા સમગ્ર સભામાં નિરવ શાંતિ છવાય ત્યાં જ મહાકવિ સૌને સંભળાય એવા ઉચ્ચ અને મધુર સ્વરે શ્રીજી મહારાજને નમસ્કાર કરીને

they had was destroyed by great Saints like Muktanand Swami and Premanand Swami's expertise. The Gvaliar felt blessed, today we have received the opportunity to experience the great voice, dancing and rhythm combined together and presented by these Saints. This is the hymn that was composed by Premanand Swami and the one Muktanand Swami danced too.

## 58 RAAG : REKHATA

## MAHEBUB MANME KYA RAHU

### Sad Guru Muktanand Swami

**Mahebub manme kya rahu, mera dil lobhana ve,**

**Antar didu dekhata, jahar janana ve. Mahebub 1**

**Moj kari muj ufare, adhalak dhalya he ve,**

**Aash lagiya unse, mahasukh mile he ve. Mahebub 2**

**Gugeku jab gud mila, tab kya bakhane ve,**

**Antarjami antare, sab bat jane ve. Mahebub 3**

**Gultan chadya rang gebaka, alamastan aalahi ve,**

**Ladu kahe hardamse, ab le lagahi ve. Mahebub 4**

*AdhalakDhaliyo re*… be very bounteous in giving..*Shamaliyo*... the one with the dark complexion.

When the Almighty Swaminarayan Bhagwan becomes pleased what does he not do for his devotees? ''*Kyarek ape re angnavastrautari*..Sometimes He will take of his divine clothes and give them away...*kyarek ape re prasadinathaal*… Sometimes He will give the food plate is was consuming away''

Brahmanand Swami who was given the title of 'Spontaneous composer of hymns,' had the pleasure of such an experience.

One day Shreeji Maharaj was residing in Laxmivadi in Gadhada, in this holy place the Lord Almighty wanted to award Brahmanand Swami the greatest award a poet can obtain. To obtain these awards Swamiji had to answer 3 questions presented to him by no other than Lord Swaminarayan himself.

(1) Who are you ? (2) From where did you come? (3) Where will you be going?

ઉત્તરમાં જણાવેલ, (૧) હું બ્રહ્મ છું. (૨) બ્રહ્મધામમાંથી આવ્યો છું અને (૩) બ્રહ્મધામમાં જવાનો છું. ઉત્તર પાઠવીને શીઘ્ર એક કૃતિની, રેખતા રાગમાં રચના કરીને શ્રીજી મહારાજને ગાઈ સંભળાવીને તેમનું દિલ જીતી લીધું હતું.

લાડૂદાનજીનો મનમાન્યો જવાબ અને પ્રભુ મહિમાથી ભરપૂર કાવ્ય સાંભળીને શ્રીજી મહારાજે પોતે માથે બાંધેલી સોનેરી પાઘ, સર્વ પોશાક, ઘરેણાં આદિ ઉતારીને બક્ષીસ કરી. પ્રસાદીનો મોગરાનો પુષ્પહાર લાડૂદાનજીના ડોકમાં પહેરાવી, શ્રી સ્વામિનારાયણ ભગવાને ‘‘બ્રહ્મપુરુષ કી જય’’ એમ શબ્દધ્વનિ કરી લાડૂદાનજીના નાદરૂપી વિજય ધ્વજ ફરકાવ્યો અને સમગ્ર સભામાં જય હો... જય હો..... નાદ થવા લાગ્યો. આવો આપણે પણ શ્રવણ કરીએ રેખતા રાગની રચના મહેબૂબ મનમેં ક્યાં રહુ....

**59 રાગ : ધોળ પદ**

## સુખદાયક રે સ્વામી

**રચના : સ. ગુ. મુક્તાનંદ સ્વામી**

સુખદાયક રે સ્વામી સહજાનંદ,
પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ ... ટેક૦
જેનું સ્વામિનારાયણ નામ છે,
જેને ભજને રે પામે ભવજળપાર ... પ્ર-૧
જેનાં દર્શન ઈચ્છે મહામુનિ,
કરૂણાનિધિ રે પ્રભુ પરમ ઉદાર ... પ્ર-૨
વહાલે કળિ મધ્યે અતિ કરૂણા કરી,
ધાર્યો દ્વિજ કુલ રે ગુણ નિધિ અવતાર ... પ્ર-૩
વહાલે સતજુગ સમ ધર્મ સ્થાપિયો,
ટાળ્યા નિજ જનના, મનથી મદમાર ... પ્ર-૪

Everybody heard these 3 questions and where eager to hear Ladudanji's answer, the whole assembly has become quite and respecting Shree Hari replied with a loud and sweet voice.

(1) I am Brahm. (2) I have come from Brahmdham. (3) I will be going back to Brahmdham.

After giving this answer, Ladudanji immediately composed a hymn in 'Rekhata' rhythm and sung the composition in front of Shreeji Maharaj and won his heart.

After hearing the composition of Ladudanji's hymn and the response given to the question Maharaj had asked. Shreeji Maharaj was immensely pleased with the hymn which describes the greatness of Bhagwan and personifies Ladudanji's expertise. Shreeji Maharaj got up from his throne and gifted Ladudanji with a Golden Turban which Shreeji Maharaj himself was wearing, also gave him ornaments and clothes to show his appreciation. The final gift Shreeji Maharaj gave was a flower garland made from Jasmine flowers; placed it around Ladudanji's neck and shouted out, 'Brahmpurush ki jay'. The entire assembly also joined with Shreeji Maharaj and award the status of Brahmpurush to Ladudanji the entire assembly shouted out 'Jay ho' 'Jay ho.' So let us all get together and listen to this 'Rekhata' raag hymn.

## 59 RAAG : DHOL PAD

## SUKHADAYAK RE SWAMI

### Sad Guru Muktanand Swami

**Sukhadayak re Swami Sahajanand,**

**Pragat purushottam Shrihari .... Tek0**

**Jenu Swaminarayan name che,**

**Jene bhajane re pame bhavjalpar ... Pra-1**

**Jena darshan Iche mahamuni,**

**Karunanidhi re Prabhu param udar ... Pra-2**

**Vahale kali madhye aati karuna kajr,**

**Dharyo dvij kul re gun nidhi avatar ... Pra-3**

**Vahale satjug sam dharm sthapayo,**

**Telya nij janana, manthi madmar ... Pra-4**

**એનો જે જને કિધો આશરો,**

**તે તો તરી ગયા રે, કુલ સહિત સંસાર ... પ્ર-૫**

**મુક્તાનદં કહે મહિમા અપાર છે,**

**કરે નિશદિન રે, નેતિ નિગમ પોકાર ... પ્ર-૬**

આ સંસારમાં દરેક વ્યક્તિ સુખ અને શાંતિની શોધમાં છે પરંતુ અજ્ઞાનતાને વશ ભૌતિકસુખની પાછળ ભટકે તો પણ તેને તૃપ્તિ અને શાંતિ મળથી નથી. ત્યારે આપણા વૈદિક ધર્મ શાસ્ત્રોએ જીવાત્માને જ્ઞાનરૂપી પ્રકાશ આપી આત્મા અને પરમાત્માનું દર્શન કરાવે છે.

આમ તો ભક્તને માટે પરમસુખ અને કલ્યાણકારી જો કોઈ હોય તે તો પોતાનાં આરાધ્ય ઈષ્ટદેવનાં ગુણ ગાવાં અને સાંભળવાં.

એક વખત ઈશ્વર ઈચ્છાથી સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીનું મન ઉદ્‌વેગથી ઘેરાયેલ હતું... મુક્તાનંદ સ્વામીએ તે ઉદ્‌વેગમાંથી મુક્ત થવા અનેક ઉપચાર કર્યા. પોતાના મનને બીજા કાર્યમાં પરોવવા પ્રયત્ન પણ કર્યો પરંતુ મનને શાંતિ ન થઈ. છેવટે તેઓ ગઢપુર મધ્યે અક્ષર ઓરડીમાં બિરાજમાન ભગવાન શ્રીહરિ પાસે ગયા. દંડવત્ પ્રણામ કરી ભગવાન સન્મુખ બેઠા અને મહારાજને વિનંતી કરી કે “હે મહારાજ ! મારા અંતઃકરણમાં શાંતિ થાય તેવી કૃપા કરો. તે સાંભળીને શ્રીજી મહારાજ બોલ્યા. અમે સદ્‌ધર્મની સંસ્થાપનાને અર્થે અને અનંત જીવાત્માનાં કલ્યાણને અર્થે દુર્વાસામુનિના શાપને નિમિત્ત બનાવીને છપૈયા ગામમાં શ્રી ધર્મદેવ ભક્તિમાતા થકી જન્મ લીધો. અનેક બાલચરિત્રો કર્યા, કૃત્યો કે કાલિદત્ત વગેરે અસુરોનો સંહાર કર્યો એમ શ્રીજી મહારાજ પોતે આગળ વાત કરે તે પહેલા મુક્તાનદં સ્વામી બોલી ઉઠ્યા હે મહારાજ ! હું આપને, મને અંતરમાં શાંતિ થાય તેવી વાત કરવાનું કહું છું, પરંતુ આપ કાંઈક બીજી વાત કરો છો. મને કૃપા કરીને શાંતિ થાય તેમ કરો. શ્રીજી મહારાજે મંદ હાસ્ય કર્યું અને આગળ વાત કરી કે અમે (૧૧) વર્ષની ઉંમરે ગૃહત્યાગ કર્યો. હિમાલય આદિ તીર્થોમાં વિચરણ કર્યું. પુલ્હાશ્રમને વિશે તપ કર્યું. ઘણા સમયથી અમારા દર્શનને ઝંખતા અને તપ કરતાં ગોપાળયોગીને દર્શન દીધાં. અષ્ટાંગ યોગ સાધ્ય

**Aeno je jane kidho asharo,**

**Te to tari gaya re, kul sahit sansar ... Pra-5**

**Muktanand kahe mahima apar che,**

**Kare nishdin re, neti nigam pokar ... Pra-6**

In this World every human being is looking for happiness and peace of mind, however if he or she becomes attached to the Worldly material substances because of their ignorance, he or she cannot attain satisfaction and peace. At this time, our ancient Vedic religious Scripture's provides us light of knowledge and allows our Soul to obtain the divine vision of the Almighty Shree Hari.

Irrespective of the state of devotion of a devotee, the devotee only finds true happiness and benefit by residing in a secluded space listen and sings the hymns of the Almighty Bhagwan Shree Hari.

One time Lord Swaminarayan wanted to test the faith of MukatanandSwami. Muktanand Swami was one of the great Nand Saints during Shreeji Maharaj's time on this Earth. Shree Hari put Muktanand Swami to the test by making Muktanand Swami's mind full of anxiety and confusion. Muktanand Swami endeavored ever avenue to get rid of that anxiety and confusion, he tried to engage his mind in other activities, but Swamiji could not bring his mind to a peaceful state. Finally, he went to the Lord Swaminarayan who was residing in Gadhpur in Akshar Ordi. He offered observances to Lord Swaminarayan, bowed down to him and joins his hands and asked him for his mercy. He asked Bhagwan to have mercy upon him and bless him with the blessings that would provide peace to his Soul. Hearing Muktanand Swami's agonizing words, Bhagwan replied that, to establish pious religion on this Earth, give Salvation to numerous souls, I accepted the curse given by DurvashaRushi. I was born on to this Earth as Lord Swaminarayan. I was born in Chhapaiya at the home of Dharmdev and Bhaktidevi. During my youth period I performed many pastimes. I also slayed many demons like Krutyas and

કર્યો. નવલખાં પર્વત ઉપર નવ લાખ યોગીઓને તેટલા જ સ્વરૂપો ધારણ કરીને દર્શન-દેવાનું સુખ આપ્યું અને વિચરણ કરતાં લોજપુર આવ્યા, ત્યાં તો શ્રીજી મહારાજ વાત આગળ કરે તે પહેલા મુક્તાનદં સ્વામી ફરી બોલી ઉઠ્યા હે મહારાજ ! મને મનમાં શાતિ થાય તેવી વાત કરો. મુક્તાનંદ સ્વામી આમ વારંવાર દર્શાવેલ અભિગમ જોઈ મહારાજે વાત ફેરવી અને સ્વામીને કહ્યું કે કે ગુજરાતમનાં હરિભક્તોનો કાગળ આવ્યો છે માટે તમે ગુજરાત પ્રાંતમાં સત્સંગ કરાવવા જાવ.

પોતાના મનમાં ભગવાનનાં શબ્દોનો અર્થ અને ઉદેશ ન સમજતાં મુક્તાનંદ સ્વામી ભગવાન શ્રીહરિની આજ્ઞા શિરોમાન્ય કરી ગુજરાત જવા તૈયાર થયા.

શ્રીજી મહારાજની આજ્ઞા લઈ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી આદિ સંતો મુક્તાનંદ સ્વામીને રાધાવાવ સુધી વળવવાં જાય છે. માર્ગમાં મુક્તાનંદ સ્વામી શ્રી ગોપાળાનંદ સ્વામીને પોતાના અનુભવી વાત કરી. તે સાંભળી શ્રી ગોપાળાનંદ સ્વામીને ઘણું આશ્ચર્ય થયું અને કહેવા લાગયાં કે તમારા જેવા વિદ્વાનને પણ ભગવાન શ્રીહરિની વાત સમજાણી નહીં તે આશ્ચર્યની વાત છે. અરે સ્વામી ! આ સંસારમાં ભગવાનનાં ચરિત્રો સાંભળ્યાંથી વિશેષ કોઈ સાધન મનને શાંતિ અપાવનાર નથી. જે પરમાત્માનાં દિવ્ય ચરિત્રોને સાંભળવાં ઈન્દ્રાદિક દેવો પણ ઝંખે છે, જે ચરિત્રો સાંભળવાથી ભગવાનનાં સ્વરૂપમાં પ્રીતિ દઢ થાય છે, તેવા ચરિત્રોનું શ્રવણ ભાગ્યશાળીને જ થાય. ભગવાનનાં આવા દિવ્ય ચરિત્રો સાંભળવાથી પરમ શાંતિની અનુભૂતિ થાય વગેરે અનેક બાબતોથી ગોપાળાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીને મહિમા સમજાવ્યો.

ગોપાળાનંદ સ્વામીનાં આ શબ્દો સાંભળીને મુક્તાનંદ સ્વામી ખૂબ દિલગીર થયા અને પશ્ચાતાપ કરવા લાગ્યા કે પોતે ભગવાનનાં દિવ્ય ચરિત્રોનો મહિમા ન સમજ્યા અને ભગવાને કહેલી વાતોમાં ધ્યાન ન આપ્યું એટલે જ મનમાં શાંતિ ન થઈ.... આ પ્રમાણે પશ્ચાતાપ કરતાં મુક્તાનંદ સ્વામી રાધાવાવમાં સ્નાન કરી ભારે મને ગુજરાત તરફ પ્રયાણ

Kalidat, but when Muktanand Swami heard Bhagwan reply to his question Swamiji interrupted Manaharaj and asked him to do something that will give him peace of mind. However, Lord Swaminarayan with his lotus eyes looked at Swami and smiled and then He continued with his story. Bhagwan further mentioned that He renounced all Worldly pleasures and took exile in the jungle of north east India for 11 years. During this journey, I went to mount Himalaya, Pulashram and performed severe penance , gave darshan to Gopalyogi, acquired knowledge of Aastangyoga (8 types of yoga), went to Mount Navalakha and gave my divine darshan to nine hundred thousand yogis by taking that many forms. Finally after going to all these pious places I came back to western India in a small town called Loj. Bhagwan Swaminarayan keeps on discoursing His life's journey, however Muktanand Swami wants to obtain internal peace and he asked Bhagwan to stop and show him how to get peace of mind. Bhagwan ignores Swami's request and asks him to go to all the different towns and villages and preach religion to the devotees.

Muktanand Swami keeps thinking about the questions he asked and the answer Shreeji Maharaj gave, but could not comprehend what Shreeji Maharaj was trying to say, so Swamiji decides to follow Shreeji Maharaj's orders and gets ready to leave for Gujarat. After taking permission from Bhagwan Swaminarayan, Gopalanand Swami and other Saints have gone to Radhavav to see off Muktanand Swami on his journey to Gujarat. On their way, Muktanand Swami confers about his experience to GopalananadSwami. Gopalanand Swami was surprised when he heard Muktanand Swami discourse and conversed with Swamiji, that divine and educated Saint like yourself cannot understand Bhagwan divine playtimes. O Swami! In this World there is nothing superior than listening to Bhagwan divine pastimes, by listening to Bhagwan's miracles and pastimes you will get peace of mind. To listen to Bhagwan's miracles and pastimes all the Demigods and Goddesses in Swarga get together and listen to these pastimes. By listening to these divine miracles

કરે છે અને ભગવાન શ્રીહરિએ કહેલા પોતાનાં દિવ્ય ચરિત્રોને વારંવાર વાગોળે છે. ભગવાનનાં ચરિત્રોનું સ્મરણ કરતાં કરતાં સ્વામીનો ઉદ્‌વેગ શમી જાય છે અને ભગવાન શ્રીહરિનાં દર્શન માટે મન આતુર બને છે. બીજી બાજુ રાધાવાવેથી મુક્તાનંદ સ્વામીને વળાવી પરત આવેલા ગોપાળાનંદ આદિ સંતોએ શ્રીજી મહારાજને મુક્તાનદં સ્વામીના દિલગીરીનાં અને પશ્ચાતાપનાં વિશે વાત કરી અને વિનંતી કરી કે મુક્તાનંદ સ્વામીનું મન ભારે છે તો કૃપા કરી આપે તેમને પાછા બોલાવો તો સારું. શ્રીજી મહારાજે પોતાનાં ઘોડે સવાર હજુરીને સ્વામીને પાછા બોલાવા મોકલ્યા.

શ્રીજી મહારાજનો સંદેશો સાંભળતા જ મુક્તાનંદ સ્વામી આનંદ વિભોર બન્યાં અને જેમ ગાયને જોઈને વચ્છડુ દોડે તેમ સ્વામીએ ગઢપુર તરફ ઉતાવળાં પગે પ્રયાણ કર્યું અને દરબારગઢમાં પ્રવેશ્યાં ભગવાનનાં દર્શન માટે વ્યાકૂળ બનેલા મુક્તાનંદ સ્વામીએ અક્ષર ઓરડી તરફ દોટ મુકી અને અક્ષર ઓરડીમાં મહારાજનાં દિવ્ય દર્શન કરી આનંદવિભોર બન્યાં. મનમાં તમામ ઉદ્‌વેગો શમી ગયાં અને આનંદની ઉર્મિઓ પ્રસરવા લાગી. તરત જ આનંદ અને ભાવવિભોર બનેલાં મુક્તાનંદ સ્વામીનાં મુખેથી શબ્દો સરી પડ્યાં.....

**60 રાગ : ગરબી**

## હરિકું રાધે નાચ નચાવે

**રચના : સ. ગુ. બ્રહ્માનંદ સ્વામી**

**હરિકું રાધે નાચ નચાવે.....**
**હરિકું રાધે નાચ નચાવે, હરિકું રાધે નાચ નચાવે,**
**પાવનમેં નેપુર કરી દીને, કર ચુરી પહરાવે;**
**મિલકે જુત સબ વ્રજનારી, લાલકું પ્યારી બનાવે.**
**રુછનિ કંબરિયાં દૂર બહાય કે, લે લહંગો પહલાવે,**
**પાઘ ઉપાર ઓઢાઈ ચુનરિયાં, નેનન કાજર લગાવે,**
**માંગ સમાર ભાલ દે બિંદી, કરગ્રહી લાલ શિખાવે.**

one's faith will get stronger and stronger day by day, those human beings who obtain access to these divine miraculous stories of Bhagwan are considered to be very fortunate. Hence Gopalanand Swami explained the significance and greatness of Bhagwan's pastime to Muktanand Swami.

Listening to Gopalanand Swami, Muktanand Swami becomes sad and keeps thinking about Bhagwan's journey while taking a bath in Radhawav. He keeps meditating and memorizing the stories while he is going back to Gujarat. Eventually by doing this Swami's anxiety goes away and he becomes enthusiastic to see Bhagwan's divine form. On the other hand, Gopalanand Swami had mentioned to Lord Shree Hari about Muktanand Swami's mental status and showed his concern. Listening to this, Bhagwan asked one of his horsemen to go and call Muktanand Swami back from his journey. Once Muktanand Swami hears about Bhagwan's message he gets excited and runs back to Gadhada to see the divine Lord Shree Hari. He goes to Darbarghad and observed the divine form of Lord Swaminarayan. Once he saw this divine form all his anxiety, tension, and confusion disappears. Muktanand Swami becomes very emotional and he composes this hymn.

## 60 RAAG : GARBI

# HARIKU RADHE NACH NACHAVE

### Sad Guru Brahmanand Swami

**Hariku radhe nach nachave......**

**Hariku radhe nach nachave, Hariku radhe nach nachave,**

**Pavanme nepur kari dine, kar churi pahrave,**

**Milke jut sab vrajnari, lalku pyari banave,**

**Ruchhani kambariya dur bahay ke, le lahango pahlave,**

**Pagha upar odhai chunriya, nenan kajar lagave,**

**Manga samar bhal de bindi, kargrahi lal shikhave.**

**રાધે-રાધે કહાન-કહાન કહી, નચવત તાન મિલાવે.**

**રૂપ બચાન લગાય કે ઘુંઘટ, જસોમતિ પૈ લે જાવ;**

**બ્રહાનંદ કહે તેરે સુતકું, એહિ કુંવરિ પરનાવે.**

શ્રીજી મહારાજ જ્યારે પોતાની મનુષ્યલીલા સંકેલી સ્વધામ પધાર્યા ત્યારે બ્રહ્માનંદ સ્વામી ખૂબજ શોકમાં આવી રડવા લાગ્યા. ગોપાળાનંદ સ્વામી બ્રહ્માનંદ સ્વામીનો હાથ પકડીને ગોપીનાથજી મહારાજની મૂર્તિ સમક્ષ લઈ જઈને કહે છે કે, મહારાજ તો સ્વયં મૂર્તિમાં જ બિરાજમાન છે. શ્રીહરિ સ્વયં મૂર્તિમાંથી પ્રગટ થઈ બ્રહ્માનંદ સ્વામીને દર્શન આપે છે. ત્યાર પછી નંદ સંતોએ શ્રી ગોપીનાથજી મહારાજની મૂર્તિ સમક્ષ પોતાની વિયોગ વેદના ઠાલવતાં અને પ્રેમ સ્મૃતિઓ સંભળાવતાં અનેક કીર્તનો રચ્યાં છે.

શ્રીજી મહારાજ બ્રહ્માનદં સ્વામીને પોતાના સખા માનતા હતા અને બ્રહ્માનંદ સ્વામી પણ શ્રીજી મહારાજને પોતાના સ્વામી માનતા હતા તેતી જ બ્રહ્માનંદ સ્વામીનાં ઘણા એવા કાવ્યોમાં ગોપીભાવે પ્રગટ થયેલી પ્રેમલક્ષણા ભક્તિ, લીલા-વર્ણન, શૃંગારિક કાવ્યો અને રાસાષ્ટકો, હાસ્ય વિનોદ જેવી પ્રેમલક્ષણા, ભક્તિ નિષ્પન્ન થાય છે.

બ્રહ્માનંદ સ્વામીની પ્રેમલક્ષણા ભક્તિનો ઉત્કંઠ ભાવ પ્રદર્શિત કરતું એક ઉત્તમ પદ અહીં પ્રસ્તતુ છે. આ કાવ્ય એક અનોખી ભાત ઉપસાવી જાય છે. પ્રેમલક્ષણા ભક્તિપદોમાં કે લીલાવર્ણનમાં શ્રીકૃષ્ણની લીલા વર્ણવાઈ હોય છે. ગોપીઓ શ્રીકૃષ્ણને સંપૂર્ણ ગોપીવેશ ધારણ કરાવી જશોદામાતા પાસે લઈ જાય છે તેવી બ્રહ્માનંદ સ્વામીની કલ્પના આ પદમાં ખૂબજ મનોરંજક છે.

**61 રાગ : લાવણી પદ**

## પધારો વટપત્તન સ્વામી

**રચના : સ. ગુ. પ્રેમાનંદ સ્વામી**

**પધારે વટપત્તન સ્વામી, ( ૨ )**

**સહજાનંદ મહારાજ પૂરન પુરુષોત્તમ બહુનામી-પધારે**

**Radhe-radhi kahan-kahan kahi, vachavat tan milave,**

**Roop bayan lagay ke ghunghat, jasomati pai le jav,**

**Brahamanand kahe tere sutaku, ehi kuvari parvabe.**

When Bhagwan Swaminarayan decided to leave this materialistic World and return back to his heaven Abode Akshardham, Brahmanand Swami became very depressed and started mourning and weeping. Gopalanand Swami out of compassion holds the hand of Brahmanand Swami and takes him to Gadhada Temple and points towards Gopinathji Maharaj's idol and tells him that , Bhagwan is omnipresent and He is residing right here in these idols. Lord Swaminarayan emerges from the idol of Gopinathji Maharaj and gives Brahmanand Swami the pleasure of His darshan. After this miracle many Saints would come to Gopinathji Maharaja's idol and express their emotional feelings and compose number of poems and hymns. Bhagwan used to consider Brahmanand Swami as one of his close friends and Swami used to consider Bhagwan as his Lord and Savior, hence in many of Swami's hymns he has address himself as a Gopi(cow maid) and reacted the love the Gopi's had with Lord Krishna. In one of his composition, Swami sees Lord Swaminarayan wearing a Saree with all different types of ornaments and jewelry and he composed a hymn about it. In other hymn he shows the affection of a lover without his love one close by. Swamji has even gone that far to compose hymns just to make Bhagwan laugh.

To emphasize Brahmanand Swamis love for Bhagwan and the emotions and feelings he had, the words in this hymn reflect that adequately. This hymn gives a unique perspective on the feelings the Gopi's had towards Shree Krishna. This hymn discourses the event when Bhagwan is among Gopi's, the Gopi's have dressed Lord Shree Krishna to look like them, they have even puts on all the ornaments and jewelry and then these Gopi's take Bhagwan to his mother Yashoda. Further Brahmanand Swamikeeps up his imagination for the Bhagwan's acts in this him.

## 61 RAAG : LAVANI

## PADHAARE VATPATTAN SWAMI

### Sad Guru Premanand Swami

**Padhaare vatpattan swami (2)**

**Sahjaanand maharaj puran purushottan bahunaami. Padhare.**

**ચલે વરતાલસે અવિનાશી, ( ૨ )**
**આયે કીયા મુકામ ગામ સાંકદરે સુખરાશી-પધારે**
**સંગ લે સેના અતિ ભારી, ( ૨ )**
**ચર્તુરંગી બલવાન લગત હે દેખત અતિ પ્યારી-પધારે**
**પદાતી ઘોડે રથ હાથી, ( ૨ )**
**શૂરવીર મહા સુભટ દુર્જય દેખી કંપે છાતી-પધારે**
**આયે ગામ છાની ગિરધારી, ( ૨ )**
**પ્રેમાનંદ કહે સન્મુખ આઈ નૃપકી અસવારી-પધારે**

વિ.સં. ૧૮૮૨ ના કાર્તિક વદ-૩ ના દિવસે વડોદરા ગાયકવાડ સરકારના આમંત્રણને માન આપી શ્રીજી મહારાજ વડોદરા પધારેલ. સ.ગુ. ગોપાળાનંદ સ્વામી તથા સ.ગુ. મુક્તાનંદ સ્વામી દ્વારા વડોદરામાં સ્વામિનારાયણ સંપ્રદાયની શરૂઆત શ્રીજી મહારાજની આજ્ઞાથી થયેલ. વડોદરાના સદાશિવભાઈ, ઢુંઢુબા, શોભારામ શાસ્ત્રી, નારૂપંત નાના વિગેરે ઘણા હરિભક્તોને વડોદરા સત્સંગ કરાવેલ.

સ.ગુ. મુક્તાનંદ સ્વામીએ વિઠ્ઠલનાથજી મદિરમાં શાસ્ત્રાર્થ કરી ભવ્ય દિગ્વિજય પ્રસ્થાપિત કર્યો હતો. શ્રી સ્વામિનારાયણ ભગવાન છે અને સંપ્રદાય વૈદિક છે એવું પ્રમાણિત કરેલ. તેના અનુસંધાને શ્રીજી મહારાજના દર્શન કરવા સયાજીરાવ ગાયકવાડ વડોદરાના રાજદરબારમાં પધરાવવા માટે શ્રીજી મહારાજને ભાવભર્યુ આમંત્રણને માન આપી શ્રીજી મહારાજ વટપત્તન પધારે છે.

શ્રીજી મહારાજ બન્ને આચાર્યો, સંતો પાર્ષદો અને કાઠી દરબારો સાથે વડતાલથી સાંકરદા પધારેલ છે. રાત્રી રોકાણ સાંકદરા ગામે કરેલ. બીજે દિવસે શ્રીજી મહારાજ છાણી ગામે પધારેલ ગાયકવાડ રાજ્યના યુવરાજ ગણપતરાવ પોતાની ચર્તુરંગી સેના લઈને શ્રીજી મહારાજનું સ્વાગત કરવા છાણી આવે છે. શ્રીજી મહારાજને સાષ્ટાંગ નમસ્કાર કરીને ભાવભીનો સત્કાર કરે છે. ભગવાન સ્વામિનારાયણ શાહી સન્માન સાથે વાજતે ગાજતે છાણીથી વડોદરા પધારવા પ્રસથાન કરે છે યુવરાજ

**Chale vartal se avinaashi (2)**

**Aaye kiya mukaam gaam saakarde shukhraashi. Padhare.**

**Sang le sena ati bhari (2)**

**Chaturangi balvaan lagat he dekhat ati pyaari. Padhare.**

**Padaati ghode rath haathi (2)**

**Shurvir maha subhat durjan dekhi kampe chhati. Padhare.**

**Aaye gaam chhani girdhaari (2)**

**Premanand kahe sanmukh ayi nrupki asavaari. Padhare.**

In the year Vikram Samvat 1882 on Kartakvad 3rd to give the utmost respect to an invitation given by Gayakwad government, Lord Swaminarayan went to Vadodara in Gujarat. With the authority and blessings of Lord Shree Hari, Gopalanand Swami and Muktanand Swami established the foundations of Swaminarayan Sector in Vadodara. From the association of these great Saints a few virtuous devotees like, Sadashivbhai, Dhundhuba, SobharamShastri, Narupanth Nana were created. Just by the association of these great Saints also many other devotees got influenced to change their lives, become virtuous, have a moral foundation, become noble and respected, they all obtain this status by listening to the preaching's of the Swamji's and accepted Swaminarayan Sector to be a Vedic congregation and joined the fellowship.

Great Saints like Muktanand Swami have won the title that Swaminarayan Sector is a Vedic congregation and Lord Swaminarayan is Bhagwan himself in Vadodara by interpreting Scriptures in Vitthalnathji Temple. In conjunction to this conquest by Muktanand Swami, the King Gayakwad whole heartedly invites Lord Swaminarayan to his palace for his darshan. Bhagwan Swaminarayan has entered the palace with both the Acharya Maharaja's, five hundred Paramhans (great divine and pious Saints) and all other devotees came from Vadtal to Sakarda, next day he stayed in town called Chaani. The son of the King, Prince Ganpatrao, with his band and army come to town Chaani to welcome Bhagwan Swaminarayan and his esteemed guests. He bows down to the lotus feet of Bhagwan Swaminarayan and does dandvat with great affection and delight. With all this splendor and joy, Bhagwan is escorted from Chaani to Vadodara. With the humble request from

ગણપતરાવ તથા નારૂપંત નાનાના આગ્રહને વશ થઈ શ્રીજી મહારાજ અંબાડીથી શણગારેલ હાથી ઉપર બિરાજમાન થાય છે. બીજા હાથી ઉપર બન્ને આચાર્યોને બેસાડે છે. ત્રીજા હાથી ઉપર સ.ગુ. ગોપાળાનંદ સ્વામી તથા સ.ગુ. નિત્યાનંદ સ્વામી અને ચોથા હાથી ઉપર સ.ગુ. મુક્તાનંદ સ્વામી અને સ.ગુ. શુકમુનિને બેસાડે છે. બીજા સંતોને અન્ય સાધનોમાં બેસાડે છે. યુવરાજ ગણપતરાવ પોતાની ચર્તુરંગી સેનાની શાહી સવારી સાથે છાણીથી વડોદરા આવવા પ્રસ્થાન કરે છે.

પરંતુ વડોદરા રાજ્યના ઈર્ષાળુ દીવાન વિઠ્ઠલરાવ માંદગીનું બહાનું કાઢી આ સાહી સવારીમાં ગેરહાજર રહે છે. આ શાહી સવારી અતિ ભવ્ય-રમણીય-વિશાળ હોય છે. આ ભવ્ય શોભાયાત્રાને નિહાળી શીઘ્રકવિ પ્રેમાનદં સ્વામીના મુખમાંથી આ કીર્તન દ્વારા શબ્દો સરી પડે છે અને બીજા સાત પદો રચી નાંખે છે.

**62 રાગ : કવ્વાલી**

## દીખલા દિદાર પ્યારા

**રચના : સ. ગુ. પ્રેમાનંદ સ્વામી**

**દીખલા દિદાર પ્યારા, મહેબૂબ હમારા, મહે. ટેક**
**માશૂક જરા દે દેના, નેનોંકા નજારા;**
**ઈતનેમેં તો હોવેગા, આશકુંદા ગુજારા. મહે. ૧**
**કુરબાન કિયા તેરે નામ પર, ઘરબારા-સંસારા;**
**ફકીરી લે કે ફિરતા હું, કરનેકું દિદારા. મહે. ૨**
**તકસીર માફ કરના, સુન સરજનહારા;**
**પ્રેમાનંદકુ મુલાકાત, દેના ધર્મદુલારા. મહે. ૩**

શ્રીજી મહારાજે પોતાની હયાતીમાં મહામંદિરો બંધાવીને તેમાં સ્વયં શ્રીહરિએ મૂર્તિ પ્રતિષ્ઠા કરેલી, જેમાં જૂનાગઢમાં શ્રીજી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને મંદિર બાંધકામની સઘળી જવાબદારી સોંપી હતી. ત્યારબાદ ગુણાતાતીનંદ સ્વામી ત્યાં વધુ રહેતા અને ગોપાળાનંદ સ્વામી દર વર્ષે ત્યાં એક માસ કથા કરવા રહેતા જેથી ત્યાં સત્સંગનો ઘણો વિકાસ થયેલ પરંતુ

Narupanth Nana and Prince Ganpatrao, Bhagwan Shree Hari rides on the elephant which is decorated with all the great ornaments and 'Ambadi.' Behind this magnificent decorated elephant all the devotees and Saints followed clapping and praising the Almighty Shree Hari. Both of the Acharya Maharaja's resided on the elephants following Bhagwan, on third elephant Gopalanand Swami and NityanandSwami followed and on fourth elephant Muktanand Swami and ShukanandSwami also followed. Everyone else is on horses, and walking behind Bhagwan's elephant. The whole army has left the village of Chaani with great admiration and joy to go to Vadodara.

But some envious people like DiwanVitthalrao became very covetous of this whole welcoming ceremony and did want to attend this ceremony so he fabricated to be sick. This Royal Welcome Parade with the army and the entire band is very specular. Whilst watching this Royal Parade, on the spot Premanand Swami starts to compose a hymn.

## 62 RAAG : KAVVAALI

## DIKHALA DIDAAR PYAARA

### Sad Guru Premanand Swami

**Dikhala didaar pyaara, mehboob hamaara, Mahe. Tek.**

**Maasuk jara ja dena, neno ka najaara;**

**Itane me to hovega aashkund gujaara. Mahe. 1**

**Kurbaan kiya tere naam pe, gharbaar sansaara;**

**Fakiri leke firata hu, karane ko didaara. Mahe. 2**

**Taksir maaf karana, sun sarjan haara,**

**Premanand ku mulaakaat dena nand dulaara. Mahe.3**

During Shreeji Maharaj time on this Earth He initiated the construction of grand temples and He Himself installed idols at these temples. Amongst them He transferred the responsibility of construction of Junagadh temple to Brahmanand Swami. After the construction of the Temple the first Prefect of the temple was GunatitanandSwami.

બ્રહ્માનંદ સ્વામીને જૂનાગઢના નવાબ બહાદુરખાન બાબી સાથે પૂર્વાશ્રમમાં કવિ હોવાથી તેઓ સાથે પહેલેથી સારા સંબંધો હતા, તેથી મંદિર બાંધવા માટે નવાબે જમીન પણ વિના મૂલ્યે આપેલી અને બીજી ઘણા પ્રકારની મદદ કરેલી.

જૂનાગઢના નવાબને શરૂથી જ એવો અનુભવ હતો કે જેના આવા ફકીર (સંતો) આટલા સમર્થ હોય તેના ખુદા (ભગવાન) કેટલા મહાન હોય ? જુનાગઢ મંદિરની પ્રતિષ્ઠા સમયે નવાબના આમંત્રણને માન આપી શ્રીજી મહારાજ તથા અન્ય મોટા સંતો, પાર્ષદો, બ્રહ્મચારીઓ અને કાઠી દરબારો સાથે નવાબના મહેલે પધારે છે શ્રીજી મહારાજ ને સુવર્ણ અલંકારો, આભૂષણો ને રૂપિયા વગેરેની ભેટ ધરે છે અને નવાબ પ્રાર્થના કરે છે કે ''આપ તો ખુદાતાલા હો આપકા હી દીયા હુવા યે રાજ મૈ કરતા હું. યે બડે સ્વામી (ગોપાળાનંદ સ્વામી) ઔર કવિ સ્વામી (બ્રહ્માનંદ) જૈસે બડે બડે મહાત્મા આપકે કદમપોશ શાર્ગિદ હે ઔર ઐસે તો કઈ ફકીર આપીક તહેનાતમેં રહતે હે ઐસા મૈને સુના હૈ. આજ આપકે દિદાર કે દર્શન સે મેરે દિલકો બહોત તેન ઔર સુકુન મિલા હૈ.''

જૂનાગઢના નવાબ શ્રીજી મહારાજ ને વિનંતી કરે છે કે ''હે મહારાજ ! હમને સુના હૈ આપકે ફકીર બહુત બહેતરીન સંગીત જાનતે હૈ, અગર વો સુનને કો મિલે તો યે હમારી ખુશનસીબી હોગી.''

આ કવ્વાલીમાં શ્રીજી મહારાજને પ્રિયતમા માનીને પ્રેમાનંદ સ્વામી પ્રેમલક્ષણા ભક્તિ રજૂ કરે છે. શ્રીજી મહારાજને પોતાની માશુકા માને છે અને પોતે આશક બની અરબી અને ફારસી શબ્દોનો ઉપયોગ કરી આ કવ્વાલીની રચના કરે છે. આ પદમાં આશક પોતાની પ્રિયતમાના મુખારવિંદના દર્શન માટે જેમ ચાતક વર્ષાની રાહ જુએ છે તેમ પ્રેમ સખી શ્રીજી મહારાજને પોતાના હૃદયમાંથી દૂર ન જવા વિનંતી કરે છે અને તેઓને પોતાના ચર્મચક્ષુઓથી દૂર ન જવા દેવા માટે વિનવે છે. પોતાના પ્રિયતમને વિનવે છે કે તારા દર્શનની ઝલક આપે તો પણ બસ છે. બસ, તારા નજરનો ઈશારો જ કાફી છે. એક ઈશારાથી બધું સમજી શકાય તેમ

GunatitanandSwami would only become the Prefect and reside in Junagadh Temple only if Gopalanand Swami would come and reside for one month every year for preaching and whilst Gopalanand Swami was preaching in Junagadh the fellowship started to advance. Brahmanand Swami before being initiated into the Sainthood was a World prominent poet and Swamiji shared a respectable relationship with Emperor Bahadur Khan. Due to this relationship the Emperor Bahadur Khan gave the land for the construction of a grand magnificent Temple, the Emperor donated the land for free and also helped out in many other ways to propagate the Swaminarayan Sector.

The Emperor of Junagadh thought to himself how great will this person be if these Saints are calling him Bhagwan, the Saint he has in his forte and educated and great Scholars? During the installation ceremony of the idols at Junagadh Temple, Shreeji Maharaja along with other respected Saints, Parshads, Celibates, and Soldiers (katidarbars) came to the palace of the Emperor. The Emperor gifted Shreeji Maharaj with gold ornaments, money, clothes and then prayed saying,” You are Khuda, I am ruling the Empire given to me by you. This respected Saints like Gopalanand Swami and great Scholars in poetry Saints like Brahmanand Swami are at your feet and they obey all you commandments. Today just by obtaining your divine glimpse has given my heart peace and sanctification”.

The Emperor of Junagadh requested Shreeji Maharaja that,” Oh Lord! I have heard that your Saints have excellent knowledge of music. I would consider myself to be blessed and fortune if I can hear them sing in front of you. In this song Premanand Swami expresses his love towards Shreeji Maharaj the affection Swamiji has shown

છે, માત્ર પ્રેમીને મન મીઠી નજર પણ અમૃત સમાન છે. આમ શ્રીજી મહારાજની અમી ભરેલી નજરોથી ઝંખના પ્રેસખી ઝંખી રહ્યા છે. પ્રેમભરી નજર આખી જીંદગીભરનું નજરાણું બની રહેશે. તારા નામને માટે તો આ સંસારનો ત્યાગ કરેલો છે, આપ સર્વોપરી છો, ભગવાન છો એટલે તો તમારા નામની ભેખ ધારણ કરેલી છે અને એટલે જ સર્વસ્વ છોડીને કુરબાન કરીને તમારે આશરે રહ્યા છીએ. તારા દર્શન કરવાને માટે તો આ ફકીરી, સંસાર ત્યાગ કરીને ભેખ ધારણ કર્યો છે માત્ર તારા અખંડ દર્શન થાય એટલે તો આ સંસાર છોડ્યો છે. મારી જે કંઈ ભૂલ થઈ હોય તે માફ કરજે આમ આ સુષ્ટિના સર્જનહારને વિનંતી કરે છે હે નંદના દુલારા ! ભક્તિના ધર્મના દુલારા ! પ્રેમસખીને તારા સદાય દર્શન થતા રહે એવી માંગણી કવિ કરે છે.

**અરબી અને ફારસી ભાષાના શબ્દના અર્થો :**

| | | |
|---|---|---|
| આશક | - | પ્રેમી (ભક્તોને સંબોધન) |
| માશૂક | - | પ્રિયતમા (શ્રીજી મહારાજને સંબોધન) |
| દીખલા | - | દેખાડ, જોવાદો |
| દિદાર | - | મુખદર્શન |
| મહેબૂબ | - | પ્રિયતમા |
| નજારા | - | એક નજર |

**63 રાગ : દોહા**

## મેં ઢાઢી મહારાજકો...

**રચના : સ. ગુ. બ્રહ્માનંદ સ્વામી**

**મેં ઢાઢી મહારાજકો, હાજર હુકમ હજૂર;**
**ગાયો જસ ગોવિંદકો, પાયો ધન ભૂરપૂર. ૧**
**મેં બંદીજન રાવરો, એક આશ વિશ્વાસ;**
**ઈંદ્રાદિક બ્રહ્માદિક ભવ, તાતે નિપટ નિરાશ. ૨**
**શ્રીહરિકો જાચક અહં, શ્યામ નાથ સમરથ્થ;**
**નર સુર આગળ જાયકે, કબુ ન ઓડું હથ્થ. ૩**

in this particular hymn is between a girlfriend and a boyfriend his lover. He composed this song using Farsi and Arabic words considering Shreeji Maharaja as his girlfriend (damsel) and himself enamored of him. In this hymn the lover awaits the glimpse of his damsel, just like the pied crested cuckoo waits for rain similarly, Premsakhi requests Shreeji Maharaj not to go way from his heart and his eyesight. Just the signaling of Your eyes is enough. Everything can be understood by one hint. A sweet glance is like nectar for a lover. Thus, Premsakhi is longing for Shreeji Maharaj's divine glance full eternal mercy. Just one glance of love will become a gift of a lifetime. I gave up all Worldly pleasures for your name; You are the Supreme Lord Swaminarayan. Because you are God I've take asceticism of your name and that's why I've left and sacrificed everything and taken your shelter. I have the left the pleasures of this World and taken asceticism for your constant glimpse. Please forgive me if I have committed any mistake. Thus, he requested the creator of this World; Oh son of Nand! Oh son of Dharmadev and Bhaktidevi! The poet asks that, Premsakhi always obtains your divine darshan.

## 63 RAAG : DOHA

## ME DHADHI MARAJKO ....

### Sad Guru Brahmanand Swami

**Me dhadhi marajko, hajar hukam hajur,**

**Gayo jash govindko, payo dhan bhurpur. 1**

**Me bandijan ravaro, Eak ash vishvash,**

**Indradik brahamadik bhav, tate nipat nirash. 2**

**Shrihariko jachak aha, shaym nath samarstha,**

**Nar sur aagal jayke, kabu na odu hathha. 3**

**દાસનો મેં દાસ હું, હરિકે સદા હજૂર;**

**બ્રહ્માનંદકી વિનતિ, નિમખ ન રખીઓ દૂર. ૪**

સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીનાં પ્રસ્તુત પદની રચના વિશિષ્ટ સંજોગોમાં થઈ છે. આ કાવ્ય તેમની શીઘ્ર કવિત્વ શક્તિનું જ્વલંત ઉદાહરણ છે. વળી આ કાવ્ય શરણાગત ભક્તિ અને દાસભક્તિનાં દૃષ્ટાંતરૂપ મનાય છે. કુટુંબ-પરિવાર, સત્તા, સંપત્તિ, જર, જાગીર, કીર્તિને ઠોકર મારી સમર્પણની સાચી ભાવના પ્રસ્તુત પદની પાર્શ્વભૂમિમાં પડી છે.

ગઢપુર મધ્યે લાડુદાનજીને પુનઃ ગૃહસ્થી બનાવવા આવેલ સૌ કોઈ સગા-સંબંધી નિરાશ થાય છે, ત્યાં જ વડોદરા રાજ્યના રાજકવિ થવા સન્માનપૂર્વકનું નિમંત્રણ માટે ત્યાંના અમીરો આવે છે. ૨૪ ગામનું પરગણું, રહેવા હવેલી, વાડી-વજીફો, હાથી, ઘોડા અને પાલખી તેમજ કરોડ પશાવલી લોભામણ લાલચનું કહેણ મળે છે. આ સર્વને ઠોકરે મારી, લાડુદાનજી, શ્રીજી મહારાજનું શરણ સ્વીકારી બ્રહ્માનંદ જ બની રહે છે.

રાજા-રજવાડાના માન-મરતબાને બદલે શ્રીજી મહારાજનું દાસત્વ સ્વીકારે છે. એટલું જ નહીં તેમના ઢાઢી અર્થાત્ સૌથી ઊતરતી કક્ષાના યાચક બનવાનું પસંદ કરે છે. સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીનો આ કેવો ભવ્ય ત્યાગ ! આ કેવી વીરત્વ ભરી ખુમારી ! શ્રીજીથી નિમિષ માત્ર પણ અળગા નહીં થવાની કેવી અનન્ય ભક્તિ ! આ લઘુકાવ્યમાં ભરેલી કેવી ઉચ્ચ ભૂમિકાની ગરીમા ! સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીનું હાજરજવાબીપણા અને શીઘ્ર કવિત્વ શક્તિનું આથી વધુ ક્યું સારું દૃષ્ટાંત હોઈ શકે ?

આ સાથે સર્વ અળતારીના પણ સર્વોપરી એવા જગતપતિના નામસ્મરણ સિવાય સર્વ સગા જૂઠા-અસત્ય છે અને જીવનની ક્ષણભંગુરતા સામે સર્વ ધન-માલ મિથ્યા છે. એ બંને પદો પણ ઉપરોક્ત બાબતનું સમર્થન કરી જાય છે.

**Dashano me dash hu, harike sada hajur,**

**Brahmanandki vinati, nimakha na rakhio dur. 4**

This particular hymn composed by Brahmanand Swami is composed during a unique situation. This song is a luminous example of his poetic aptitude. Also, this song is considered as an example of devotion towards Bhagwan by surrendering oneself and performing devotion to the Almighty Bhagwan as a servant. Rejection of family, wealth, power property and true feelings of renunciation of are presented in the background of this song.

Pachi Shal Dushala Odho Re… Podho…
Hanre Podhya Premanandna Swami Re;
Sakhi Joi Joi Anand Pami Re… Podho…

## RAG : GARBI THAAL

Sakhi Anandni Vat Kahu Aaj Re,
Men To Neh Kari Notarya Maharaj… Re…1
Preme Chok Vache Choki Dhali Re,
Nava Uthya Mohan Vanmali… Re…2

પે'રી પાવલાં પધાર્યા લટકાળો ,

મારે મંદિરિયે આવ્યા મરમાળો... રે ૪

પાટે બેસારીને પૂજિયા મોરારી રે,

અતિ આનંદ શું આરતી ઉતારી... રે ૫

બેઠા જમવા જગનો આધાર રે,

મેં તો પ્રેમ કરી પીરસ્યો કંસાર... રે ૬

શીરો પૂરી સુંવાળી સાબુડી રે,

ખાજાં ખાજલાં ને ખાંડ ઘણી રૂડી... રે ૭

સાટા મેસુબ જલેબી જાુગતાળી રે,

ઘણા ઘેબર પેંડાની ભરી થાળી... રે ૮

દૂધપાક ને પુરણ પોળી રે,

ઘણે ઘીએ રસરોટલી ઝબોળી... રે ૯

દહીંથરાં ભાત ભજિયાં ને દાળ રે,

કેળાંરોટલી ને પુડલા રસાળ... રે ૧૦

ગળી મોળી બિરંજ કઢી ને કારેલાં રે,

મગ મેથીએ વઘારી કર્યાં ભેળાં... રે ૧૧

તળ્યું સૂરણ ઘણું ઘી ઘાલી રે,

વડી વાલાને લાગે છે ઘણી વાલી... રે ૧૨

તળ્યાં પરવળ વાલોળ ને વંતાક રે,

તળ્યાં તુરિયાં કંકોડાં કેરાં શાક... રે ૧૩

ટાંકો તાંદળજો ને સુવા-ભાજી રે,

મેથી મોગરી મૂળાથી પ્રભુ રાજી... રે ૧૪

જમે જાુગતે શું દીનદયાળ રે,

પાસે અનોપમ અથાણાં રસાળ... રે ૧૫

કેરી કાચરી તળેલ આથ્યાં આદુ રે,

ડાળાં ગરમર ને શેલરાં સ્વાદુ... રે ૧૬

Ang Choli Anande Navravya Re;
Peri Pitambar Man Ghanu Bhavya… Re…3
Peri Pavla Padharya Latkalo,
Mare Mandiriya Aavya Marmalo… Re…4
Pate Besarine Pujiya Morari Re,
Aati Anand Shun Aarti Utari… Re…5
Betha Jamva Jagno Adhar Re,
Men To Prem Kari Pirasyo Kansar… Re…6
Shiro Puri Sunvali Sabudi Re,
Khaja Khajla Ne Khand Ghanri Ruei… Re…7
Sata Mesum Jalebi Jugtali Re,
Ghana Ghebar Pendani Bhari Thali… Re…8
Dudhpak Ne Puran Poli Re,
Ghane Ghie Raasrotli Zaboli… Re…9
Dahinthara Bhat Bhajiya Ne Dal Re,
Kela Rotli Ne Pudla Rasal… Re…10
Gali Moli Biranj Kadhi Ne Karela Re,
Mag Methie Vaghari Karya Bhela… Re…11
Talyu Suran Ghanu Ghee Ghali Re,
Vadi Valane Lage Chhe Ghani Vali… Re…12
Talya Parval Valon Ne Vantak Re,
Talya Turiya Kankoda Kera Shak… Re…13
Tanko Tandalji Ne Suva-Bhaji Re,
Methi Mogari Mulathi Prabhu Raji… Re…14
Jame Jugate Shun Dindayal Re,
Paase Anopam Athana Rasal… Re…15
Keri Kachri Talel Aathya Aadu Re,
Dala Garmar Ne Shelra Swadu… Re…16

કાજુ કેરડા પાપડ પ્રભુ જમે રે,

પીએ જળ ગ્રાસોગ્રાસ મને ગમે... રે ૧૭

જમે મધુર મધુર જદુરાય રે,

હું તો વીંઝણે ઢોળું વાય... રે ૧૮

જમી આચમન કર્યુ અવિનાશ રે,

પ્રીતે પાનબીડી કરી મુખવાસ... રે ૧૯

સુર મુનિને દુર્લભ સ્વાદ રે,

પામ્યા મુક્તાનંદ પરસાદ... રે ૨૦

## શ્રી શંકર ભગવાનની આરતી

જય શિવ ઓંકારસ્વામી શિવ ઓંકારા,
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ અર્ધાંગી ધારા... જય
એકાનન ચતુરાનન પંચાનન રાજે,
હંસાસન ગરૂડાસન વૃષવાહન સાજે... જય
દોય ભુજ ચારું ભુજ દશ ભૂજ તે સોહે,
તીનો રૂપ નિરખતા ત્રિભુવન જન મોહે... જય
અક્ષમાલા બનમાલા રૂદ્રામાલાધારી,
ચંદન મૃગમદ ચન્દા ભાલે શુભકારી... જય
સુખકારી દુઃખહારી જગ પાલન કારી... જય
શ્વેતાંબર પીતાંબર બાધાંબર અંગે
સનાકાદિક ગરૂડાદિક ભૂતાદિક સંગે... જય
કરમધ્યે સુકમણ્ડલુ ચક્ર ત્રિશુલધર્તા
જગ કર્તા જગ ભર્તા જગ પાલન કર્તા... જય
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ જાનત અવિવેકા
પ્રણવ અક્ષર મધ્યે યે તીનોં એકા... જય
ત્રિગુણ સ્વામીકી આરતી જો કોઈ નર ગાવે
ભણત શિવાનંદ સ્વામી મનવાંછિત ફલ પાવે... જય

Kaju Kerada Papad Prabhu Jame Re,
Pie Jal Grasogras Mane Game … Re…17
Jame Madhur Madhur Jaduray Re,
Hun To Vinzae Dholu Vay … Re…18
Jami Aachman Karyu Avinash Re,
Prite Panbidi Kari Mukhvas… Re…19
Sur Munine Durlabh Swad Re,
Pamya Muktanand Parsad… Re…20

## SHRI SHANKAR BHAGWAN NI AARTI

Jay Shiv Om Kara Prabhu Jay Shiv Om Kara,
Brahma Vishnu Sadashiv, Ardhangi Dhara …Jay
Ekanan Chaturanan, Panchnnan Raje,
Hansasan Garudasan, Vrushvahan Saje... Jay
Doy Bhuj Charu Bhuj Dash Bhuj Te Sohe,
Tino Rup Nirakhata, Tribhuvan Jan Mohe… Jay
Akshamala Banmala, Rudramaladhari,
Chandan Mrugmad Chanda Bhale Shubhkari… Jay
Sukhkari Dukhhari Jag Palan Kari…Jay
Shvetambar Pitambar Badhambar Ange,
Sankadik Garudadik Bhutadik Sange... Jay
Kar Madhye Sukamandalu, Chakra Trishul Dharata,
Jagkarta Jagbharta, Jag Palan Karta…Jay
Brahma Vishnu Sadashiv Janat Aviveka;
Pranav Akshar madhya Ye Tino Eka…Jay
Trigun Swamiki Aarti Jo Koi Nar Gave;
Bhanat Shivanand Swami Manvanchhit Fal Pave…Jay

# ગણપતિજીની આરતી

ગણપતિ પ્યારા, જય ગણપતિ પ્યારા,
વિઘ્ન વિનાયક મૂર્તિ, સુખદાય સારા... જય-૧
જય જય શંભુકુમાર, શોક સદા હરતા,
દેવ વિશેષ વિચક્ષણ, રક્ષણના કર્તા... જય-૨
ગૌરી પુત્ર ગણેશ, વંદુ કર જોડી,
સ્મરણ કરે છે તેનાં, દુઃખ નાખો તોડી... જય-૩
લચપચતા લાડુનું, ભોજન બહુ ભાવે,
આપ બિરાજો છો ત્યાં, સંકટ નવ આવે... જય-૪
સિદ્ધિ બુદ્ધિ બેઉ, શુભ પત્ની સંગે,
શુભ કામે વવિચિરો છો, અતિશય ઉછરંગે... જય-૫
સુરનર મુનિવર સર્વ, સેવે છે તમને,
મંગલકારી મૂર્તિ, આપો સુખ અમને... જય-૬
જય સંકટ હર સુખકર, અરજી ઉર ધરજો,
શરણાગત સેવકનો, અભ્યુદય કરજો... જય-૭

# શ્રી હનુમત્સ્તોત્રમ્

(૧) નીતિપ્રવીણ ! નિગમાગમશાસ્ત્રબુદ્ધે !
રાજા-ધિરાજ રઘુનાયક મન્ત્રિવર્ય !
સિંદુરચર્ચિત કલેવર ! નૈષ્ઠિકેંદ્ર !
શ્રી રામદૂત ! હનુમત્ ! હર સંકટે મેં
(૨) સીતા નિમિત્તજ રઘૂત્તમ ભૂરિકષ્ટ
પ્રોત્સારણૈક્ક સહાય ! હતાસ્ત્રપૌઘ !
નિર્દગ્ધયાતુ પતિહાટક રાજધાને ! શ્રીરામ૦
(૩) દુર્વાર્ય રાવણ વિસર્જિતશક્તિ ધાત
કંઠાસુલક્ષ્મણ સુખાહૃતજીવલ્લે !

## GANAPATIJI NI AARTI

Ganapati Pyara, Jay Ganapati Pyara,
Vidhna Vinayak Murti, Sukhaday Sara …Jay…1
Jay Jay Shambhukumar, Shok Sada Harata,
Dev Vishesh Vichakshan, Rakshan Na Karta…Jay...2
Gauri Putra Ganesh, Vandu Kar Jodi,
Smaran Kare Chhe Tena, Dukh Nakho Todi … Jay…3
Lachapachata Ladunu, Bhojan Bahu Bhave,
Aap Birajo Chho Tyan, Sankat Nav Aave …Jay....4
Siddhi Buddhi Beu, Shubh Patni Sange,
Shubh Kame Vicharo Chho, Atishay Uccharange… Jay....5
Surnar Munivar Sarva, Seve Chhe Tamane,
Mangalakari Murti, Aapo Sukh Amane … Jay....6
Jay Sankat Har Sukhakar, Araji Ur Dharajo,
Sharanagat Sevakno, Abhyuday Karajo … Jay....7

## SHRI HANUMANT STOTRAM

(1) Nitipravin! Nigamagam Shastrabuddhe !
Raja-dhiraj Raghunayak Mantrivarya !
Sindurcharchit Kalevar! Naishthikendra !
Shree Ramdut! Hanuman! Har Sankatme !

(2) Sita Nimitaj, Raghutam Bhurikasht,
Protsaranek Sahay! Hatastra Paudhh !
Nirdagdhayatu, Patihatak Rajadhane, Shree Ram 0

(3) Durvarya Ravan, Visarjitshakti Dhat,
Kantha Sulakshman, Sukhaahrutjivalle!

દ્રોણાચલા નયન નન્દિત રામ પક્ષ ! શ્રીરામ૦

(૪) રામાગમોક્તિતરિ તારિતબંધ્વ યોગ
દુઃખાબ્ધિ મગ્ન ભરતાર્પિતપારિબર્હ !
રામાંઘ્રિપદ્મ મધુપી ભ વદન્તરાત્મન્ ! શ્રીરામ૦

(૫) વાન્નાત્મકેસરિ મહા કપિરાટ્તદીય
ભર્યા જનીન્પુરુતપઃ ફલપુત્રભાવ !
તાર્ક્ષ્યોપમોચિત વપુર્બલ તીવ્રવેગ ! શ્રીરામ૦

(૬) નાનાભિચારિ કવિ સૃષ્ઠ સવીરકૃત્યા
વિદ્રાવણારુણ સમીક્ષણ દુઃપ્રધર્ષ્ય !
રોગઘ્નસત્સુતદવિત્તદ મન્ત્રજાપ ! શ્રીરામ૦

(૭) હનુમાનઃ મારૂ દુઃખ હરો,
યન્નામધેયપદકશ્રુતિમાત્રતોપિ
યે બ્રહ્મરાક્ષસ પિશાચગણાશ્ચ ભૂતાઃ
તે મારિકાશ્ચ સભયં હ્યપયાન્તિ સત્વં શ્રીરામ૦

(૮) ત્વંભક્તમાનસસમિપ્સિત પૂર્તિ શકતો
દીનસ્ય દુર્મદ સપત્નભયાર્તિ ભાજંઃ
ઈષ્ટં મમાપિ પરિપૂરય પૂર્ણકામ ! શ્રીરામ૦

## શ્રી હનુમદષ્ટોત્તરશતનામાવલિઃ

શ્રી હનુમતે નમઃ (૧) વીરાય નમઃ (૨) મહાવીરાય (૩) મહાબલાય૦ (૪) રાવણત્રાસદાક્રોશાય૦ (૫) સીતાશોકવિનાશનય૦ (૬) સુધીરાય૦ (૭) એક્ષકુમારઘ્નાય૦ (૮) રાક્ષસૌઘવિનાશકૃતે નમઃ (૯) લંકાદહનકૃતે નમઃ (૧૦) રામપ્રીતિવિવર્ધનાય નમઃ (૧૧) દાસ્યભક્તિપ્રિયાય૦ (૧૨) ઉર્જસ્વિને નમઃ (૧૩) સંકટભંજનાય૦ (૧૪) મારુતયે૦ (૧૫) ભરતાનંદાય૦ (૧૬) દ્રોણાદિહારકાય૦ (૧૭) સુગ્રીવામાત્યાય૦ (૧૮) સોમિત્રિપ્રાણદાય૦ (૧૯) અવિતવાનરાય

Dronachala Nayan, Nandit Ram Paksha, Shree Ram 0

(4) Ramagamoktitari Taritbandhva Yog,

Dukhabdhi Magna, Bharatarpitaparibarh!

Ramanghripadma Madhupi Bha Vadantaratman! Shre Ram 0

(5) Vannatamakesari, Maha Kapiratratdiy,

Bharya Janinpurutapa: Falaputrabhav!

Tarkshyopamochit, Vapurbal Tivraveg, Shree Ram 0

(6) Nanabhichari Kavi Srushta Savirkrutya

Vidravanarun Samikshan Dupragharshya,

Rogadhnasatsutvitad Mantrajap, Shree Ram 0

(7) Hanuman Maru Dhukh Haro,

Yannamadheypadakashrutimatratopi,

Ye Brahmarakshas, Pishachaganascha Bhuta,

Te Marikasch Sabhayam Hyapayanti Satvam, Shree Ram 0

(8) Tvambhaktamanasamipsit Purti Shakto,

Dinasya Durmada Sapatnabhayarti Bhajam:

Ishtam Mamapi Paripuray Purnakam, Shree Ram 0

## SHREE HANUMANT 108 NAMAVALI

(1) Shri Hanumate Namah: (2) Viray Namah: (3) Mahaviray Namah: (4) Mahabalay Namah: (5) Ravantrasdakrosay Namah: (6) Sitashokvinasay Namah: (7) Sudhiray Namah: (8) Ekshkumaradhnay Namah: (9) Rakshasaughvinaskrute Namah: (10) Lankadahankrute Namah: (11) Rampritivivardhnay Namah: (12) Dasyabhaktipriyay Namah: (13) Urjaswine Namah: (14) Sankatbhanjanay Namah: (15) Marutaye Namah: (16) Bharatananday Namah: (17) Dronadiharkay Namah: (18) Sugrivamatyay Namah: (19) Somitripranday Namah: (20)

(૨૦) રૌદ્રમૂર્તયે નમઃ (૨૧) સૌમ્યમૂર્તયે૦ (૨૨) અમિતપરાક્રમાય૦ (૨૩) નૈષ્ટિકેન્દ્રાય૦ (૨૪) મહાસત્વાય૦ (૨૫)ગ્રહપીડાહારકાય૦ (૨૬) સીતાર્પિતમહાહારાય૦ (૨૭) ચિરાયુષે નમઃ (૨૮) સન્મતયે૦ (૨૯) સુવર્ણવર્ણાય૦ (૩૦)રક્તાક્ષાય૦ (૩૧) રક્ષઃસૈન્યભયંકરાય૦ (૩૨) દ્રોણિશાપભયત્રાતભક્તિધર્માય૦ (૩૩) અંજનીસુતાય૦ (૩૪) કોટરાદ્રાવણાય૦ (૩૫) અનેકભૂતતાડનાય૦ (૩૬) સુવ્રતાય૦ (૩૭) મન્મથદર્પધ્નાય૦ (૩૮) આપન્નાશનાભિધાય૦ (૩૯) ધર્મસંકષ્ટહૃતે૦ (૪૦) ધર્મકુલદેવાય૦ (૪૧) કપીશ્વરાય૦ (૪૨) લત્તાહતપિશાચૌધાય૦ (૪૩) મુષ્ટિતાડિતભૈરવાય૦ (૪૪) હરિકૃષ્ણાવનાય૦ (૪૫) હરિપ્રિયાય૦ (૪૬) સિંદૂરચર્ચિતાય૦ (૪૭) હર્યર્પિતસ્વાદુફલાય૦ (૪૮) હરિસેવનતત્પરાય૦ (૪૯) બ્રહ્માસ્રવરિણાય૦ (૫૦) હરયે નમઃ (૫૧) વર્જાંગાય૦ (૫૨) વૈષ્ણવાય૦ (૫૩) મુષ્ટયાચુધાય૦ (૫૪) મહાવેગાય૦ (૫૫) તાપસાય૦ (૫૬) પાવનયે નમઃ (૫૭) રામનામજપાનંદાય૦ (૫૮) રામદૂતાય૦ (૫૯) મહારવાય૦ (૬૦) દીર્ઘલાંગૂલાય૦ (૬૧) નિષ્પાપાય૦ (૬૨) વાનરયૂથપાય૦ (૬૩) રુદ્રાવતારાય૦ (૬૪) રામાત્મને નમઃ (૬૫) રામવાહનાય૦ (૬૬) રામદશ નમઃ (૬૭) કાલનેમિધ્નાય૦ (૬૮) કામારયે૦ (૬૯) કામદાય૦ (૭૦) રોમશાય૦ (૭૧) વિક્રાંતજલધયે૦ (૭૨) રાવણોદ્યાનભંજનાય૦ (૭૩) દારિદ્રયદુઃખહર્ત્રે નમઃ (૭૪) દેવાય૦ (૭૫) સત્યપ્રિયાય૦ (૭૬) અવ્યયાય૦ (૭૭) અખંડિતબ્રહ્મચર્યાય૦ (૭૮) બ્રહ્મચારિપ્રિયાય૦ (૭૯) પ્રભવે નમઃ (૮૦) અર્કપુષ્પસંપૂજયાય૦ (૮૧) વશવિવર્ધનાય૦ (૮૨) તૈલસ્નાતાય૦ (૮૩) અનંતકીર્તયે૦ (૮૪) કલ્મષનાશનાય૦ (૮૫) શૂરાય૦ (૮૬) રામકથોત્કંઠા૦ (૮૭)

Avitvanaray Namah: (21) Raudramurtaye Namah: (22) Saumyamurtaye Namah: (23) Amitprakramay Namah: (24) Naistikendray Namah: (25) Mahastvay Namah: (26) Grahpidaharkay Namah: (27) Sitarpitmahaharay Namah: (28) Chirayushe Namah: (29) Sanmataye Namah: (30) Suvarnavarnay Namah : (31) Raktakshay Namah : (32) Raksha:sainyabhayankaray Namah: (33) Dronishapbhaytratbhaktidharmach Namah: (34) Anjanisutay Namah: (35) Kotradravanay Namah: (36) Anekbhuttanay Namah: (37) Suvratay Namah: (38) Manmathdarpdhnay Namah: (39) Aapannashanabhidhay Namah: (40) Dharmsankasthute Namah: (41) Dharmkuldevay Namah: (42) Kapishvaray Namah: (43) Latahatpishachaudhay Namah: (44) Musthitaditbhairavay Namah: (45) Harikrishnavanay Namah: (46) Haripriyay Namah: (47) Sindurcharchitay Namah: (48) Hayrpitswadufalay Namah: (49) Harisevantatparay Namah: (50) Brahmastravarinay Namah: (51) Haraye Namah: (52) Varjangay Namah: (53) Vaishvay Namah: (54) Mustyachudhay Namah: (55) Mahavegay Namah: (56) Tapsay Namah: (57) Pavanaye Namah: (58) Ramnamjapananday Namah: (59) Ramdutay Namah: (60) Maryay Namah: (61) Dirghlangulay Namah: (62) Nispapay Namah: (63) Varyuthpay Namah: (64) Rudravataray Namah: (65) Ramatmane Namah: (66) Ramvahanay Namah: (67) Ramdash Namah: (68) Kalnemidhyan Namah: (69) Kamarye Namah: (70) Kamday Namah: (71) Romshay Namah: (72) Vikrantjaldhaye Namah: (73) Ravanodhyanbhanjanay Namah: (74) Daridryadukhhartre Namah : (75) Devay Namah : (76) Satyapriyay Namah: (77) Avyayay Namah: (78) Akhanditbrahmcharyay Namah: (79) Bharmcharipriyay Namah: (80) Prabhave Namah: (81) Arkpuspsampujyay Namah: (82) Vashvivardhnay Namah:

ધર્મસ્થિરાય૦ (૮૮) દયાનિધયે૦ (૮૯) સર્વરોગાપહૃતે નમઃ (૯૦) સર્વશત્રુઘ્નાય૦ (૯૧) સકલાર્તિહૃતે૦ (૯૨) દંષ્ટ્રિત્રાસદાય૦ (૯૩) સપાદિવિષઘ્નાય૦ (૯૪) વિષર્યોજિઝતાય૦ (૯૫) સાધુજનત્રાત્રે નમઃ (૯૬) સજ્જનવલ્લભાય૦ (૯૭) સત્યવાક્યાય૦ (૯૮) સદાશુદ્ધાય૦ (૯૯) મદ્યમાંસાશિભીષણાય૦ (૧૦૦) શનિપીડાહરાય૦ (૧૦૧) શ્રીદાય૦ (૧૦૨) સાધવે નમઃ (૧૦૩) સાધુપ્રિયકરાય૦ (૧૦૪) વરદાય૦ (૧૦૫) અભયદાય૦ (૧૦૬) શ્રીમતે નમઃ (૧૦૭) ભક્તેષ્ટદાયકાય નમઃ (૧૦૮)

ઈતિ શ્રીહનુમદષ્ડોત્રરશતનામાવલિઃ સમાપ્તા

## શ્રીજી બાવની

જય જય સ્વામી સહજાનંદ, આશ્રિતજનને મન આનંદ .... ૧
જય જય શ્રીજી કરૂણાધીશ, તવ ચરણોમાં નામું શીશ .... ૨
કરો કૃપાદષ્ટિ ભગવાન, આપો મુજને ભક્તિ-જ્ઞાન .... ૩
માગું કરજોડી તવપાસ, મુજ હૃદયમાં કરજો વાસ .... ૪
સરજુ કિનારે સુંદર ગામ, નિર્મળ છે છપૈયા ધામ .... ૫
સામવેદી છે વિપ્ર તમામ, જનમ્યા ત્યાં શ્રીજી ઘનશ્યામ .... ૬
છપૈયામાં જન્મ ધરી, ધર્મભક્તિ કુળ પાવન કરી .... ૬
આઠ વર્ષમાં ઉપવીત ધરી, અગિયાર વર્ષે વન વિચરી .... ૮
લોજ પૂરે વસિયા જઈ આપ, હરવા ભક્તોનાં સંતાપ .... ૯
દીક્ષા દીધી રામાનંદ, શુભનામ દઈ સહજાનંદ .... ૧૦
ગઢપુર આવી વસિયા નાથ, ઉત્તમનૃપનો ઝાલ્યો હાથ .... ૧૧
નિજ જનના છો પ્રાણજીવન, તવ ચરણે ગઢપુર પાવન .... ૧૨

(83) Tailstratay Namah: (84) Anantkirtaye Namah: (85) Kalmshnasnaay Namah: (86) Suray Namah: (87) Ramkathotkantha Namah: (88) Dharmsthiray Namah: (89) Dayanidhaye Namah: (90) Sarvarogaphute Namah: (91) Sarvshatrudhnay Namah: (92) Sakalarithyute Namah: (93) Drastirrasday Namah: (94) Sapadivishvidhnay Namah: (95) Vishayorjiztay Namah: (96) Sadhujantratre Namah: (97) Sajjanvallabhay Namah: (98) Satyavakyay Namah: (99) Sadasuddhay Namah: (100) Madhyamansasibhishanay Namah: (101) Shanipidaharaya Namah: (102) Shriday Namah: (103) Sadhave Namah: (104) Sadhupriyakaray Namah: (105) Varday Namah: (106) Abhayday Namah: (107) Shrimate Namah: (108) Bhaktestdaykay Namah:

## SHREEJI BAVNI

Jay Jay Swami Sahjanand, Ashritjanne Man Anand …1

Jay Jay Shreeji Karunadhish, Tav Charanoma Namu Shish…2

Karo Kripadrasti Bhagwan, Aapo Mujne Bhakti-Gyan…3

Magu Karjodi Tavpas, Muj Haridayma Karjo Vaas…4

Saraju Kinare Sundar Gam, Nirmal Chhe Chhapaiya Dham …5

Samvedi Chhe Vipra Tamam, Janmya Tyan Shreeji Ghanshyam …6

Chhpaiyama Jam Dhari, Dharmbhakti Kul Paavan Kari…7

Aath Varshma Upvit Dhari, Agiyar Varshe Van Vichari…8

Loj Pure Vasiya Jai Aap, Harva Bhaktona Santap …9

Diksha Didhi Ramanand, Shubhnam Dai Sahjanand …10

Gadhpur Aavi Vasiya Nath, Uttamrnupno Zalyo Hath …11

Nij Janna Chho Pranjivan, Tav Charane Gadhpur Paavan …12

અનેક યજ્ઞો આપે કર્યા, ભક્તજનોનાં સંકટ હર્યા .... ૧૩
શિક્ષાપત્રી સદ્‌ગ્રંથ કર્યો, વચનામૃતથી સંશય હર્યા .... ૧૪
સ્વામિનારાયણ પ્રગટ્યા આપ, કરવા શાંત ત્રિવિધ તાપ .... ૧૫
શ્રી ઘનશ્યામ તમારું નામ, સહજાનંદજી પૂરણ કામ .... ૧૬
જે મુખે સહજાનંદ ગાય, તેનાં દુઃખો દુર પલાય .... ૧૭
નારાયણ મુનિ શુભ નામ, ભક્તજનોની પૂરે હામ .... ૧૮
હરિકૃષ્ણ હૃદિયામાં ધરે, તેના મનોરથ પૂરણ કરે .... ૧૯
'નીલકંઠ' બ્રહ્મચારી નામ, જપવાથી અંતર આરામ .... ૨૦
'શ્રીજી' 'શ્રીજી' નામ ઉચ્ચાર, સરજુદાસ કરશે ભાવપાર .... ૨૧
રામકૃષ્ણ ચોવીસ અવતાર, તેણે હણિયા અસુર અપાર .... ૨૨
ધર્મ એકાંતિક સ્થાપન કાજ, અવનિ ઉપર પ્રગટ્યા આજ .... ૨૩
અનંત પરચા આપ્યા તમે, ભક્તભેરૂ થયા વિકટ સમે .... ૨૪
રૈવતગિરિ દત્તાત્રેય ધામ, દત્ત ચરણ પર શ્રી ઘનશ્યામ .... ૨૫
ઉભા દત્તરૂપે થઈ આપ, પૂજારી કરીઓ નિષ્પાપ .... ૨૬
નરસૈયાને ચોરે જઈ, રાસમંડલના દર્શન દઈ .... ૨૭
હાટકેશ્વર જીરણગઢ ધામ, શિવ સેવકને દીધા દામ .... ૨૮
રાવણ, કંસ, અસુર તમામ, કામ ક્રોધ લોભના ગુલામ .... ૨૯
એ કામ, ક્રોધને જીત્યા તમે, કર્યા પરમહંસ સૌને ગમે .... ૩૦
ચોવીસ અવતારોનાં રૂપ, ચોવીસ તીર્થંકર સુખ રૂપ .... ૩૧
ચોવીસ પેગંબર રૂપ શ્યામ, તમે દીધાં દર્શન સુખધામ .... ૩૨
કાઠી, કોળી, પરધન હરે, ધાડપાડુના ધંધા કરે .... ૩૩
અફીણ દારૂ મુખથી જમે, તેને માળા આપી તમે .... ૩૪
મહા ચરોતરની મોઝાર, ચોર ચોર તણો સરદાર .... ૩૫

Anek Yagno Aape Karya, Bhaktjanona Sankat Harya ...13

Shikshapatri Sadgranth Karyo, Vachnamritthi Sansay Harya ...14

Swaminarayan Pragatya Aap, Karva Shant Trividh Taap ...15

Shree Ghanshyam Tamaru Nam, Sahjanandji Puran Kam...16

Je Mukhe Sahjanand Gay, Tena Dukho Dur Palay ...17

Narayan Muni Shubh Nam, Bhaktjanoni Pure Ham...18

Harikrishna Hridiyama Dhare, Tena Manorath Puran Kare ...19

'Nilkanth' Brahmchari Nam, Japavathi Antar Aaram ...20

'Shreeji' 'Shreeji' Nam Ucchar, Sarjudas Karse Bhavpaar...21

Ramkrishna Chovis Avatar, Tene Haniya Asur Apar...22

Dharm Ekantik Sthapan Kaj, Avani Upar Pragtya Aaj ...23

Anant Parcha Aapya Tame, Bhaktbheru Thaya Vikat Same ...24

Raivatgiri Datatrey Dham, Datt Charan Par Shree Ghanshyam 25

Ubha Dattrupe Thai Aap, Pujari Kario Nispap ...26

Narsaiyane Chore Jai, Rasmandalna Darshan Dai ...27

Hatkeshwar Jirangadh Dham, Shiv Sevakne Didha Dam ...28

Ravan, Kans, Asur Tamam, Kam Krodh Lobhna Gulam ...29

E Kam, Krodhne Jitya Tame, Karya Paramhamsa Saune Game ...30

Chovis Avatarona Rup, Chovis Tirthankar Sukh Rup ...31

Chovis Pegambar Rup Shyam, Tame Didha Darshan Sukhdham...32

Kathi, Koli, Pardhan Hare, Dhadpaduna Dhandha Kare ...33

Afin Daru Mukhthi Jame, Tene Mala Aapi Tame ...34

Maha Charotarni Mozar, Chor Chor Tano Sardar ...35

જોબન પગીની વાગે હાક, તેને શરણ લઈ કરીઓ પાક .... ૩૬
પાપી જે કરતા પંચ પાપ, તેને તો કીધાં નિષ્પાપ .... ૩૭
દર્શન દઈ જપાવ્યા જાપ, અવતારના અવતારી આપ .... ૩૮
ધર્મ, જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય, ઉપજાવ્યો તેનો અનુરાગ .... ૩૯
જીવ, માયા, ઈશ્વરના રૂપ, બ્રહ્મ અને પરબ્રહ્મ સ્વરૂપ .... ૪૦
તેનું દીધું જ્ઞાન અનુપ, એકાંતિક ધર્મે સુખરૂપ .... ૪૧
આત્મસ્વરૂપ અનુભવ જ્ઞાન, ભલુ કરી દીધું ભગવાન .... ૪૨
વિષ્ણું શિવ બ્રહ્માદિક દેવ, પુરુષોત્તમની કરતા સેવા .... ૪૩
અમે સત્સંગી તમારા બાળ, સદા અમારી લો સંભાળ .... ૪૪
સત્સંગ મંડળ માગે ફરી, તવ ચરણોમાં રાખો હરી .... ૪૫
અલ્પ મતિથી કરું સ્તવન, સ્વીકારી સુખ દ્યો ભગવાન .... ૪૬
છેલ્લી અરજ તમારી પાસ, અક્ષરધામે દેજો વાસ .... ૪૭
માંગુ છું કર જોડી ખાસ, વચન દીઓ મુજ હૃદયે વાસ .... ૪૮
દાસ જાણીને પૂરો હામ, નખશિખ મૂર્તિ શ્રી ઘનશ્યામ .... ૪૯
માગે તીર્થ માધવા નંદ શરણ તમારું સહજાનંદ .... ૫૦
શ્રીજી બાવની જે કોઈ ગાય, સહજાનંદજી કરશે સહાય .... ૫૧
અંતરમાં આનંદ, બોલો સહુ જન સહજાનંદ .... ૫૨

Joban Pagini Vage Hak, Tene Sharan Lai Kario Pak ...36
Papi Je Karta Panch Paap, Tene To Kidha Nishpap ...37
Darshan Dai Japavya Jaap, Avatarna Avatari Aap ...38
Dhrm, Gyan, Bhakti, Vairagya, Upjavyo Teno Anurag ...39
Jiv, Maya, Ishwarna Rup, Brahm and Parbrahm Swarup ...40
Tenu Didhu Gyan Anup, Ekantik Dharme Sukhrup ...41
Atmswarup Anubhav Gyan, Bhalu Kari Didhu Bhagwan ...42
Vishnu Shiv Brahmadik Dev, Purushottamni Karta Seva ...43
Ame Satsangi Tamara Bal, Sada Amari Lo Sambhal ...44
Satsang Mandal Mage Fari, Vat Charanoma Rakho Hari ...45
Aop Matithi Karu Stavan, Swikari Sukh Dyo Bhagwan ...46
Chheli Araj Tamari Paas, Akshardhame Dejo Vaas...47
Mangu Chhu Kar Jodi Khaas, Vachan Dio Muj Hridaye Vaas ...48
Das Janine Puro Ham, Nakhsikh Murti Shree Ghanshyam ...49
Mage Tirth Madhava Nand Sharan Tamaru Sahjanand ...50
Shreeji Bavni Je Koi Gay, Sahjanandji Karse Sahay ...51
Antarma Anand, Bolo Sahu Jan Sahjanand ...52

# શ્રીહરિ સ્થાપિત મૂળ સંપ્રદાયની અન્ય માહિતી

- **સત્સંગી કોને કહેવાય ?**
  જે વંચવર્તમાન પાળતો હોય તથા શ્રીહરિના સ્થાપિત દેવ, આચાર્ય, સંત અને શાસ્ત્રમાં જેને દઢ શ્રધ્ધા હોય તેને સત્સંગી કહેવાય.
- **સત્સંગીઓએ ક્યા અગિયાર નિયમો પાળવા જોઈએ ?**
  જીવ-પ્રાણીની હિંસા ન કરવી, પરસ્ત્રી ત્યાગ, માંસનો આહાર ન કરવો, દારૂ ન પીવો, વિધવાનો સંગ ન કરવો, આત્મઘાત ન કરવો, ચોરી ન કરવી, કોઈને કલંક ન લાગડવું, દેવની નિંદા ન કરવી, અપવિત્ર આહાર ન કરવો અને વિમુખ જીવના મુખેથી હરિકથા ન સાંભળવી.
- **સંપ્રદાયના માન્ય સંત કોને કહેવાય ?**
  શિક્ષાપત્રી પ્રમાણે બન્ને દેશના આચાર્ય દ્વારા જેને દીક્ષા આપવામાં આવી હોય અને શ્રીહરિ સ્થાપિત મહા મંદિરોની સેવામાં અને તેના વિકાસમાં જ પોતાનું જીવન સમર્પિત કરેલ હોય તે જ તે સંપ્રદાયના માન્ય સંત કહેવાય.
- **સંતોને ભાગવતી દીક્ષા કોણ આપી શકે ?**
  શ્રીહરિ સ્થાપિત સંપ્રદાયના ધર્મવંશી આચાર્યશ્રી હોય એ જ સંતોને ભાગવતી દીક્ષા આપી શકે.
- **ક્યા આઠ અંગોથી સાષ્ટાંગ પ્રણામ થાય છે ?**
  પગ, હાથ, ઢીંચણ, હૃદય, મસ્તક, દષ્ટિ, મન અને વાણી.
- **પાકો સત્સંગી કોને કહેવાય ?**
  નિયમ, ભગવાનના સ્વરૂપનો નિશ્ચય અને ભક્તોનો પક્ષ આ ત્રણ વાનાં જેમાં પરિપૂર્ણ હોય તેને પાકો સત્સંગી કહેવાય.
- **વચનામૃતની દષ્ટિએ સંસારી જીવ અને ભક્તમાં શું તફાવત છે?**
  સંસારી જીવ હોય તેને તો કોઈ ધન દેનારો મળે કે દીકરો દેનારો મળે ત્યાં તરત પ્રતીતિ આવે અને ભગવાનના ભક્ત હોય તેને તો જંત્ર-મંત્ર, નાટક વગેરેમાં ક્યાંય પ્રતીતિ આવે જ નહિ. જંત્ર-મંત્રમાં પ્રતીતિ કરે તો તે સત્સંગી હોય તો પણ અર્ધો વિમુખ જાણવો.

✵ **સ્વામિનારાયણ ભગવાને પોતાના ભક્તોને શું બિરૂદ આપ્યું છે?**
"મારા જનને અંતકાળે જરૂર મારે આવવું, બિરુદ મારું એ ન બદલે સર્વ જનને જણાવવું." શ્રીજી મહારાજ ભક્તોને અંત સમયે પોતાના બિરૂદ પ્રમાણે અક્ષરધામમાં લઈ જાય છે.

✵ **વિશિષ્ટદ્વૈત એટલે શું ?**
ચેતન આત્માઓ અને જડ જગત (માયા) એ બે ભગવાનના વિશેષણો છે. આ બે વિશેષણોથી વિશિષ્ટ પરમાત્માનું એકપણું, સર્વોપરિપણું તેનાથી પર કોઈ નથી, તેની સમાન કોઈ નથી એવી માન્યતાવાળો જ્ઞાનમાર્ગ તે વિશિષ્ટાદ્વૈત મત કહેવાય.

**ત્રણ શરીર (૧) સ્થુળ (૨) સૂક્ષ્મ (૩) કારણ**

✵ **સ્થુલ શરીર એટલે શું ?**
પંચીકૃત થયેલાં પંચ મહાભૂતોથી ગોઠવાયેલું, પાપ પૂણ્ય રૂપ કર્મોથી ઉત્પન્ન થયેલું અને સુખ-દુઃખ વગેરેના ભોગના સ્થાનરૂપ જે આ શરીર છે તે સ્થુલ શરીર કહેવાય છે કે જે શરીર ઉત્પન્ન થવા રૂપ ઉત્પન્ન થયા પછી હોવા રૂપ, વધવા રૂપ અને છેવટ નષ્ટ થઈ જવારૂપ છ વિકારોથી યુક્ત છે.

✵ **સૂક્ષ્મ શરીર કોને કહેવાય ?**
એ પંચીકૃત પંચ મહાભૂતોથી ગોઠવાયેલું, પાપ પુણ્ય રૂપ કર્મોના યોગને લીધે અવિદ્યાથી થયેલું અને સુખ-દુઃખ વગેરેના જોગના સાધનરૂપ જે શરીર છે તે સૂક્ષ્મ શરીર અથવા અંતકરણ કે લિંગ શરીર કવેયા છે. એ સુક્ષ્મ શરીર પાંચ પ્રાણાદિકના મનના અને બુદ્ધિના સમુદાય રૂપે રહેલું છે.

✵ **કારણ શરીર એટલે શું ?**
અનિર્વચનીય તથા અનાદિ અવિદ્યા રૂપ સ્થુલ તથા સુક્ષ્મ એ બંને શરીરનાં કારણરૂપ અને નિર્વિકલ્પ (પંચ મહાભૂતાદિક ત્રણે વગરનું) જે પોતાના સ્વરૂપનું અજ્ઞાન છે તે કારણ શરીર કહેવાય છે. એ ત્રણે શરીરોથી ન્યારો છે એમ અનુસંધાન કરવું.

✹ **સાત ચિરંજીવી પુરૂષો :**

(૧) હનુમાનજી (૨) બલિરાજા (૩) વ્યાસ (૪) કૃપાચાર્ય (૫) અશ્વત્થામા (૬) વિભિષમ (૭) પરશુરામ

✹ **અષ્ટ પ્રકારની પ્રતિમા :**

(૧) પાષાણ (૨) કાષ્ટ (૩) ધાતુ (૪) છાપ (૫) ચિત્રામણ (૬) રેતી (૭) મનોમય (૮) મણિયમ

✹ **સોળ સંસ્કાર :**

(૧) ગર્ભાધાન (૨) પુંસવન (૩) સીમન્ત (૪) જાતકર્મ (૫) નામકરમ (૬) નિષ્ક્રમણ (૭) અન્નપ્રાશન (૮) ચૌલકર્મ (૯) કર્ણવેધ (૧૦) ઉપવીત (૧૧) વેદારંભ (૧૨) સમાવર્તન (૧૩) ઉદ્ધસ્નાન (૧૪) વિવાહ (અગ્નિનો પરિગ્રહ) (૧૫) ત્રેતાગ્નિ સંગ્રહ (૧૬) અગ્નિ સંસ્કાર

✹ **ષોડશોપચાર :**

(૧) આવાહન (૨) આસન (૩) પાદ્ય (૪) આચમન (૫) અભિષેક (૬) વસ્ત્રોપવીત (૭) ગંધ (૮) પુષ્પ (૯) ધૂપ (૧૦) દીપ (૧૧) નૈવેદ્ય (૧૨) તાંબુલ (૧૩) દક્ષિણા (૧૪) ફળ (૧૫) આરતી (૧૬) પુષ્પાંજલિ

✹ **ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવાનાં ચાર ઉપાય : ?**

(૧) ચિત્તનો ચોટવાનો સ્વભાવ (૨) શૂરવીરપણું (૩) વૈરાગ્ય (૪) ભય

## ભગવાનને વિષે એક નિષ્ઠા

મને મળ્યા એ જ મારા સાચા હિતકારી કલ્યાણ પ્રદાતા, સેવવા યોગ્ય, પૂજવા યોગ્ય પામવા શ્રી સ્વામિનારાયણ ભગવાન છે.

✹ **સત્સંગીની બે પાંખો**

(૧) આજ્ઞા (૨) ઉપાસના

✹ **બે પ્રકારની ઉપાસના :**

(૧) સગુણ (૨) નિર્ગુણ

✵ **ત્રણ ગુણ :**

(૧) સત્વગુણ (૨) રજોગુણ (૩) તમોગુણ

✵ **ત્રણ અવસ્થા :**

(૧) જાગ્રત (૨) સ્વપ્ન (૩) સુષુપ્તિ

✵ **ત્રણ વાના :**

(૧) નિયમ (૨) નિશ્ચય (૩) પક્ષ

✵ **ત્રણ ઋણ :**

(૧) પિતૃઋણ (૨) વેદઋણ (૩) ગુરૂઋણ

✵ **ત્રણ યોગ :**

(૧) કર્મયોગ (૨) જ્ઞાનયોગ (૩) ભક્તિયોગ

✵ **ત્રણ સાધના :**

(૧) શ્રવણ (૨) મનન (૩) નિદિધ્યાસ (જ્ઞાનપ્રાપ્તિનાં)

## ચાર પ્રકારના ભક્ત

(૧) આર્ત : વિપત્તિ સમયે પુકાર કરનાર

(૨) જિજ્ઞાસુ : પ્રગટની પ્રાપ્તિ અર્થેની સર્વે ક્રિયાઓ અંગે સંપૂર્ણ જાણકારી મેળવવાની ઈચ્છા રાખનાર.

(૩) અર્થાર્થી : કોઈ ચોક્કસ આશયથી ભક્તિ કરનાર (સકામ)

(૪) જ્ઞાની : ભગવાન સંબંધી સર્વે બાબતોનો જાણકાર

## ચાર પ્રકારની મુક્તિ

(૧) સાલોક્ય :- ભગવાનના લોકમાં રહેવું

(૨) સાર્ષ્ટી :- ભગવાનના જેવા ઐશ્વર્ય મેળવવું

(૩) સામીપ્ય :- ભગવાનની સમીપે રહેવું

(૪) સારૂપ્ય :- ભગવાનના જેવું રૂપ પામવું.

## યાચના વાક્ય

હે મહારાજ ! મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીના જેવી મને સત્સંગની સમજણ આપો. હે સ્વામી ! મુળજી બ્રહ્મચારી તથા વાસુદેવાનંદ બ્રહ્મચારીના જેવું નિષ્કામિપણું મને આપો. હે સ્વામી ! નિષ્કુળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી અને રઘુનાથાનંદ સ્વામી જેવો વૈરાગ્ય મને આપો. હે સ્વામી ! ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીના જેવું ઉત્તમ જ્ઞાન મને આપો. હે પ્રભો ! તમારા ભક્તોનો મને અખંડ સમાગમ આપો. હે હરિકૃષ્ણ મહારાજ ! મને જાગ્રતામાં તથા સ્વપ્નમાં નિરંતર તમે દર્શન આપો. હે સ્વામી ! તમારા વાસ્તે લોકોમાં મારું વગોણું થાવો. હે મહારાજ ! તમારો કહીને લોકો મને બોલાવે. હે પ્રભો ! આ ને આ દેહે મારી સર્વ કસર મટાડીને, મને તમારા ધામમાં લઈ જાવ.

હે કૃપાસિંધો ! હે શરણાગતપ્રતિપાલક ! કુડાપંથી શક્તિપંથી, શુષ્કવેદાંતી અને નાસ્તિક આ ચાર પ્રકારના કુસંગીથી મારી રક્ષા કરજો. તેનો કોઈ દિવસ સંગ થાશો નહિ. હે મહારાજ ! કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા અને દેહાભિમાન એ આદિક અંતઃશત્રુ થકી મારી રક્ષા કરજો. નિત્ય તમારા એકાંતિક ભક્તોનો સમાગમ દેજો. હે હરિકૃષ્ણ મહારાજ ! મારી અલ્પ બુદ્ધિની પ્રાર્થનાને સાંભળી મારા ઉપર સંપૂર્ણ કૃપા કરો. તમે મારા અંતરમાં વસો.

હે સ્વામિનારાયણ ! હે મા ને બાપ ! હે મહારાજ ! હું તમારો છું અને તમો મારા છો, હે સ્વામી ! હે દેવાધિદેવ ! હે સ્વામી સહજાનંદજી, હું તમારા દાસનો પણ દાસ છું.

## પૂજા વિધિ

પ્રાતઃ કાળમાં વહેલા ઉઠવાથી બળ, બુદ્ધિ અને આયુષ્ય વધે છે. દરેક મનુષ્યે રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં સૂઈ જવું જોઈએ અને સૂર્યોદય પહેલાં બે કલાક વહેલા ઉઠવું જોઈએ.

પ્રથમ તો પોતાના આત્માને ત્રણ દેહથી વિલક્ષણ સત્તારૂપ માનીને આત્માને બ્રહ્મરૂપ ભવાના કરી, તે આત્માને વિષે મુક્ત મંડળ સહિત દિવ્ય

મૂર્તિ શ્રીહરિનું ધ્યાન ધરવું તેમજ પરમાત્મા અને મુક્તોના નામનું સંકીર્તન પ્રેમથી કરવું.

## શારીરિક શૌચ વિધિ

મળત્યાગ કર્યા પછી શું મૃત્તિકા તથા જળથી ડાબો હાથ દશ વખત ધોવો અને બંને હાથ ભેગા કરી સાત વખત ધોવા. પગના તળીયા મૃત્તિકા અને જળથી ત્રણ વખતે ધોવા. હાથપગ ધોવાની મૃત્તિકા અપવિત્ર હાથ વડે ગ્રહણ ન કરવી. કોઈના હાથપગ ધોતા વધેલા મૃત્તિકા લઈને હાથપગ ધોવા નહિં.

## દંતધાવન વિધિ

જળથી દાતણ ધોઈને એક સ્થાનમાં બેસીને દાતણ કરવું પરંતુ હરતા ફરતા ન કરવું. સંજોગોવશાત્ ક્યારેક દાતણ ન મળે તો તથા ઉપવાસના દિવસે દાતણ ન કરવું, પણ જળના (૧૨) કોગળા કરી મુખની શુધ્ધી કરવી. ઉલ ઉતારીને દાંતણના ચીરિયાને ધોઈને ફેંકી દેવા.

## સ્નાન વિધિ

પ્રાતઃ કાળમાં સ્નાન કર્યા વિના મનુષ્ય સૂતકી મટતો નથી. પ્રાતઃકાળમાં સ્નાન કરે ત્યારે તે મનુષ્ય દેવનું પૂજન તથા પિતૃ સંબંધી શ્રાધ્ધ તર્પણાદિક કર્મ કરવાને અધિકારી થાય છે. હંમેશા ઠંડા જળથી જ સશક્ત મનુષ્યોએ સ્નાન કરવું.

સ્નાન કરતી વખતે ભગવત-સ્મરણ આદર પૂર્વક કરવું, સ્નાન કર્યા પછી ધોયેલું વસ્ત્ર પહેરવું અને બીજું એક ઓઢવું. ઓઢવાના વસ્ત્ર રહિત પૂજા ન કરવી તથા પેન્ટ-શર્ટ પહેરીને પણ પૂજા ન કરવી.

## પૂજા વિધિ

ભગવાનની સેવા-પૂજા કરવા માટે શુદ્ધ કરેલી પૃથ્વી પર પાથરેલું ને સારી પેઠે બેસાય એવા આસન ઉપર પૂર્વ મુખે અથવા ઉત્તર મુખે બેસવું. દર્ભાસન, મૃગચર્માસન, ઉનનું આસન એ આસનો શ્રેષ્ઠ કહેલા છે. આસન વગર ભૂમિ પર બેસવાથી યથાર્થ ફળ મળતું નથી. જેમ સ્નાન વડે શરીરનું શુદ્ધિ થાય છે તેમ આચમન વડે પ્રાણની શુદ્ધિ થાય છે.

## આચમન વિધિ

જમણા હાથનો અંગુઠો જમણી મધ્યમાં આંગળીના મધ્ય પર્વ ઉપર રાખીને અને જમણા હાથની હથેળીમાં જળ લઈને, ડાબો હાથ હથેળીને તળે અડકાવીને ત્રણ વખત આચમન કરવું.

પહેલા આચમન સમયે : ૐ નારાયણાય નમઃ

બીજા આચમન સમયે : ૐ વાસુદેવાય નમઃ

ત્રીજા આચમન સમયે : ૐ વિષ્ણવે નમઃ

આ ત્રણ મંત્રો બોલી ત્રણ વાર આચમન કવું. આચમન કર્યા બાદ શુદ્ધ જળથી હાથ ધોઈ નાખવા. તે પછી શિખાબંધન કરવું.

## તિલક ચાંદલો

સત્સંગી પુરૂષોએ ઉર્ધ્વપુડ્ર તિલક અને ચાંદલો કરવો. વિધવા સ્ત્રીઓએ ચાદંલો કે તિલક કાંઈ પણ ન કરવું. સધવા સ્ત્રીઓએ કુમકુમનો ચાદંલો લલાટમાં કરવો.

સત્ શુદ્રોએ તિલક-ચાંદલો લલાટમાં કરવો અને અસત્ શુદ્રોએ લાલટમાં કેવળ ચાંદલો જ કરવો. લલાટમાં તિલક કરતી વખતે **ૐ વાસુદેવાય નમઃ** બોલવું, હૃદયમાં તિલક કરતી વખતે **ૐ સંકર્ષણાય નમઃ** બોલવું, જમણા હાથમાં તિલક કરતી વખતે **ૐ પ્રદ્યુમ્નાય નમઃ** બોલવું અને ડાબા હાથમાં તિલક કરતી વખતે **ૐ અનિરુદ્ધાય નમઃ** બોલવું. આ નામો ઉચ્ચારણ કરીને તિલક કરવું. **તિલક કર્યા વિના પૂજનાદિક કરે તો તે વ્યર્થ જાય છે.** તિલક ગોપીચંદન અથવા ચંદન વડે કરવું, તેના મધ્યમાં કુમકુમનો ચાંદલો કરવો. ત્યાર પછી એના એજ વૈષ્ણવ મંત્રો વડે ફરીથી ત્રણવાર આચમન કરવું. તિલક ચાંદલો કર્યા પછી માનસી પૂજા કરવી. પૂજન કરતી વખતે નીચે પ્રમાણે આવાહન મંત્ર બોલવો.

### આહ્વાહન મંત્ર

ઉતિષ્ટોત્તિષ્ટ હે નાથ, સ્વામિનારાયણ પ્રભો ।
ધર્મસૂનો દયાસિંઘો, સ્વેષાંશ્રેયઃ પરં કુરુ ॥૧॥
ઉતિષ્ટોત્તિષ્ટ ગોવિન્દ, ઉત્તિષ ગરૂડધ્વજ ।
ઉતિષ્ઠ કમલાકાન્ત, ત્રૈલોક્યં મંગલં કુરુ ॥૨॥

આગચ્છ ભગવન્ દેવ, સ્વસ્થાનાત્પરમેશ્વર ।

અહં પૂજા કરિષ્યામિ, સદા ત્વં સન્મુખોભવ ॥

ઉપરના મંત્રો વડે ભગવાનનું પટ મૂર્તિઓમાં આવાહન કરવું. પછી પોતાના નિયમાનુસાર અષ્ટાક્ષર મંત્ર (આચાર્ય મહારાજશ્રીએ આપેલા મંત્ર) નો જપ કરવો. <u>**પૂજા કરતી વખતે કોઈ સાથે વાત ન કરવી.**</u> જપમાળા ફેરવવી (શ્રી સ્વામિનારાયણ મંત્ર બોલવો) પછી જપ માળા એક પગે ઉભા રહીને ફેરવવી. પછી પ્રદક્ષિણાઓ કરવી. પછી આઠ અંગ સહિત દંડવત્ પ્રણામ ઓછામાં ઓછા ૬ કરવા. પછી ભગવાનની પ્રાર્તના નીચે મુજબ કરવી.

અપરાધસહસ્રાણિ કિયંતેડર્હનિશં મયા ।

દાસોડયમિતિ માં મત્વા ક્ષમસ્વ પુરુષોત્તમ ॥

**શરણં મંત્ર :-**

**कालामायापापकर्मयमदूत भयादहम् ।**

**श्रीकृष्णदेवं शरनं प्रपन्नोऽस्मि स पातु माम ॥**

**અષ્ટાક્ષર મંત્ર :**

(આચાર્ય મહારાજ થકી અપાતા મહામંત્રો)

**श्रीकृष्ण त्वं गर्तिर्मम ।**

**ब्रह्माहं कृष्मदासोऽस्मि ॥**

ઉપરના મંત્ર બોલી પૂજાની સમાપ્તિ બાદ શિક્ષાપત્રીનો પાઠ કરવો. પછીથી મંદિરમાં જઈને દેવ-દર્શન અને ભક્ત-દર્શન કરવા. પછી પોતાનું વ્યવહારિક કામકાજ કરવું.

# માનસી પૂજાની વિધિ

માનસી પૂજા કરવાનો હેતુ એ છે કે, ભગવાનમાં પ્રીતિ થાય, મનની સ્થિરતા વિના માનસી પૂજા થઈ શકતી નથી માટે મનને સ્થિર કરવા પ્રથમ આત્મવિચાર કરવો જે, સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહથી નોખો ચૈતન્ય રૂપ જે આત્મા, તે મારૂં સ્વરૂપ છે, કહેતા હું અક્ષરબ્રહ્મ છું. અને મારે વિષે પુરૂષોત્તમ નારાયણ અખંડ વિરાજમાન છે. આ પ્રમાણે પોતાના આત્માને અક્ષરબ્રહ્મની સાથે ભાવના કરીને, મને કરીને કલ્પેલાં જળ, ચંદન, વસ્ત્ર, આભૂષણ, પુષ્પ, ફળ વિગેરે પદાર્થોથી ભગવાનની માનસી પૂજા કરવી.

### પ્રાતઃ કાળની પહેલી માનસી પૂજા

પ્રથમ પોતાના આત્માને વિષે મુક્ત મંડળ સહિત દિવ્યમૂર્તિ શ્રીહરિનું ધ્યાન કરવું. શ્રીહરિ પલંગમાં પોઢેલા છે એમ ભાવના કરી, પ્રાર્થના કરીને જગાડવા. ત્યારપછી મનુષ્યલીલાના સ્મરણ માટે ભગવાનને શૌચદંતધાવનાદિ ક્રિયા કરવી, ઋતુ અનુસાર ઘણા જળથી સ્નાન કરાવવું. ત્યારબાદ ઋતુ અનુસાર શ્રીજીના દરેક અંગમાં યથા યોગ્ય વસ્ત્ર તથા અલંકાર ધારણ કરાવવા. ત્યારબાદ ઋતુ અનુસાર ચંદનાદિ ઉપચારોથી શ્રીજીની પૂજા કરવી. ઋતુ પ્રમાણે પુષ્પના હાર ધરાવવા ત્યાર પછી પોતાને મનભાવતાં ભોજન ભગવાનને ધરાવવા, સાકર, કેશર, કસ્તુરી, બદામ વગેરેથી યુક્ત ઉકાળેલ દૂધ તથા મગજ, જલેબી, અડદીયા, પુરી વગેરે પકવાન શ્રીજીને જમાડવા, જળપાન કરાવી મુખવાસ અર્પણ કરી આરતી ઉતારી, પ્રદક્ષિણા દંડવત પ્રણામ, સ્તુતિ આદિક કરીને શ્રીહરિને મળવું. ત્યાર પછી પ્રસાદીનાં ભોજન જમાડવા, મને પણ શ્રીહરિએ પ્રસાદ આપ્યો તે હું જમ્યો. એવી ભાવના કરવી. શ્રીહરિ મારા આત્મામાં વિરાજમાન છે અને હું તેમની સેવામાં છું એમ ભાવના કરવી.

## જમતી વખતની બીજી માનસી પૂજા

ભોજન કરાવતી વખતે પોતાના આત્મામાં વિરાજી રહેલા શ્રીહરિનું ચિંતવન કરી, શ્રીહરિને પીતાંબર આદિક સમયને અનુકુળ વેષ ધારણ કરાવવો પછી બાસુંદી, દૂધપાક, શીખંડ, પુરી, શીરો, કંસાર, બિરંજ, માલપુવા, સેવો, મોહનથાળ આદિક વિવિધ પ્રકારના શાક, અથાણા, ભાત, દાળ આદિક ચાર પ્રકારના ભોજનો, સુવર્ણના થાળમાં ધારણ કરી તે થાળ સુવર્ણના બાજોટ પર ધારણ કરવો અને ત્યાર પછી તે ભોજનના થાળ સન્મુખ શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુને બેસવા માટે એક સુવર્ણનો બાજોઠ મુકીને તેના પર કસુંબલ આસન પાથરીને શ્રીહરિને ભોજન કરવા પ્રાર્થના કરવી. ‘‘હે મહારાજ, હે ભક્તવત્સલ, હે ધર્મધુરંધર ! સર્વ પ્રકારનાં ભોજનો મેં તૈયાર કરેલ છે. માટે આપ કૃપાળુ જમવા પધારો એમ પ્રાર્થના કરીને શ્રીજીને સુવર્ણ બાજોઠ પર બેસાડીને ચંદન અક્ષત પુષ્પાદિથી પૂજવા પછી સુવર્ણના થાળમાં રહેલા ભક્ષ્ય, ભોજ્ય, લેહ, ચોષ્યાદિ ચારે પ્રકારના ભોજનો શ્રીજીને જમાડવા. ત્યાર પછી જમીને તૃપ્ત થયેલા જાણીને આચમન સહિત જલપાન કરાવીને મુખવાસ અર્પણ કરી આરતી ઉતારી પ્રદક્ષિણા દંડવત સ્તુતિ આદિક કરી, શ્રીહરિને મળવું. ત્યાર પછી શ્રીહરિએ મને પણ પ્રસાદ આપ્યો છે એવી ભાવના કરવી અને મુક્ત મંડળ સહિત શ્રીહરિને અક્ષરધામ રૂપ પોતાના આત્મામાં સુંદર પલંગ પર પોઢાડવા, અને હું શ્રીજીના ચરણાર્વિંદની સેવામાં છું. એવી ભાવના કરવી.

## ઉત્થાપન સમયની ત્રીજી માનસી પૂજા

ચાર વાગે ઉત્થાપન સમયે પહેલાંની જેમ ભાવના કરીને, શ્રીહરિને જગાડવા ‘‘હે મહારાજ, ઉઠવાનો સમય થયો છે માટે આપ જાગૃત થાઓ.’’ એમ પ્રાર્થના કરીને પછી જાગ્રત થયેલા શ્રીહરિનું સુગંધીમાન પુષ્પોના હાર તોરા ગુચ્છ ગજરા બાજુબંધ વગેરેથી પૂજન કરવું. ત્યારબાદ દ્રાક્ષ, કેરી, દાડમ, પપૈયું, જાંબુ, નારંગી, કાજુ આદિ સુકો-લીલો મેવો જમાડી જલપાન કરાવી મુખવાસ અર્પણ કરી પ્રસાદીના ઉપચારોથી મુક્તોનું

પૂજન કરવું. અને પ્રસાદીના ફળો તેમને જમાડવાં. શ્રીહરિએ મને પણ પ્રસાદ આપ્યો તે હું જમ્યો અને શ્રીહરિ મુક્ત મંડળ સહિત અક્ષરધામરૂપી મારા આત્મામાં વિરાજમાન છે એવી ભાવના કરવી.

## સાયંકાળની ચોથી માનસી પૂજા

સંધ્યા સમયે પહેલાંની પેઠે બ્રહ્મસ્વરૂપની ભાવના કરીને, મહારાજાધિરાજની શોભાથી યુક્ત અનેક કોટિ મુક્તોએ સેવેલા શ્રીહરિકૃષ્ણ મહારાજનું ચિંતવન કરીને ત્યાર પછી ભારે વસ્ત્ર, અલંકાર, પુષ્પોના હારાદિક ઉતારીને સૂક્ષ્મ કોમળ ઘાટાં વસ્ત્ર પહેરીને બેઠેલા શ્રીહરિનું ચંદનાદિ ઉપચારોથી પૂજન કરીને શ્રીજીને ખીચડી, કઢી, પાપડ, અથાણા, શાક, વડાં આદિક સામગ્રી સહિત શીરો, પુરી, ભજીયાં ને દૂધ ભાત આદિક ભોજનો જમાડી જલપાન કરાવવું ત્યાર પછી મુખવાસ અર્પણ કરવો. પછી શ્રીહરિને સુંદર સિંહાસન પર વિરાજમાન કરીને આરતી ઉતારીને ધૂન, સ્તુતિ, પ્રદક્ષિણા દંડવત પ્રણામ કરવા ત્યાર પછી પ્રસાદીના ઉપચારોથી મુક્તોનું પૂજન કરીને પ્રસાદીના ભોજનો જમાડી, જલ પાન કરાવી મુખવાસ આપવો. પછી મને પણ શ્રીજીએ પ્રસાદ આપ્યો તે હું જમ્યો અને શ્રીહરિ મુક્ત મંડળ સહિત મોટી સભામાં દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાનછે. અને હું તેમની સેવામાં છું. એવી ભાવના કરવી.

## રાત્રીની પાંચમી માનસી પૂજા

શયન આરતી સમયે શ્રીહરિનું ચંદનાદિક ઉપચારોથી પૂજન કરી સાકર સહિત ઉકાળેલ દૂધનું પાન કરાવી એલચી, સોપારી, કાથો, ચુનો એ આદિકે યુક્ત નાગરવેલનું પાન મુખવાસ માટે અર્પણ કરવું. પછી આરતી ધૂન, સ્તુતિ, પ્રદક્ષિણા, દંડવત વગેરે કરીને શ્રીહરિને મળવું. પછી પ્રસાદીના ઉપચારોથી મુક્તોનું પૂજન કરી પ્રસાદીનું દૂધપાન કરાવી, જલપાન કરાવી મુખવાસ આપવો અને મને પણ શ્રીહરિએ પ્રસાદ આપ્યો ને હું જમ્યો એવી ભાવના કરવી પછી શ્રીજીને અક્ષરધામરૂપ પોતાના આત્મામાં પ્રેમરૂપી પલંગ ઉપર અથવા તો સુંદર, કોમળ, મખમલનું ગાદલું, ગાલ મસુરીયા,

ઓશીકું, ઓછાડ, મચ્છરદાની આદિક સામગ્રીથી યુક્ત સુંદર પલંગ ઉપર શયન કરાવવું, સર્વે મુક્તો પણ શ્રીજીના ધ્યાનમાં નિમગ્ન છે અને હું શ્રીહરિના ચરણ દબાવવા એ આદિક સેવા કરતાં તેમના મુખનું દર્શન કરૂં છું. આવી ભાવના કરી પૂજાની સમાપ્તિ કરવી. ઉપર મુજબ પાંચે માનસી પૂજા કરવી.

માનસી પૂજા કરતી વખતે પ્રથમ પોતાને વિષે બ્રહ્મસ્વરૂપની ભાવના કર્યા પછી જે સમયની માનસી પૂજા કરવાનો પ્રારંભ કરવો હોય તેથી પહેલાની માનસી પૂજા વખતે ભગવાનને કેવા વસ્ત્ર અલંકારાદિક ધારણ કરાવીને બિરાજમાન કર્યા હતા અથવા કેવી રીતે પોઢાડ્યા હતા તે સર્વ અનુસંધાન રાખી તે પ્રમાણે જ તે સ્વરૂપનું ચિંતવન કરીને ત્યાર પછી યથા સમયે માનસિક પૂજા કરવાની શરૂઆત કરવી.

આ પ્રમાણે ભક્તજને હંમેશા પાંચ વખત જુદી જુદી માનસિક પૂજાઓ અતિ શ્રદ્ધાએ કરીને પ્રેમપૂર્વક કરવી. જે ભક્તજનો પોતાના ધર્મ નિયમમાં સાવધાન પણે વર્તી ઉપર કહ્યા પ્રમાણે પ્રેમપૂર્વક માનસી પૂજા કરશે તેનો શ્રીજીને વિષે અતિશય સ્નેહ વૃદ્ધિ પામશે.

## વચનામૃત

**સંવત ૧૮૭૬ના માગશર સુદી ૧૧ એકાદશીને દિવસે શ્રીજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

પછી શ્રીજી મહરાજ બોલ્યા જે, "ઈન્દ્રિયોની જે ક્રિયા છે તેને જો શ્રીકૃષ્ણ ભગવાન અને તેના ભકતની સેવાને વિષે રાખે તો અંતઃકરણ શુદ્ધ થાય છે, અને અનંત કાળનાં જે પાપ જીવને વળગ્યાં છે તેનો નાશ થઈ જાય છે. અને જો ઈન્દ્રિયોની વૃત્તિઓને સ્ત્રી આદિકના વિષયમાં પ્રવર્તાવે છે તો એનું અંતઃકરણ ભ્રષ્ટ થાય છે અને કલ્યાણના માર્ગ થકી પડી જાય છે. માટે શાસ્ત્રમાં જેવી રીતે વિષય ભોગવ્યાનું કહ્યું છે તેવી રીતે નિયમમાં રહીને વિષયને ભોગવવા પણ શાસ્ત્રની મર્યાદાને ઉલ્લંધન કરીને ભોગવવા નહિ. અને સાધુનો સંગ રાખવો અને કુસંગનો ત્યાગ કરવો અને જ્યારે એ કુસંગનો ત્યાગ કરીને સાધુનો સંગ કરે છે, ત્યારે એને દેહને વિષે જે અહંબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને દેહના સંબંધીને વિષે જે મમત્વબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે; અને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ થાય છે અને ભગવાન વિના અન્યને વિષે વેરાગ્ય થાય છે."

પછી તેને તે દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદાખાચરના દરબારમાં લીંમડાની સામા ગોખમાં વિરાજતા હતા અને દિવસ પ્હોર એક ચઢ્યો હતો અને લીંમડા હેઠે પરમહંસની સભા બેઠી હતી, અને ગૃહસ્થ સત્સંગી પણ બેઠા હતા અને સાંખ્યયોગી, કર્મયોગી બાયુંની પણ સભા હતી. તે સમયને વિષે શ્રીજી મહારાજ એમ બોલ્યા જે, "હે પરમહંસો ! જેને જે અંગની અતિશે દ્રઢતા હોય તે સર્વે પોતપોતાના અંગની વાત કરો, અને જે

અંગ કાચુંપોચું જણાતુ હોય તો તે અંગની વાત કરશો મા અને તે દૃઢ અંગની વિગતી જે જેને ભગવાનના સ્વરૂપનો અતિ દૃઢ નિશ્ચય હોય તો તે અંગની વાત કરજો ને જેને આત્મજ્ઞાનનું અતિ બળ હોય તો તે અંગની વાત કરજો. જે હું તો દેહ નથી, ને આત્મા છું અને વળી જેને નિર્લોભી તથા નિષ્કામી તથા નિઃસ્પૃહી તથા નિઃસ્વાદી તથા નિર્માની એ પંચવર્તમાનમાં જે જે અંગની અતિ દૃઢતા હોય તે તે અંગની સર્વે વાત કહો.''

પછી તો શ્રીજી મહારાજ પોતે પ્રસન્ન થઈને બોલ્યા જે, ''પ્રથમ તો અમે અમારા અંગની વાત કરીએ. પછી તમે તમારા અંગની વાત કરજો'' એમ કહીને પછી શ્રીજી મહારાજ એમ બોલ્યા જે, ''શ્રીનરનારાયણના પ્રતાપ થકી અમને એવું વર્તે છે જે હું આત્મા છું, અછેદ્ય છું, અભેદ્ય છું, સચ્ચિદાનંદ છુ અને અમારી જે મોટપ છે તે તો સ્વસ્વરૂપનો પ્રકાશ તથા શ્રીનરનારાયણની ઉપાસના તે વડે છે, પણ ભારે ભારે વસ્ત્ર તથા અમૂલ્ય-આભૂષણ તથા રથ, પાલખી, હાથી ઘોડા તેની જે અસવારી તે વડે કરીને મોટપ નથી અને જગતનાં સર્વે માણસ અને જગતના સર્વે રાજા સત્સંગી થઈને હાથ જોડીને ઊભા રહે તે વડે કરીને પણ અમારે મોટાઈ નથી અને આ સત્સંગી સર્વે છે તે વિમુખ થઈ જાય અને મુને કોઈ માને નહિ અને પહેરવાને વસ્ત્ર અને રહેવાની જગ્યા ન મળે તેણે કરીને અમારી હીણપ થતી નથી. અમારી મોટપ તો શ્રીનરનારાયણની ઉપાસના વડે કરીને હું બ્રહ્મ છું, હું આત્મા છું એવી રીતની જે મારી મોટપ તે તો હું મૂકવાને ઈચ્છું અથવા બીજા કોઈ બ્રહ્માદિક જેવા છે તે મુકાવવાને ઈચ્છે તોય પણ અમારી મોટપ ટળે નહિ. અને અમારે શ્રીનરનારાયણની ઉપાસના છે તે પોતાનું જે બ્રહ્મરૂપ તેને વિષે પરબ્રહ્મ ને પરમાત્મા એવા જે શ્રીનરનારાયણ તેમની સાકાર મૂર્તિ તેની ઉપાસના છે. તે કોઈ પોતાને અનુભવે કરીને કહે અથવા શાસ્ત્રે

કરીને કહે, જે પરબ્રહ્મ, જે પુરુષોત્તમ તે આકારે રહિત છે તો તે વાત અમને મનાય નહીં કાં જે તે પુરુષોત્તમની કૃપા થકી એ પુરુષોત્તમનું સાકાર સ્વરૂપ તેને હું પ્રત્યક્ષ દેખું છું અને અમારા હૃદયમાં એમ સમજાય છે જે પરબ્રહ્મ એવા જે પુરુષોત્તમ તેને આકારે રહિત કહે છે, તેને પરમેશ્વરની વાત પણ સમજાતી નથી ને તેને તે સ્વરૂપનું દર્શન પણ નથી અને તે શાસ્ત્રને સમજી જાણતા નથી. અને શાસ્ત્રમાં જે ભગવાનનું નિરાકાર સ્વરૂપ કહ્યું છે, તે તો માયિક આકારને ખોટા કરવાને અર્થે કહ્યું છે. કાં જે ભગવાનની મૂર્તિને વિષે માયિક જે પંચભૂત તથા દશ ઈન્દ્રિયો તથા ચાર અંતઃકરણ તે પ્રાકૃત જીવના જેવાં નથી. માટે શાસ્ત્રે નિરાકાર કહ્યાં છે. અને ભગવાનને અલૌકિક આકાર તો છે ખરો. જો ભગવાનને નેત્ર છે તો નેત્રે કરીને પુરુષદ્વારે માયા સામું જુએ છે ત્યારે તે માયામાંથી અનંતકોટિ બ્રહ્માંડ ઉત્પન્ન થાય છે. તે બ્રહ્માંડોને વિષે બ્રહ્માદિક દેવ અનંતકોટિ ઉત્પન્ન થાય છે અને બ્રહ્માંડમાં સરજ્યા એવા જે સ્થાવર, જંગમ જીવ, એ સર્વે ઉત્પન્ન થાય છે. માટે ભગવાનને નેત્ર પણ છે અને જે દહાડે સ્થાવર, જંગમ સૃષ્ટિ સર્વેનો નાશ થાય છે, ને મહા પ્રલય થાય છે, ત્યારે એક જ પુરુષોત્તમ રહે છે. તે દહાડે વેદ આવીને ભગવાનની સ્તુતિ કરે છે. તે સ્તુતિને સાંભળીને ભગવાન વિશ્વને સરજે છે. તો ભગવાનને કાન પણ છે. એવી રીતે ચૌદે ઈન્દ્રિયો છે પણ અલૌકિક છે, અને મન વાણીથી પર છે, અને રામ કૃષ્ણાદિક રૂપે કરીને જીવના કલ્યાણને અર્થે પ્રવર્તે છે. ત્યારે અતિશે દયા કરીને જીવને દૃષ્ટિગોચર થાય છે, ને એમ ધારે છે જે હું દૃષ્ટિગોચર નહિ થાઉ તો જીવ મારું ધ્યાન તથા સ્મરણ, પૂજન અર્ચનાદિક શી રીતે કરશે ? માટે જ્ઞાની, અજ્ઞાની સર્વેને પ્રત્યક્ષ જણાય એવા થાય છે. પણ ભગવાન તો જેવા છે તેવા ને તેવા જ છે, ને જીવને દૃષ્ટિગોચર થયા માટે કાંઈ માયિક એવાં જે દેહ અને ઈન્દ્રિયો યુક્ત નથી. માટે જે ભગવાનને નિરાકાર

કહે છે તે અમને કોઈ કાળે મનાય નહિ. અને તે શ્રીનરનારાયણની ઉપાસનાને પ્રતાપે કરીને આ બ્રહ્માંડનું રાજ્ય આવે અને બ્રહ્માંડમાં જેટલી દેવાંગના આદિ સ્ત્રીઓ છે તે સર્વે આવીને સેવામાં હાજર ઊભી રહે અને જેટલાં બ્રહ્માંડમાં સારાં પદાર્થ છે તે સર્વે લાવીને હાજર કરે તો પણ એ સર્વે મળીને અમને મોહ પમાડવા સમર્થ નથી. અને ધારીએ જે અમો મોહ પામીને એમાં બંધાઈએ તો પણ કોઈ રીતે અમારે બંધન જ થાય નહિ, એવી અમારે ઈષ્ટદેવની કૃપાયે કરીને સ્વસ્વરૂપની દૃઢતા છે. અને કોઈને દીકરો દેવો, કે કોઈને દ્રવ્ય દેવું કે મુવાને જીવતો કરવો, કે કોઈને મારવો એ તો અમને નથી આવડતું. પણ જીવનું જે રીતે કલ્યાણ થાય અને જીવને ભગવાનના ધામમાં પહોંચાડવો તે તો અમને આવડે છે. અને હવે તો અમે વધુ નહિ કહીએ, ને જો બોલીએ તો બોલતાં બોલતાં વધુ બોલાઈ જવાય.'' એવાં વચન કહીને સુંદર શરદઋતુના કમલ સરખાં નેત્રે કરીને સર્વ પરંમહંસ સામું જોઈને હસતે મુખે સંતો પ્રત્યે બોલ્યા જે, ''હે સંતો! હવે તમે તમારા અંગની વાત કહો.''

પછી પોતે એમ બોલ્યા જે અમો ને તમો એક અંગવાળા છીએ. માટે અમારા અંગમાં તમારો ભાગ છે. માટે અમે કહ્યું તે રીતે સર્વે દૃઢ નિશ્ચય રાખજો. એવી રીતે શ્રીજી મહારાજે પોતાનું અંગ કહી દેખાડ્યું તે ભક્તજનને અર્થે છે અને પોતે તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે. ઈતિ વચનામૃતમ્ ગઢડા પ્રથમ ॥ ૮ ॥

**સંવત ૧૮૭૬ના માઘ સુદી ૧૩ તેરશને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની આગળ લિંબડાના વૃક્ષની હેઠે, ઓટા મધ્યે ઢોલિયા ઉપર આથમણે મુખારવિંદે સંધ્યા સમે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર પહેર્યા હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની**

**સભા ભરાઈને બેઠી હતી અને પોતાના મુખારવિંદની આગળ બે મશાલું બળતી હતી. અને શ્રી વાસુદેવ નારાયણની સંધ્યા આરતી તથા નારાયણ ધૂન્ય થઈ રહી.**

તે કેડે શ્રીજીમહારાજ બોલ્યા, જે “સર્વે સાવધાન થઈને સાંભળો, એક વાર્તા કરીએ છીએ.” ત્યારે સર્વે મુનિ તથા હરિભક્ત બોલ્યા જે “હે મહારાજ ! કહો.” પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “એ અમારી આજ્ઞા છે જે, હરિભક્ત માત્રને શ્રીનરનારાયણની મૂર્તિ કાગળમાં લખાવી દઈશું, તે પૂજજો, અને એ પૂજા સર્વે શાસ્ત્રે કરીને પ્રમાણ છે અને શ્રીમદ્ ભાગવતને વિષે પણ અષ્ટ પ્રકારની મૂર્તિ કહી છે. માટે ચિત્ર મૂર્તિ પણ અતિ પ્રમાણ છે અને અમારી આજ્ઞા પણ છે. માટે હરિભક્ત માત્રને પ્રાતઃ કાળમાં સ્નાન કરીને શ્રીનરનારાયણની પૂજા કરવી અને પૂજા કર્યા પછી પ્રદક્ષિણા કરવી અને સાષ્ટાંગ પ્રણામ કરવા, પછી ભગવાન પાસે એમ માગવું, જે ‘હે મહારાજ ! અમારી કુસંગ થકી રક્ષા કરજ્યો.’ તે કુસંગ ચાર પ્રકારનો છે. એક તો કુડા પંથી, બીજો શક્તિ પંથી, ત્રીજો શુષ્ક વેદાંતી અને ચોથો નાસ્તિક, એ ચાર પ્રકારનો કુસંગ છે. તેમાં જો કુડા પંથીનો સંગ થાય તો, વર્તમાનમાંથી ચુકાડીને ભ્રષ્ટ કરે અને જો શક્તિ પંથીનો, સંગ થાય તો દારૂ, માંસ ખવરાવીને સ્વધર્મ થકી ભ્રષ્ટ કરે અને જો શુષ્ક વેદાંતીનો સંગ થાય તો આકાર માત્ર ખોટા કરે અને ભગવાનનાં ધામ તથા ભગવાનની મૂર્તિઓને ખોટી કરી દેખાડે અને ભગવાનની ભક્તિ ને ઉપાસના થકી ભ્રષ્ટ કરે અને જો નાસ્તિકનો સંગ થાય તો કર્મને જ સાચાં કરીને પરમેશ્વર એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેમને ખોટા કરી દેખાડે અને અનાદિ સચ્છાસ્ત્રના માર્ગ થકી ભ્રષ્ટ કરે. માટે ભગવાનની પાસે માગવું જે એ ચાર પ્રકારના માણસનો કોઈ દિવસ સંગ થશો નહિ. અને વળી એમ પ્રાર્થના કરવી જે ‘હે મહારાજ! કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા અને દેહાભિમાન એ આદિક જે અંતઃશત્રુ તે થકી રક્ષા કરજો,

અને નિત્યે તમારા ભક્તનો સમાગમ દેજો' એવી રીતે નિત્યે ભગવાનની પ્રાર્થના કરવી.

અને તમે સર્વે હરિભક્ત એમ મનમાં લાવશો માં, જે એ તો કાગળ ઉપર ચિત્રામણ છે તે આપણી કેમ કુસંગ થકી રક્ષા કરશે ? એવો ભાવ તો કોઈ દહાડો લાવશો જ મા. કાં જે અમે તો સત્પુરુષ છીએ તે અમારી આજ્ઞા એ કરીને તમે સર્વે નરનારાયણની પૂજા રાખશો તો અમારે અને નરનારાયણને તો સુધો મનમેળાપ છે. તે અમે નરનારાયણને કહીશું જે હે મહારાજ ! જે પંચ વર્તમાનમાં રહીને અમારી આપેલ જે તમારી મૂર્તિ તેને પૂજે તેમાં તમે અખંડ વાસ કરીને રહેજો. માટે એ નર નારાયણ દેવ છે તેને અમે સ્નેહરૂપી પાશે બાંધીને જોરાવરી રાખીશું માટે તમે સર્વે એમ નિશ્ચે જાણજો જે એ મૂર્તિ તે નરનારાયણદેવ પંડે જ છે એવું જાણીને કોઈ દહાડો મૂર્તિ અપૂજ રહેવા દેશોમા અને પ્રાતઃકાળમાં સ્નાન કરીને ભગવાનની પૂજા કરવી અને પછી બીજો ધંધો કરવો અને જ્યાં સુધી પંચ વર્તમાનમાં રહીને એ નરનારાયણ દેવની પૂજા કરશો ત્યાં સુધીએ મૂર્તિને વિષે શ્રીનરનારાયણ વિરાજમાન રહેશે. એ અમારી આજ્ઞા છે તે સર્વે દૃઢ કરીને માનજો.'' એવી રીતે શ્રીજી મહારાજ બોલ્યા તે વચન સર્વે હરિભક્તે માથે ચડાવ્યાં. ઈતિ વચનામૃતમ્ ગઢડા પ્રથમ ॥ ૪૮॥

# કષ્ટભંજનદેવ શ્રીવીરહનુમાનજી મહારાજ અસારવા

મારુતિનંદન શ્રીહનુમાનજી આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણના કુળદેવ છે, સર્વવતારી સર્વોપરી ભગવાનશ્રી સ્વામિનારાયણે શ્રીશિક્ષાપત્રીમાં પોતાના આશ્રિત માત્રને હનુમાનજીની પૂજા અને મંત્ર જપ કરવાની આજ્ઞા કરેલ છે. કોઇ પણ આપત્કાળ આવી પડે તો હનુમાનજીના મંત્રનો આશ્રય લેવો પણ બીજા કોઇ શુદ્રદેવતાના મંત્રનો આશ્રય લેવો નહી તેવી સ્પષ્ટ આજ્ઞા છે. ધર્મકુલના તો વિશેષે કરીને કુળદેવ હોવાથી તેમની સર્વપ્રકારે રક્ષા કરવાની જવાબદારી શ્રીહરિએ હનુમાનજીને સોંપેલ છે. અને ધર્મકુલના જે આશ્રિત થાય તેમની પણ સર્વપ્રકારે રક્ષા હનુમાનજી કરે અને તેમના બધાજ પ્રકારના દુઃખો અને કષ્ટો દૂર કરીને તેમની ભક્તિ ઉપાસના કરવામાં સહાય કરે છે.

શ્રીસ્વામિનારાયણ ભગવાનના પુત્ર આદિ આચાર્ય મહારાજશ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીને ધ્યાનનું અંગ હતું . દરરોજ સવારે નિત્ય પૂજાકરીને પછી પાંચ કલાક ધ્યન કરવા બેસતાં . ધ્યાન એવું કરતાં કે તેમાં દેહાધ્યાસ ને છોડીને ઈષ્ટદેવ પરમેશ્વર પરબ્રહ્મ પરમાત્મા સર્વાવતારી શ્રીહરિના સ્વરુપમાં તલ્લીન થઇ જતાં . શારીરિક દુઃખ ચિંતા ઉપાધિથી વિગેરેથી પર થઈને બ્રહ્માનંદના આનંદમાં નિમગ્ન થઈને ભગવાનશ્રીસ્વામિનારાયણ સાથે એકતા સ્થાપિત કરીલેવાનું નામજ ધ્યાન છે, તેવું ધ્યાન તેઓશ્રી કાયમ કરતાં અને તે જ તેઓશ્રીના જીવનમાં એક માત્ર લક્ષ્ય હતું . એવા ધ્યાન નિષ્ઠ પોતાના જ પુત્ર આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને તેઓશ્રીની ઉંચ સ્થિતિ જોઈને ભગવાન શ્રી હરિ પૂજામાં કાયમ પ્રત્યક્ષ દર્શન આપીને તેઓશ્રીની સેવા અંગીકાર કરતાં. તેઓશ્રીએ અર્પણ કરેલ પૂજન અર્ચન સ્વહસ્તે હમેંશા સ્વીકાર કરતાં થાળ જમતાં અને તેનો દિવ્ય મહાપ્રસાદ દાદશ્રીને હમેંશા આપતાં . આવો દિવ્ય મહાપ્રસાદ પ્રાપ્ત કરવા દાદાશ્રીની પૂજા પૂર્ણ થાય તેની પ્રતિક્ષા કરતાં મોટા મોટા નંદ સંતો અને ભક્તો રાહ જોઈને બેસી રહેતાં આવી હતી દાદાશ્રીની પૂજા કરવાની રીત અને ભગવાનશ્રીસ્વામિનારાયણ

સાથેની એકતા.

આદિ આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના જીવનમાં બનેલી કેટલીક દિવ્ય ચમત્કારીક ઘટનાઓમાંથી એક અતિ મહત્વની અને તેઓશ્રીના વ્યક્તિત્વમાં ચાર ચાંદ લગાવે તેવી એક ઘટના વિષે આપણે અત્રે વાત કરીશું . શું હતી તે દિવસની ઘટના કેવી રીતે તે બનાવ બન્યો આનાથી જગતને અને આપણને શું મળ્યું અને તેનાથી આપણે જીવનમાં શું શિખીને કેવું અનુસંધાન સૌએ રાખવું જોઈએ તે પણ જાણવા મળશે.

વાત એમ હતી ચોમાસાના વરસાદી દિવસો ઠંડુ શિતળ વાતાવરણ સર્વત્ર છવાઈ ગયેલ હતું તેવા આનંદદાયક સમયમાં સવારે નિત્ય પૂજા પૂર્ણ કરીને આદિ આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી પોતાના નિવાસ સ્થાન શ્રીસ્વામિનારાયણ વાડી અસારવામાં જ્યાં પોતાનું નિવાસ સ્થાન હતું ત્યાં મંદિર ના નિવાસ સ્થાને હવેલીનું બાંધ કામ ચાલતુ હતું તે દરમ્યાન વિશેષ સમય અસારવા શ્રીસ્વામિનારાયણ વાડીના બંગલામાં જ નિવાસ કરતાં હતાં . એક દિવસની વાત છે , નિત્ય ક્રમ પ્રમાણે સવારમાં વહેલાં સ્નાન પૂજાથી પરવારીને દાદજી પોતાની ટેવ પ્રમાણે ધ્યાન કરવા પદ્માસન વાળીને વિરાજમાન થયા છે. બે એક કલાક વિત્યાં હશે ત્યાં એક પાર્ષદ દાદાના દર્શન કરવા આવ્યા અને જોયું કે ઠંડો પવન વાય છે અને દાદાશ્રી તો કેવળ પાતળો ખેસ ઓઢીને જ ધ્યાનમાં વિરાજે છે. તેને વિચાર આવ્યો કે લાવ્યને દાદાજીને ઠંડી ન લાગે તે માટે આ પડેલી શાલ ઓઢાડી દઉં આ વિચારનો તેણે તત્કાળ અમલ કર્યો અને દર્શન કરીને નિકળી ગયો . પરંતુ આ શાલમાં ઠંડીથી બચવા માટે મોટો વિંછી આવીને ભરાઈ પડ્યો હતો . થોડી વારમાં તેને અકળામણ થવા માંડી તેથી આમ તેમ ફરવા માંડ્યો પણ બહાર નિકળવાની જગ્યા ન મળતાં તેના સ્વભાવ પ્રમાણે વિંછીએ તો દાદાશ્રીના બરડામાં ભયંકર જેરી પાંચ સાત દંશ મારી દીધા. દાદાશ્રીના શરીરમાં જેરી દંશથી લાલ લાલ મોટા ચકામા પડી ગયા પણ જ્યાં સુધી ધ્યાનમાં બેઠા છે ત્યાં સુધી

તો કાંઇ ખબર જ ન પડી પરંતુ ધ્યાનનો સમય પુરો થતાં જ શરીર માં બળતરાં થવા માંડી ત્યારે પાર્ષદને શાલ ઉતારીને આપી અને કહ્યું કે જુવો તો ખરા આમાં કાંઈક જીવ જંતુ લાગે છે. જ્યાં જોયું ત્યાં તો તેમાંથી મોટો જેરીલો વિંછી નિકળ્યો . આ જોતાં જ શાલ ઓઢડ નારા પાર્ષદ તો ભયભીત થઈ ગયા .અને પોતે ગયા સેવા કરવા અને આ ભયાનક કુસેવા થઈ મોટો અપરાધ થયો છે તેમ જાણી તેના દિલમાં ભારે દુઃખ થયું અને રડવા માંડ્યું , માફી માંગવા સાથે અપરાધની ક્ષમા માંગવાનું શરુ કર્યું ત્યારે ઉદાર મૂર્તિ દાદાશ્રી કહેવા લાગ્યા કે પાર્ષદજી તમારો આશય તો શુભ જ હતોને માટે તેમાં તમારો કોઇ દોષ કે વાંક ગુનો નથી માટે દુઃખી થવાની કોઇ જરુર નથી આતો શરીરનો ધર્મ છે. તે આ નાશવંત શરીર ને તેટલું કષ્ટ લખ્યું હશે તે થયું . પરંતુ પાર્ષદને એટલું બધું લાગી આવ્યું કે તેણે ખાધા પીધા વગર જ આખો દિવસ વિતાવી દિધો .સાંજના સમયે અન્ય પાર્ષદે પૂજ્ય દાદાશ્રીને આ વાતની જાણ કરી ત્યારે દાદાશ્રીએ તેને બોલાવીને કહ્યું જો હવે મારા શરીરે પણ વિષનો પ્રભાવ જરાય નથી માટે ચિંતા કર્યા વિના આતો ભગવાનની મરજી છે તેમ સમજીને ભોજન કરીને ફરીથી સેવામાં લાગી જાવ આમ કહેવા છતાં પાર્ષદના હ્રદયમાં દુઃખ ઓછું ન થયું ત્યારે દાદાશ્રીએ સૌને કહ્યું કે અમારી રક્ષા કરવાની જવાબદારી તો આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે અમારા કુળ દેવ હનુમાનજીને સોંપેલ છે. માટે અમને જે કષ્ટ પડ્યું તેમાં તમારા કોઈનો જ કોઇ પણ પ્રકારનો દોષ નથી. આ બધી જ વાત હનુમાનજીની છે , માટે હું તેમને જ કહું છું અને હનુમાનજી મહારાજનું સ્મરણ કરતાં જ ચિરંજીવી એવા મારુતિનંદન વીર મૂદ્રામાં હનુમાનજી મહારાજ પ્રગટ થયા , એટલે પૂજ્ય દાદાશ્રીએ તેમને જ પુછ્યું કે અમને આટલું વિછીનાં દંસનું કષ્ટ પડ્યું અને આ પાર્ષદ આટલાં બધા દુઃખી થયા છે . તો તમોએ અમારી રક્ષા કેમ ન કરી . ત્યારે હનુમાનજી મહારાજ બોલ્યા કે મહારાજશ્રી આપને જ્યારે વિંછી દંશ થયો ત્યારે હું અહીં હાજર ન હતો . તેથી આપને આવું કષ્ટ પડ્યું . જો હું અહીં જ હોત તો કોઇ પણ પ્રકારનું

કષ્ટ પડવા ન દેત . બસ આ જ વાત દાદાશ્રી સ્વીકારી લીધી અને હનુમાનજી મહારાજને જાણ કરી કે હવેથી તમારે અહીંથી ક્યાંય જવું જ નહીં સદા અહીં જ હાજર રહેવું . આ વાત હનુમાનજી મહારાજે સહર્ષ સ્વીકારી લીધી અને વચન આપ્યું કે હવેથી હું અહીં જ હાજર રહીને આપ સૌ ની અને આ જગાયાની સર્વ પ્રકારે રક્ષા કરીશ . બસ ત્યારથી હનુમાનજી મહારાજ દાદાશ્રીના વચનમાં બંધાઈને રહ્યા છે. તે બંધન ક્યારેય ન છુટે તે માટે આ શ્રીસ્વામિનારાયણ વાડી અસારવામાં જ્યાં કુવો છે. ત્યાં શ્રીસ્વામિનારાયણ ભગાવાન વારંવાર પધારીને સ્નાન કરતાં હતાં તે કુવાના મહાપ્રસાદિના થાળાના મોટા પથ્થરમા ંથી હનુમાનજી મહારાજની પુરા કદની વીર મુદ્રા વાળી સુંદર મુર્તિ બનાવરાવીને તેની બેડીમાં બાંધીને શ્રીસ્વામિનારાયણ ભગવાનના પુત્ર આદિ આચાર્ય શ્રી અયોધ્યપ્રસાદજી મહારાજે આ વાડીમાં જ પ્રાણ પ્રતિષ્ઠા કરી છે. પ્રતિષ્ઠાના સમયે આહ્વાન કર્યું ત્યારે શ્રીહનુમાનજી મહારાજ પ્રત્યક્ષ પ્રગટ થયા અને સૌને અને પૂજ્ય દાદાશ્રીને ઉદ્દેશીને કહ્યું કે આપતો સ્વયં મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણના પુત્ર છો, તેથી આપના બંધનમાં હું આવ્યો છું , કારણ કે પ્રભુ શ્રીરામાવતારમાં પ્રગટ્યાં હતાં ત્યારે તેમના પુત્ર રુપે જન્મેલાં એવા લવ અને કુશે મને બાંધ્યો હતો . અને આ યુગમાં આપશ્રીના બંધનથી હું બંધાણો છું . મારા ઈષ્ટદેવ પરમેશ્વર પરમાત્માના પુત્ર વિના મને બાંધવાની કોઈનીય તાકાત કે શક્તિ નથી કે મને બાંધી શકે . માટે હવેથી હું અહીં જ કાયમ હાજર રહીને સર્વને કષ્ટ અને દુઃખોથી છોડાવીને તેમના બધા જ મનોરથો પૂર્ણ કરીશ આ મરું વચન છે તેમાં કોઈ ફેર નહીં પડવા દઉં .

ત્યારથી આરંભીને આજ દિન સુધી શ્રીહનુમાનજી મહારાજ આ શ્રી સ્વામિનારાયણ વાડી અસારવામાં સતત હાજરા હજુર વિરાજમાન છે , અને આવનારા દરેક દર્શનાર્થીઓના બધાજ પ્રકારના મનોરથો પૂર્ણ કરે છે. આવા ચમત્કારી પ્રસંગના કારણેજ ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી અને સમગ્ર ધર્મકુળના કુળદેવ એવા શ્રીસ્વામિનારાયણ વાડી અસારવામાં

વિરાજતાં હનુમાનજી મહારાજના દર્શન કરવા આવવાની સૌને ઘણી જ પ્રબળ ઈચ્છા રહ્યાકરે છે. અને જે ભક્તો અહીં આવીને કોઈ પણ પ્રકારની બાધા કે માનતા રાખે છે તેમની મનોકામના તત્કાળ પુરી થાય છે. ભૂત પ્રેત કે અન્ય કોઈ જાતના મંત્ર તંત્ર કે કામણ ટુમણ ની કોઈ પણ જાતની ઉપાધી હોય અને આ વીરહનુમાનજી મહારાજના દર્શન કરે અને બધુંજ શાંત થઈ જાય છે આ પ્રત્યક્ષ દર્શનાર્થીઓનો કેટલાયનો સ્વાનુભવ છે. તે જાણવા મળે છે.

વિષેશમાં આપણા સંપ્રદાયના હૃદય સમ્રાટ સાક્ષાત શ્રીસ્વામિનારાયણ ભગવાનના અપર સ્વરુપ એવા પરમપૂજ્ય મોટા મહારાજશ્રી દર શનિવારે પોતાના દાદાશ્રીએ સ્થાપન કરેલ અને પોતાના જ કુળદેવ એવા આ હનુમાનજી મહારાજના દર્શન અને પૂજન કરવા અવશ્ય પધારીને અચુક રીતે સવારે બરોબર પોણા નવ વાગ્યે પધારીને સૌ ને સુખ આપે છે. આરતી અને પૂજનના દર્શનનો દિવ્ય લાભ આપે છે.

વર્તમાન સમયે આ ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીના નિવાસ સ્થાન અને જન્મ સ્થાન એવી આ શ્રીસ્વામિનારાયણ વાડી અસારવામાં શ્રીનરનારાયણદેવની સંપૂર્ણ માલીકીનું શ્રી સહજાનંદ ગુરુકુળ ચાલે છે. જેમાં નર્સરી ,જુનિયર કેજી , સિનિયર કેજી અને ધોરણ ૧ થી ૧૨ સુધીના સત્સંગીઓના બાળકો સારા સંસ્કાર સાથે ઉચ્ચ શિક્ષણ મેળવીને સાચા અર્થમાં સહજાનંદી સિંહ જેવા સત્સંગીઓ તૈયાર થાય છે. આવી રીતે ૩૦૦ , બાળકો રહીને સંસ્કાર યુક્ત વિદ્યાભ્યાસ કરે છે અને હનુમાનજી મહારાજની સુરક્ષાથી સુરક્ષીત રહે છે .

ભારતીય સંસ્કૃતિમાં ગૌ માતાનું વિશેષ મહત્વ છે અને ભગવાનશ્રીસ્વામિનારાયણ અને ભગવાનશ્રીકૃષ્ણએ પણ સ્વયં ગૌ ચરણ લીલા કરીને સૌને તેનું અનુસરણ કરવા પ્રેરણા આપેલ છે . ગાય માતાના શરીરમાં તેત્રીસ કરોડ દેવોનો વાસ છે . તેમ પણ હિન્દુ ધર્મમાં પ્રસિદ્ધ છે . એવી પવિત્ર ગાયોની સેવાનો યજ્ઞ પણ આ પવિત્ર સ્થળે હમેંશા થાય તે માટે સુંદર ગૌ શાળાનું પણ નિર્માણ કરેલ છે.